
Tuesday, 24 February 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક




गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૨ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલે સીપીસીબીના ચેરમેનને

# વાપી વિસ્તારના ઔદ્યોગિક એકમો દ્વારા ઓકાતા પ્રદૂષણની ટેકનિકલ અને તથ્યાત્મક માહિતી સાથેનું સુપ્રત કરેલું આવેદનપત્ર



**દમણને ઔદ્યોગિક પ્રદૂષણથી મુક્ત કરવાના ઉદ્દેશ માટે સાંસદ ઉમેશભાઈ પટેલે પ્રદૂષણ ફેલાવતા ઔદ્યોગિક એકમો સામે ઠોસ કાર્યવાહી કરવા પણ સીપીસીબીના ચેરમેન વીર વિક્રમ યાદવ સમક્ષ કરેલી ધારદાર રજુઆત**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૩**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે નવી દિલ્હી ખાતે કેન્દ્રિય નિયંત્રણ પ્રદૂષણ બોર્ડ (સીપીસીબી)ના ચેરમેન શ્રી વીર વિક્રમ યાદવની ઔપચારિક મુલાકાત કરી વાપી તથા તેની આજુબાજુના ઔદ્યોગિક એકમો દ્વારા દમણ સહિત આસપાસના વિસ્તારોમાં ફેલાઈ રહેલ ગંભીર ઔદ્યોગિક પ્રદૂષણના સંબંધમાં એક વિસ્તૃત ટેકનિકલ અને તથ્યાત્મક માહિતી સાથેનું આવેદનપત્ર સોંપી તાત્કાલિક યોગ્ય પગલાં ભરવા રજુઆત કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે સી.પી.સી.બી.ના ચેરમેન શ્રી વીર વિક્રમ યાદવને વાપી-દમણ ઔદ્યોગિક કોરિડોર લાંબા સમયથી દેશના સૌથી વધુ પ્રદૂષિત ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં સામેલ રહ્યા હોવાની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ ઔદ્યોગિક વસાહત લાંબા સમયથી સૌથી વધુ પ્રદૂષિત ક્ષેત્રમાં સામેલ હોવા છતાં વર્ષોથી કરવામાં આવેલ નિરીક્ષણ રિપોર્ટોમાં ગંભીર નિરંતર ઉલ્લંઘન થવા છતાં પણ તેના સુધારા માટે કોઈ અમલીકરણ કાર્યવાહી નહીં કરવામાં આવી રહી છે તે ચિંતાનો વિષય હોવાનું પણ જણાવ્યું હતું. તેમણે સતત ૧૪ સંયુક્ત નિરીક્ષણ રિપોર્ટોમાં કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(સીઈટીપી)ની નિષ્ફળતા નોંધાવા છતાં કોઈપણ પ્રકારની નિર્ણાયક કાર્યવાહી નહિ કરાવાના કારણે તેની પર્યાવરણ, માનવ આરોગ્ય અને ઔદ્યોગિક શ્રમિકોની સુરક્ષા અને પ્રાણીજીવન ઉપર ગંભીર સંકટ ઉભું થયું હોવાની લાગણી પણ પ્રગટ થઈ હતી.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે રિયલ ટાઈમ પ્રદૂષણ નિરીક્ષણ પ્રણાલીનો અભાવ, PM2.5 (સૂક્ષ્મ કણો) અને VOCs (અસ્થિર કાર્બનિક સંયોજનો) જેવા ખતરનાક પ્રદૂષણના વૈજ્ઞાનિક નિરીક્ષણમાં કમી, માટી અને ભૂ-જળ પ્રદૂષણ માટે રાષ્ટ્રીય માપદંડની અનઉપસ્થિતિ તથા શ્રમિક આરોગ્ય નિરીક્ષણ તંત્ર નહિ હોવા જેવી ગંભીર બાબતોની વિસ્તારથી રજુઆત પણ કરી હતી.

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે સી.પી.સી.બી.ના ચેરમેન સમક્ષ વાપી-દમણ ક્ષેત્રમાં તાત્કાલિક પ્રદૂષણ ઓકતા ઉદ્યોગો સામે ચાંપતા પગલાં ભરવા, કોમ્પ્રેહેન્સિવ એન્વાયરોમેન્ટલ પોલ્યુશન ઈન્ડેક્ષ(સીઈપીઆઈ)નું પુનઃ મૂલ્યાંકન કરવા, અદ્યતન નિરીક્ષણ પ્રણાલીના અમલીકરણ માટે તથા જન આરોગ્ય પ્રભાવની અસરને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પણ માંગણી કરી હતી અને વાપી સહિત આજુબાજુ વિસ્તારના જે પણ ઔદ્યોગિક એકમો પ્રદૂષણ ફેલાવા માટે કસૂરવાર ઠરે તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવા પણ માંગણી કરી હતી.

અત્રે યાદ રહે કે, દમણને ઔદ્યોગિક પ્રદૂષણથી મુક્ત કરવાના ઉદ્દેશ માટે સાંસદ શ્રી ઉમેશભાઈ બાબુભાઈ પટેલ નિરંતર અને સતત પ્રયાસરત બનતા તેમણે તાજેતરમાં ભારત સરકારના પર્યાવરણ વન અને જલવાયુ મંત્રાલયના રાજ્યમંત્રી સાથે પણ મુલાકાત કરી પ્રદેશની લાગણી પ્રગટ કરી હતી.

# દાનહની ટુફરોપેસ કંપનીના કામદારો અને કોન્ટ્રાક્ટરને હપ્તાવસૂલીની ધમકી આપનાર મસાટના સરપંચ શૈલેષ પટેલ તથા નિલેશ પટેલ સહિત તેમના સાગરિતો વિરૂદ્ધ પોલીસે નોંધેલો ગુનો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૩**

દાદરા નગર હવેલીના મસાટની ટુફરોપેસ કંપનીના કામદાર અને કોન્ટ્રાક્ટરને અસામાજિક તત્ત્વો દ્વારા હપ્તા વસૂલી અંગે ધમકી આપવાની ફરિયાદ કંપની મેનેજમેન્ટે સેલવાસ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈ આરોપીઓ વિરૂદ્ધ એફ.આઈ.આર. નોંધી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મસાટ પંચાયતના સરપંચ શૈલેષ પટેલે તેમના પદ અને રાજકીય પ્રભાવનો ઉપયોગ કરી સ્થાનિક કામદારો અને કોન્ટ્રાક્ટર તથા કંપની મેનેજરને રાત્રિના ૧૧:૦૦ વાગ્યાના સુમારે કંપનીમાં કામ કરી રૂમ ઉપર જતા હતા તે વખતે ફોન કરીને ગેરકાયદેસર હપ્તાવસૂલીની ધમકી આપી હતી.

અનિલ બાબુરામ દીક્ષિતે સેલવાસ પોલીસ મથકમાં નોંધાવેલ પોલીસ ફરિયાદ મુજબ ''હું ડોકમરડી ધ કોર્ટ યાર્ડ, બંગલો નંબર ૩૮માં રહું છું અને હું મૂળ ઔરિયા, ઉત્તરપ્રદેશનો રહેવાસી છું. છેલ્લા ત્રણ વર્ષથી દાનહના સેલવાસ નજીક મસાટ ગામ ખાતે આવેલ ટુફરોપેસ પ્રા.લિ.કંપનીમાં રેસોસેર્સ પ્રા.લિ.ના નામે લેબર કોન્ટ્રાક્ટ તરીકે છેલ્લા ત્રણ વર્ષથી કામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું.'' આ ટુફરોપેસ પ્રા.લિ.કંપનીમાં મેનેજર તરીકે મુનેશ્વરનાથ મોદી છે. જેઓ કંપનીમાં કામદારોની દેખરેખ રાખે છે, તથા તેઓને શિફ્ટ પ્રમાણે કામની વહેંચણીનું કામ સુપરવાઝઈર તરીકે રોહિત શર્મા કરે છે.

તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યા સુમારે સુપરવાઈઝર રોહિત શર્માનો ફરિયાદી ઉપર ફોન આવ્યો અને જણાવ્યું કે, તા.૧૮.૦૨.૨૦૨૬ના રાત્રિના ૧૧:૦૦ વાગ્યે કંપનીમાંથી સેકન્ડ શિફ્ટના કામદારોની છૂટી થઈ તેઓ પોતપોતાના રૂમ ઉપર જતા હતા, તે વખતે અંદાજે ૧૫ થી ૨૦ કામદારોને મસાટ કેનબરા કંપનીની સામે ગોપલાની કરીયાણાની દુકાન પાસે અંદાજે ૮ થી ૧૦ જેટલા અજાણ્યા ઈસમોએ તેમને રોકીને ધમકાવી રહ્યા હતા અને જણાવી રહ્યા હતા કે, ''કલ સે કંપની વર્કર ઔર કોન્ટ્રાક્ટ વર્કર કંપની ડ્યુટી પર નહિ જાયેંગે જબ તક આપકે કંપનીવાલો સે યા કોન્ટ્રાક્ટ વાલો સે હમે કામ સેટિંગ નહિ હોતા, નહિ તો મારેંગે.'' જેથી મેં (કોન્ટ્રાક્ટર) કંપની મેનેજર મુનેશ્વરનાથ મોદીને આ બાબતની જાણ કરતા તેઓએ પણ મને જણાવેલ કે મને કંપની મેનેજમેન્ટ તરફથી જાણવા મળેલ છે. જેથી તા.૧૮.૦૨.૨૦૨૬ના રોજ ટુફરોપેસ પ્રા.લિ.કંપનીમાં સેન્ડ શિફ્ટવાળા કોન્ટ્રાક્ટરવાળા તથા કંપનીના કામદારો ડરી ગયા હોવાથી જેઓએ ફરજ ઉપર આવવાની ના પાડી હતી. તેથી કંપની મેનેજમેન્ટ દ્વારા કામદારોને સમજાવીને કંપનીમાં કામ કરવા આવ્યા હતા.

કંપની મેનેજર મુનેશ્વરનાથ મોદીના જણાવ્યા પ્રમાણે ગત તા.૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારા મોબાઈલ પર મિસકોલ આવતા તેને ફરી ફોન કરતા તેનું નામ પૂછતા નિલેશ પટેલ બોલું છું અને મસાટના સરપંચ શૈલેષ પટેલ સાથે વાત કરો એમ જણાવતા તેમની સાથે વાત કરતા શૈલેષ પટેલે જણાવ્યું હતું કે, તમે મને મસાટ પંચાયત પર મળવા આવો જેથી મેં મળવાની ના પાડી હતી. જેથી શૈલેષ પટેલે જણાવેલ કે મારી સાથે મળીને હપ્તો નહિ આપશો તો તમારો કોન્ટ્રાક્ટ કંપનીમાંથી બંધ કરાવી દઈશ અને તમારા માણસોને પણ કંપનીમાં કામ ઉપર નહિ લાગવા દઈશું, એમ જણાવી ફોન કટ કર્યો હતો. ત્યારબાદ શૈલેષ પટેલ સાથે કોઈ વાત નહિ થયેલ નહીં. ત્યારબાદ નિલેશ પટેલ અને શૈલેષ પટેલ મળી એમના ૧૦ થી ૧૦ અજાણ્યા ઈસમો કંપની પાસે મોકલાવી હપ્તા વસૂલી માટે કોન્ટ્રાક્ટવાળા અને કંપનીના કામદારોને કંપનીમાં કામ કરવા જતા અટકાવીને કામ નહીં કરવા જવા માટે ધમકાવતા જેઓ વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ મસાટની ટુફરોપેસ કંપનીના મેનેજર મુનેશ્વરનાથ મોદીએ સેલવાસ પોલીસ મથકમાં નોંધાવી હતી. ફરિયાદના આધારે સેલવાસ પોલીસે આરોપીઓ (૧)શૈલેષ પટેલ અને (૨)નિલેશ પટેલ તથા અન્યો વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા એક્ટ - ૨૦૨૩ની કલમ ૩૦૮(૩), ૩૫૧(૨), ૧૨૬ અને બીએનએસએસની કલમ ૧૭૩ તેમજ બીએનએસએસની કલમ ૧૭૬ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચાલુ નાણાકીય વર્ષમાં ૫૦૦ ચાર્જશીટ દાખલ કરવા માટેનો ઈડીનો લક્ષ્યાંક : એક કે બે વર્ષમાં તપાસ પૂર્ણ કરવા અધિકારીઓને નિર્દેશ

**પીએમએલએ કાયદા હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ સાવચેતી, નિષ્પક્ષતા અને જવાબદારી સાથે કરવા પર ભાર મૂકાયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૩**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મની લોન્ડરિંગ કેસાનાં ઝડપી નિકાલ માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. એજન્સીએ વર્તમાન નાણાકીય વર્ષમાં ૫૦૦ ચાર્જશીટ દાખલ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ઈડીએ તપાસ અધિકારીઓને નિર્દેશ આપ્યા છે કે કેસ દાખલ કરવામાં આવ્યા પછી તપાસને એક કે બે વર્ષમાં પૂર્ણ કરી દેવામાં આવે. જો કે કેટલાક જટિલ કેસોને આમાંથી મુક્તિ મળી શકે છે.

આ નિર્ણય ગયા વર્ષે ૧૯થી ૨૧ ડિસેમ્બરની વચ્ચે આસામનાં ગુવાહાટીમાં થયેલ ઝોનલ અધિકારીઓની ૩૪મી ત્રિમાસિક બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ બેઠકની અધ્યક્ષતા ઈડી ડાયરેક્ટર રાહુલ નવીને કરી હતી. એજન્સી હવે દિલ્હીની બહાર દર ત્રણ મહિને આવી બેઠકનું આયોજન કરી રહી છે. આ અગાઉ ગુજરાતનાં કેવડિયા અને જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં બેઠક થઈ હતી.

ગુવાહાટીમાં બેઠકનું આયોજન કરવું પૂર્વોત્તર ક્ષેત્રની



વ્યૂહાત્મક અને પરિચાલન મહત્ત્વને દર્શાવે છે. આ બેઠક વર્તમાન નાણાકીય વર્ષ સમાપ્ત થવાની પહેલા અંતિમ સમીક્ષા બેઠક હતી.

બેઠકમાં અધિકારીઓને જણાવવામાં આવ્યું હતું કે જુના વિલંબિત કેસોને પૂર્ણ કરવા અને નવી તપાસને સમયસર પૂર્ણ કરવા માટે આ લક્ષ્ય જરૂરી છે. તેમને નિર્દેશ આપવામાં આવ્યા છે કે તપાસને તાર્કિક નિષ્કર્ષ સુધી પહેંચાડવામાં આવે. ટાંચમાં લેવા અને દંડની પ્રક્રિયા કાયદાકીય રીતે મજબૂત હોય.

પીએમએલએ કાયદા હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ સાવચેતી, નિષ્પક્ષતા અને જવાબદારી સાથે કરવા, સમન્સ અને કાયદાકીય નોટીસ ફક્ત સ્પષ્ટ જરૂરિયાત અને યોગ્ય આધારે જ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ બેઠકમાં ડિજિટલ એરેસ્ટ, સાયબર ફ્રોડ, ગેરકાયદે સટ્ટાબાજી, ઓનલાઈન ગેમિંગ અને શેરબજારમાં હેરાફેરી જેવા કેસો પર વિશેષ ધ્યાન આપવા જણાવવામાં આવ્યું છે.

# દમણની કુ. વિધિ ટંડેલે બૃહદ્ ગુજરાત સંગીત સમિતિમાંથી ભરતનાટ્યમ્માં અલંકારની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરી



કુ. વિધિ વિશાલચંદ્ર ટંડેલ દમણની એકમાત્ર ભરતનાટ્યમ્ની અલંકારની પરીક્ષા પાસ કરનારી શિષ્ય



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૩**

દમણની કુ. વિધિ વિશાલચંદ્ર ટંડેલે બૃહદ્ ગુજરાત સંગીત સમિતિમાંથી ભરતનાટ્યમ્માં અલંકારની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે પાસ કરી છે. જેના સંદર્ભમાં અમદાવાદ ખાતે ગાંધર્વ મહાવિદ્યાલય ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આયોજીત પદવીદાન સમારોહમાં કુ. વિધિ વિશાલચંદ્ર ટંડેલનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

કુ. વિધિ વિશાલચંદ્ર ટંડેલે તેમના ગુરૂ શ્રી શિવકુમાર પિલ્લઈ, શ્રીમતી દીપા શિવકુમાર પિલ્લઈ, કલા ગુરૂ શ્રીમતી મનાલી નતાલી અને કલા ગુરૂ હેમાક્ષી જોષીનું અભિવાદન અને પ્રણામ કર્યા જેમના આશીર્વાદ અને ઉપદેશોથી અલંકારની પદવી પ્રાપ્ત થઈ છે. કુ. વિધિ વિશાલચંદ્ર ટંડેલ દમણની એકમાત્ર શિષ્ય છે, જેણે ભરતનાટ્યમ્ની અલંકારની પરીક્ષા પાસ કરી છે.

# સેલવાસની લાયન્સ ઈંગ્લીશ સ્કૂલની વિદ્યાર્થિનીએ બંધારણ દિવસ ઓનલાઈન ક્વીઝમાં અખિલ ભારતીય સ્તરે મેળવેલું પ્રથમ સ્થાન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૩**

સેલવાસની લાયન્સ ઈંગ્લીશ સ્કૂલની ધોરણ ૧૨ની વિદ્યાર્થીની કુ. નમિતા અષ્ટગેએ વર્ષ ૨૦૨૫ની પ્રતિષ્ઠિત બંધારણ દિવસ ઓનલાઈન ક્વીઝમાં અખિલ ભારતીય સ્તરે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ છે. આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાનું આયોજન ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીયસ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. જે દેશના કાનૂની અને નાગરિક જાગૃતિ સાથે સંકળાયેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે સશક્ત અને પ્રતિષ્ઠિત મંચ પૂરૂં પાડે છે. શ્રેણી ૧માં ધોરણ ૧૧, ૧૨ અને સીએસઈઈટી ઉમેદવારોનો સમાવેશ થતો હતો. જે સ્પર્ધામાં કુ. નમિતાએ ભારતીય બંધારણ પ્રત્યેની પોતાની ઊંડી સમજ તથા અસાધારણ બુદ્ધિશક્તિનું પ્રદર્શન કર્યુ હતું અને દેશભરના હજારો સ્પર્ધકોને પાછળ રાખી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. કુ. નમિતા અષ્ટગેએ કરેલા ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ પ્રશંસાપત્ર અને દશ હજાર રોકડ રકમનું ઈનામ આપવામાં આવ્યુ હતું. આ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી ફત્તેહસિંહ ચૌહાણે કુ.



NAMITA ASHTAGE

નમિતા અષ્ટગેને શુભેચ્છા પાઠવી હતી અને શાળા પરિવાર દ્વારા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટેની કામના કરી હતી.

# દાનહ અને દમણ-દીવ ભારત સ્કાઉટ્સ ગાઈડ્સે 'ચિંતન દિવસ' પર રાજ્ય યુવા સમિતિની કરેલી રચના



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૩**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભારત સ્કાઉટ્સ ગાઈડ્સના રાજ્ય મુખ્યાલયે 'વિશ્વ ચિંતન દિવસ'ની ઉજવણી કરી અને સ્કાઉટ્સ ગાઈડ્સના સ્થાપકો, લોર્ડ સ્ટીફનસન સ્મિથ બેડન પોવેલ અને લેડી ઓલિવ બેડન પોવેલને શ્રદ્ધાંજલિ આપી, સ્કાઉટ-ગાઈડ ફેલોશિપના સક્રિય સભ્ય સાગર રાવ, રાજ્ય મુખ્યાલય કમિશનર સ્કાઉટ અજય ગણપત હરિજન, સહાયક તાલીમ કમિશનર સ્કાઉટ મનીષ કુમાર ઝા અને સક્રિય સભ્ય ઐશ્વર્યા ગાંગોડેએ પુષ્પ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી.

આ પ્રસંગે, રાજ્યના સંયુક્ત સચિવ શ્રીમતી શર્મિષ્ઠા દેસાઈના આદેશ મુજબ અને રાજ્ય સંગઠન કમિશનર શ્રી સુધાંશુ શેખરના અધ્યક્ષપદે રાજ્ય યુવા સમિતિની રચના પણ કરવામાં આવી હતી. જેમાં મયુર મુન્ના સિંહને યુવા સમિતિના અધ્યક્ષ, સ્નેહા દિનેશ દુબેને ઉપાધ્યક્ષ અને શિવમ અજય કિશોર સિંહને રાષ્ટ્રીય પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ પછી, પસંદ કરાયેલા તમામ સભ્યોએ સંયુક્ત રીતે શપથ ગ્રહણ કર્યા હતા.

આ પછી, સહયોગી સમિતિના સભ્યોની પણ પસંદગી કરવામાં આવી જેમાં સિંધુ શર્મા, ભાવના તિવારી, અનામિકા સિંહ, પ્રાંજલ ઈંગ્લે દુર્ગાવતી ચૌહાણ, સૌરભ યાદવ, ગૌરવ પાટિલ, નીરજ પાઠક અને વિશાલ સરોજે ખાસ ભાગ લીધો હતો. આ સમિતિનો કાર્યકાળ ૨૦૨૬-'૨૮ રહેશે જેમાં આ સમિતિ સંપૂર્ણ રીતે ભાગ લેશે અને ત્રણ વર્ષમાં જિલ્લા, રાજ્ય, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાનારી તમામ શૈક્ષણિક અને તાલીમ શિબિરોના સંચાલન અને સંપાદનના કાર્યમાં સહયોગ કરશે.

રાજ્ય યુવા સમિતિ મુખ્યત્વે રાજ્ય કાર્યકારી સમિતિ ભારત સ્કાઉટ ગાઈડ દાદરા નગર હવેલી અને દમણ-દીવ હેઠળ કાર્ય કરશે, આ માટે સાગર રાવ અને હાજર સભ્યોએ પસંદ કરાયેલા તમામ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.




## સુવિચાર - સદ્‌વિચાર

ઈમાનદારી એ જીવનની સૌથી મોટી સંપત્તિ છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### કાયા ગઢ ઐસી લિયો મેરે ભાઈ

કાયા ગઢ ઐસી લિયો મેરે ભાઈ, તોહે ખોલ કહું સમજાઈ.
પાંખ વિના થઈ પહાડ ચડ જાઉં, પગ વિના થઈ ચાલુ.
હાથ વિના તો હેરીને મારું, આંખ વિના તો ભાળું... કાયા૦
સેલાં કાંતીને કરું રે સૂતર, તેની પામરી વણાવું,
વણ ચંદેથી ચંદો દેખાડું, વણ સૂરજ અજવાળું... કાયા૦
દખણ દિશાથી દોરી બાંધુ, ઉત્તરમાં રે ઉસેટું,
બન મેં ઝૂલી બાવાજી બેઠે, તો તેને હું સમેટું... કાયા૦
ઘાયલ ઘૂમે ને ઘા નવ દેખે, ખોળનારો ખોવાયો,
દાસ 'ઉમર' પર દયા સતગુરુની, તો જીવતાં નિશાન ચડાયો... કાયા૦

- ઉમર બાવા

## આજની જોક

ઘરવાળી: કહુ છું સાંભળો છો...?
આ લગ્નમાં છોકરો હંમેશા જમણી અને છોકરી હંમેશા ડાબી બાજુ જ કેમ બેસે છે...?
પતિ : નફા-નુકશાની ના ખાતામાં આવક હંમેશા જમણી બાજુ અને ખર્ચા હંમેશા ડાબી બાજુ લખવામાં આવે છે...!!!

## કબીર વાણી

**મુસા ડરપે કાળસું, કઠણ કાળકા જોર;**
**સ્વર્ગ ભુ પાતાલમે, જહાં જાવે તહાં ઘોર.**

**- અર્થાત-**

કાળ યાને જમનું જોર એટલું તો જબરૂ છે કે તેનાથી મુસા પેગમ્બર જેવા પણ ધ્રુજે છે, સ્વર્ગ, પૃથ્વિ ને પાતાળ, જ્યાં પણ જુવો ત્યાં એનો દોર રહેલો છે. આ નિચલી ત્રણ દુનિયામાં, સઘળું નાશ કરવાનું કામ કાળને હાથ રહેલું છે.

## આજનો દિન વિશેષ

### રાજારામ પ્રથમ

રાજારામ રાજે ભોંસલે (૨૪ ફેબ્રુઆરી ૧૬૭૦ - ૩ માર્ચ ૧૭૦૦, સિંહગઢ) મરાઠા સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજીના નાના પુત્ર અને સંભાજીના સાવકા ભાઈ હતા. ૧૬૮૯માં મુઘલ



સામ્રાજ્યના શાસક ઔરંગઝેબ દ્વારા સંભાજીની હત્યા થયા બાદ તેઓ મરાઠા સામ્રાજ્યના ત્રીજા છત્રપતિ બન્યા હતા. તેમનો કાર્યકાળ ૧૧ વર્ષ સુધી ચાલ્યો, જે દરમિયાન મોટાભાગનો સમય તેઓ મુઘલો સાથે યુદ્ધમાં રોકાયેલા હતા. તેમના જીવનનું પ્રથમ યુદ્ધ ૧૦ જૂન ૧૬૮૯ ના રોજ પ્રતાપગઢ પાસે મોગલી સરદાર કાકર ખાન સાથે થયું હતું. રાજારામ મહારાજ ઘોડા પર બેસીને લડી રહ્યા હતા, તેમની સાથે તેમના વફાદાર પીલાજી ગોલે હતા.

રાજારામ મહારાજ અને પિલાજી ગોલે દ્વારા આ યુદ્ધમાં કાકરખાન, દરેકર, મોરે સરદારનો પરાજય થયો હતો.

રાજારામ મહારાજ ૧૦મી જૂનથી ૧૦મી ઓગસ્ટ સુધી પ્રતાપગઢમાં હતા, બાદમાં તેમણે પન્હાલાથી જીંજી સુધી શાસન કર્યું.રાજારામ એક મોટી મરાઠા સેનાનું નેતૃત્વ કરીને મુઘલ શહેર જાલના પર હુમલો કર્યો, જેને તેમણે સફળતાપૂર્વક લૂંટી લીધો અને આગ લગાવી દીધી. ગોદાવરી ખીણમાં પ્રવેશ કરીને, તેમણે પૈઠણ, બીડ અને નદી કિનારે આવેલા અન્ય મુઘલ-કબજાવાળા નગરોમાં લૂંટ ચલાવી. વધુ આગળ વધવાને બદલે તેઓ સંચિત લૂંટ જમા કરવા માટે સિંહગઢ તરફ પાછા ફર્યા, જ્યારે તેમના ભારથી ભરેલા સૈન્ય પર ઝુલ્ફીકાર ખાન દ્વારા હુમલો કરવામાં આવ્યો. રાજારામે સિંહગઢ પહોંચતા પહેલા પચાસ માઈલ સુધી સતત શ્રેણીબદ્ધ રીઅરગાર્ડ કાર્યવાહી કરી. પીછો કરવાની મુશ્કેલીઓ અને અનુભવને કારણે જીંજીમાં રાજારામના ફેફસાં સંકોચાઈ ગયા.

થોડા દિવસો પછી, ભારે તાવ અને વારંવાર રક્તસ્ત્રાવ શરૂ થયા. તેમનો અંત નજીક છે તે જાણીને, રાજારામે તેમની કાઉન્સિલને બોલાવી અને તેમને આદેશ આપ્યો કે જ્યાં સુધી રાજકુમાર શાહુ મુક્ત ન થાય અને મુઘલોને મરાઠાઓની ભૂમિમાંથી હાંકી ન કાઢવામાં આવે ત્યાં સુધી મુક્તિ યુદ્ધમાં તેમના પ્રયત્નોમાં ઘટાડો ન કરે. ૧૭૦૦ માં મહારાષ્ટ્રમાં પુણે નજીક સિંહગઢ ખાતે રાજારામનું ફેફસાના રોગથી મૃત્યુ થયું, તેઓ વિધવાઓ અને શિશુઓ પાછળ છોડી ગયા. રાજારામના અંતિમ સંસ્કાર માલોજી ભોંસલેના નાના ભાઈ અને છત્રપતિ શિવાજીના પરદાદા વિઠોજી ભોંસલેના વંશજ જીવાજીરાજે ભોંસલે દ્વારા કરવામાં આવ્યા હતા.

## ઔષધિ : વરિયાળી

વરિયાળી એક ઉત્તમ આયુર્વેદિક દવા છે જે પાચનમાં સુધારો કરવા, પેટમાં ગેસ, એસિડિટી અને પેટનું ફૂલવું દૂર કરવામાં અત્યંત અસરકારક છે. તે પાચનશક્તિ વધારે છે અને તેની ઠંડક અસરને કારણે શરીરને ઠંડક અને શક્તિ આપે છે. તેને ચાવીને, ચા અથવા પાણી તરીકે પીવાથી પાચનમાં સુધારો થાય છે અને વજન ઘટાડવામાં પણ મદદ મળે છે.

વરિયાળીના ઔષધીય ઉપયોગો પાચન: શેકેલી વરિયાળી પાચન ઉત્સેચકોને ઉત્તેજિત કરે છે, જે સરળ પાચનને સરળ બનાવે છે અને એસિડિટીમાં રાહત આપે છે.પેટની સમસ્યાઓ તે ગેસ, પેટનું ફૂલવું અને પેટમાં ખેંચાણ ઘટાડવામાં મદદ કરે છે.

વજન ઘટાડવું: ખાલી પેટે વરિયાળીનું પાણી પીવાથી ચયાપચય ઝડપી બને છે અને ચરબી બર્ન કરવામાં મદદ મળે છે.શ્વસન સ્વાસ્થ્ય: તે ઉધરસ અને નાક બંધ થવામાં રાહત મળે છે.

સ્ત્રીઓ માટે ફાયદા: વરિયાળી માસિક સ્રાવમાં દુખાવો અને ખેંચાણ ઘટાડી શકે છે. આંખો માટે તે દ્રષ્ટિ સુધારવામાં મદદ કરી શકે છે.

કેવી રીતે સેવન કરવું : જમ્યા પછી સીધા અડધી ચમચી વરિયાળીના બીજ ચાવો.

વરિયાળીનું પાણી એક ગ્લાસ પાણીમાં એક ચમચી વરિયાળીના બીજ આખી રાત પલાળી રાખો, ગાળી લો અને સવારે પીવો.

ચા વરિયાળીની ચા તણાવ ઘટાડે છે અને મનને શાંત કરે છે.

સાવધાની મર્યાદિત માત્રામાં (૧-૨ ચમચી) સેવન સલામત છે. નબળાઈ ધરાવતા લોકોએ દરરોજ તેનું સેવન કરતા પહેલા નિષ્ણાંતની સલાહ લેવી જોઈએ.

**ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા મામલો**

# જો વિદ્યાર્થીની પરીક્ષાની હોલટિકિટ અટકાવી તો શાળા સંચાલક સામે થશે કાર્યવાહી

## કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓની ફી ભરવાની બાકી હોવાના મામલે રિસિપ્ટ અટકાવી હોવાની ફરિયાદો સામે આવી છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૨૩**

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા મામલે આપવામાં આવતી પરીક્ષાની રિસિપ્ટ કોઈપણ શાળા સંચાલકે અટકાવવી નહીં તેવા આદેશ અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ કર્યા છે. કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓની ફી ભરવાની બાકી હોવાના મામલે રિસિપ્ટ અટકાવી હોવાની ફરિયાદો સામે આવી છે.

જેની અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ ગંભીરતાથી નોંધલીધી છે. જો શાળા સંચાલક પરીક્ષાની રિસિપ્ટ અટકાવશે અને વિદ્યાર્થી પરીક્ષા આપવાથી વંચિત રહેશે તો શાળા સામે કડક કાર્યવાહી કરવાની સૂચના પણ જિલ્લા શિક્ષણાધિકારીએ આપી છે.



ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈને હાલમાં શાળાઓ દ્વારા વિદ્યાર્થીને પરીક્ષાની રિસિપ્ટ આપવાની કામગીરી ચાલી રહી છે પરંતુ કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓની ફી ભરવાની બાકી હોવાના મામલે રિસિપ્ટ અટકાવી હોવાની ફરિયાદો સામે આવી છે. વિદ્યાર્થીઓને પરીક્ષાની રિસિપ્ટ આપવામાં નહીં આવતી હોવાની ફરિયાદના આધારે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ કોઈપણ શાળા સંચાલક વિદ્યાર્થીની પરીક્ષાની રિસિપ્ટ અટકાવી શકશે નહીં તેવી તાકીદ કરી છે.

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું કે ગુજરાત બોર્ડની આગામી ૨૬ તારીખથી પરીક્ષા શરૂ થઈ રહી છે મોટાભાગની શાળાઓમાં આ રિસિપ્ટ આપવાની કામગીરી ચાલી રહી છે. જો શાળા સંચાલક કોઈપણ કારણસર વિદ્યાર્થીને રિસિપ્ટ આપવાનો ઈનકાર કરે છે તો વિદ્યાર્થી કે તેના વાલી અમારી હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

અમે તેમાં કેન્દ્ર સંચાલકોને આ બાબતે વિનંતી પણ કરી છે અને સૂચના પણ આપી છે. કોઈપણ વિદ્યાર્થીની હોલ ટિકિટ ફી બાકી હોય તો ન આપવામાં આવે તેનું કરી શકાય નહીં. આ વર્ષે ૨ સ્કૂલોમાંથી અમને ફરિયાદ મળી હતી. જેમાં સાબરમતી રામનગરની અમૃત સ્કૂલ અને મક્તમપુરાની મોડલ સ્કૂલ આ બે સ્કૂલની અમને ફરિયાદ મળી હતી. જે બાબતે શાળાના સંચાલકોને સૂચના આપી વિદ્યાર્થીઓને રિસિપ્ટ આપવામાં આવી છે પરંતુ આ ખૂબ ગંભીર બાબત છે જેને ધ્યાને લઈને તમામ શાળાના સંચાલકોને આદેશ કર્યો છે કે કોઈ પણ વિદ્યાર્થીની હોલટિકિટ અટકાવવી નહીં.

સંચાલક વિદ્યાર્થીની ફી બાબતે પૂછપરછ કરી શકે તેમજ તેઓની પાસે પાછળથી ફી ભરી દઈશું તેવું લેખિત લઈ શકે. પરંતુ હોલ ટિકિટ અટકાવી શકે નહીં. સંચાલકે હોલ ટિકિટ આપવી પડે છે હોલ ટિકિટ અટકાવવી એ એક પ્રકારની શારીરિક માનસિક શિક્ષા બરાબર થયું કહેવાય. માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમોનું ઉલ્લંઘન થયું કહેવાય. જેથી જો કોઈ શાળા સંચાલક વિદ્યાર્થીની હોલટિકિટ અટકાવશે તો નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

**ફાસ્ટેગ-યુપીઆઈ જ ચાલશે**

# ૧લી એપ્રિલથી નેશનલ હાઈવે ટોલ પ્લાઝા પર કેશ પેમેન્ટ બંધ થશે

## નેશનલ હાઈવેના વપરાશકર્તા માટે અવજવરને સરળ બનાવવા હાઈવે ઓથોરિટીની વિચારણા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૩**

હાઈવે ઓથોરિટી NHAI પહેલી એપ્રિલથી હાઈવે ટોલ પ્લાઝા પર રોકડ ચુકવણીની પ્રથા સંપૂર્ણ બંધ કરવાની વિચારણા કરી કરી રહી છે. તેનાથી વાહન ચાલકોએ ટોલ ચુકવણી માટે ફક્ત FASTag અથવા UPI જેવા ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવો પડશે અને ટોલ પ્લાઝા સંપૂર્ણપણે કેશલેસ બને તેવી શક્યતા છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ જણાવ્યું હતું કે આના અમલ પછી નેશનલ હાઈવે ફી પ્લાઝા પરની તમામ ટોલ ચૂકવણી ફક્ત ડિજિટલ માધ્યમથી થશે. ટોલની ચુકવણી માટે FASTag અથવા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)નો ઉપયોગ કરવો પડશે. આ સૂચિત પગલાનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમથી થયેલા લાભને વધુ મજબૂત કરવાનો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી પ્લાઝાની કામગીરીને કાર્યક્ષમ અને વિશ્વસનીય બનાવવાનો છે. આ પગલાંથી નેશનલ હાઈવેના વપરાશકર્તા માટે અવજવરની સરળતા વધારવામાં મદદ મળશે. ફી પ્લાઝા પર ભીડ ઓછી થશે અને ટોલ ટ્રાનઝેક્શનમાં વધુ સુસંગતતા



અને પારદર્શકતા આવશે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં FASTagના 98 ટકાથી વધુ ઉપયોગથી દેશની ટોલ કલેક્શન સિસ્ટમમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. હાલમાં મોટાભાગના ટોલ ટ્રાન્ઝેક્શન વાહનો પર લગાવવામાં આવેલા RFID આધારિત FASTag દ્વારા થાય છે. તેનાથી તમામ ટોલ પ્લાઝામાં સીમલેસ અને ટોલ પ્લાઝા પર સીમલેસ અને કોન્ટેક્ટલેસ અવરજવર સરળ બની છે. આ ઉપરાંત નેશનલ હાઈવે ટોલ પ્લાઝા પર યુપીઆઈ પેમેન્ટ સુવિધાનો અમલ કરાયો છે. તેનાથી દેશભરમાં નેશનલ હાઈવેના મુસાફરો માટે ઈન્સ્ટન્ટ અને સરળ ડિજિટલ પેમેન્ટ વિકલ્પ મળ્યો છે. હાલના નેશનલ હાઈવે ફી નિયમો અનુસાર માન્ય અને કાર્યરત FASTag વગર ટોલ પ્લાઝામાં પ્રવેશતા વાહનો પાસેથી જો રોકડમમાં ચુકવામાં કરવામાં આવે તો બમણો ચાર્જ લેવામાં આવે છે. આ ઉપરાંત નેશનલ હાઈવે યુઝર્સ જો UPI દ્વારા ચુકવણી કરવાનું પસંદ કરે છે તેમની પાસેથી 1.25 ગણા ચાર્જ વસૂલવામાં આવે છે.

આ પગલાઓથી રોકડ વ્યવહારો પર નિર્ભરતા ઘટાડવા અને ટોલિંગ માળખાને ડિજિટાઈઝ કરવાના ઉદ્દેશ્યને આગળ ધપાવવામાં મદદ મળી છે. સામાન્ય રીતે રોકડ-આધારિત ચુકવણીઓ કરવામાં આવે તો ભીડમાં વધારો થતો હોય છે. તેનાથી પીક અવર્સના ટ્રાફિક સમયગાળા દરમિયાન રાહ જોવાનો સમય વધે છે અને ટ્રાન્ઝેક્શન સંબંધિત વિવાદો થાય છે.

**સાત શખ્સો સામે પોલીસ ફરિયાદ દાખલ**

# સુરતના ગજેરા બંધુઓ સામે કરોડોના ફ્રોડનો ગુનો નોંધાયો

## મેહુલ ચોક્સી સાથે કથિત જોડાણ અને શેરધારકો સાથે છેતરપિંડી મામલે ઈકો સેલની કાર્યવાહી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૨૩**

સુરતના જાણીતા હીરા ઉદ્યોગપતિ અને લક્ષ્મી ગ્રુપના સંચાલકો એવા ગજેરા બંધુઓની મુશ્કેલીમાં ધરખમ વધારો થયો છે. પી.એન.બી. કૌભાંડના મુખ્ય આરોપી મેહુલ ચોક્સી સાથેના કથિત જોડાણો અને કરોડોની છેતરપિંડીના ગંભીર મામલે ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ સુરત પોલીસે વસંત ગજેરા સહિત ૭ શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે. અગાઉ સ્થાનિક કક્ષાએ રજૂઆત છતાં કાર્યવાહી ન થતા મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટના કડક વલણ બાદ પોલીસે એક્શનમાં આવવું પડ્યું છે.ફરિયાદી પ્રવિણ દેવકીનંદન અગ્રવાલ (ભૂતે) દ્વારા આ મામલે ઈકો સેલમાં અગાઉ ફરિયાદો કરવામાં આવી હતી, પરંતુ ગજેરા બંધુઓ તપાસમાં હાજર રહ્યા નહોતા. આખરે ફરિયાદીએ હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન (૨૦૨૪/૨૦૨૬) દાખલ કરી હતી. જેની




સુનાવણી બાદ નામદાર કોર્ટે સુરત પોલીસ કમિશનરને કડક આદેશ આપી, દર્શાવેલી તમામ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવા હુકમ કર્યો હતો. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, પ્રવિણ અગ્રવાલ 'શાંતિ રેસીડન્સીસ પ્રાઈવેટ લિમિટેડ'માં ૪૩% હિસ્સો ધરાવતા હતા.

આ હિસ્સો પચાવી પાડવા માટે ગજેરા બંધુઓએ મોટું ષડયંત્ર રચ્યું હતું. કંપનીની મિલકતો માર્કેટ ભાવે વેચી, ચોપડે માત્ર જંત્રીની રકમ બતાવી કરોડોની ઉચાપત કરી હતી. આ નાણાં હવાલા મારફતે હોંગકોંગ મોકલાયા હતા. ફરિયાદીની બોગસ ડિજિટલ સહી કરી તેમનું રાજીનામું અપાવી ડિરેક્ટર પદ પરથી હટાવી દેવાયા હતા. બનાવટી સહીઓ દ્વારા ફરિયાદીનો ૪૩% હિસ્સો ઘટાડીને માત્ર ૪.૦૨% કરી દેવામાં આવ્યો હતો. ખોટા દસ્તાવેજોને 'રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ'માં સાચા તરીકે રજૂ કરી સરકારી તંત્રને પણ ગુમરાહ કરવામાં આવ્યું હતું.ફરિયાદીએ એવો આક્ષેપ પણ કર્યો છે કે કૌભાંડ પર પડદો પાડવા માટે તેમને અને તેમના પરિવારને ખોટા ગુનામાં ફસાવી દેવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી.

# સુરત રેલવે સ્ટેશન પર મંડપ બંધાયા: હોળીમાં વતન જતા મુસાફરોને ગરમીથી મળશે રાહત

## ભીડને કાબૂ કરવા તંત્ર તૈયાર : વહીવટી તંત્ર દ્વારા પીવાના પાણી અને પ્રાથમિક ચિકિત્સાની સુવિધાઓ પણ સુનિશ્ચિત કરવામાં આવી છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૨૩**

હોળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે,ત્યારે સુરતથી વતન જતા પરપ્રાંતીય મુસાફરોનો પ્રવાહ તેજ બન્યો છે. સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર ઉમટી રહેલી જનમેદનીને ધ્યાને રાખીને રેલવે તંત્રએ આ વખતે 'પેસેન્જર ફ્રેન્ડલી' અભિગમ અપનાવ્યો છે.

કાળઝાળ ગરમીમાં મુસાફરોને શેકાવું ન પડે તે માટે સ્ટેશન પરિસરમાં વિશાળ મંડપો બાંધવામાં આવ્યા છે, જેના કારણે ભીડનું વ્યવસ્થાપન પણ સરળ બન્યું છે.

મળતી માહિતી અનુસાર, ૨ ગતરોજથી જ ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશા તરફ જતી ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. મુસાફરોને તડકામાં ઉભા ન રહેવું પડે તે





માટે રેલવે દ્વારા શેડ અને મંડપની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થાને કારણે સ્ટેશનના પ્લેટફોર્મ પર સીધી ભીડ થવાને બદલે મુસાફરોને મંડપમાં ક્રમશ: રાખવામાં આવે છે, જ્યાંથી તેમને ટ્રેન દીઠ રવાના કરવામાં આવે છે.કોઈ પણ અપ્રિય ઘટના ન બને અને મુસાફરો સુરક્ષિત રીતે પ્રવાસ કરી શકે તે માટે સ્ટેશન પર સુરક્ષા એજન્સીઓ ખડેપગે છે. રેલવે સુરક્ષા દળ ના ૫૦ જવાનો અને જીઆરપી (GRP)ના ૪૦ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે. ૩૦ જેટલા ચેકિંગ સ્ટાફના સભ્યો ભીડના વ્યવસ્થાપનમાં મદદ કરી રહ્યા છે. જનરલ ટિકિટ ધારકો માટે ખાસ 'લાઈનબંધી' પદ્ધતિ અમલમાં મુકાઈ છે. દરેક મુસાફરને લાઈનમાં ઉભા રાખી ટ્રેનમાં બેસાડવામાં આવતા પ્લેટફોર્મ પર થતી ધક્કામુક્કી અને અફરાતફરીમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે.

વહીવટી તંત્ર દ્વારા પીવાના પાણી અને પ્રાથમિક ચિકિત્સાની સુવિધાઓ પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. રેલવે અધિકારીઓ સતત એનાઉન્સમેન્ટ દ્વારા મુસાફરોને માર્ગદર્શન આપી રહ્યા છે. તંત્રની આ આગોતરી તૈયારીઓને કારણે લાખોની સંખ્યામાં વતન જતા મુસાફરો રાહતનો શ્વાસ લઈ રહ્યા છે.


**પત્રકારત્વ જગતમાં શોકની લહેર છવાઈ ગઈ**

# ગુજરાતના સવાયા ગુજરાતી પત્રકાર આર.કે.મિશ્રાની ચિરવિદાય

## નવા આવતા પત્રકારોને તેઓ હંમેશા માર્ગદર્શન આપતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૩

ગુજરાતના પત્રકારત્વ જગતમાં આજે એક યુગનો અંત આવ્યો છે. પાંચ દાયકાથી વધુ સમય સુધી પોતાની કલમથી સત્તાના ગલિયારાઓમાં પડઘા પાડનાર અને ક્ષેત્ર પર જઈને પત્રકારત્વની ખરી વ્યાખ્યા લખનાર વરિષ્ઠ પત્રકાર આર. કે. મિશ્રા (મિશ્રાજી) એ આજે સવારે અંતિમ શ્વાસ લીધા છે. ગુજરાતને છેલ્લા ૬ દાયકાથી જેમને કર્મભૂમી બનાવી હતી એ ધાકડ પત્રકાર આર. કે મિશ્રાજીનું આજે સવારે નિધન થઈ ગયું.



કેટલાક વર્ષોથી એ પ્રોસ્ટેટ કેન્સરથી પીડાઈ રહ્યાં હતાં. આ પહેલાં પણ તેઓ હોસ્પિટલમાં રહ્યાં હતા અને સાજા થઈને ઘરે આવ્યા હતા. જોકે, નવેમ્બર ૨૦૨૫માં એમની સ્થિતિ વધારે ખરાબ થઈ ગઈ જ્યારે તેઓ ઘરમાં પડી ગયા. ત્યારબાદ ઘર અને હોસ્પિટલ સતત ચાલતું જ રહ્યું. એમની યાદદાશ્ત પણ ધીરેધીરે ઓછી થતી ગઈ...થોડા દિવસો પહેલાં જ ડોક્ટરોએ પણ કહી દીધું હતું કે હવે તેમને ઘરે લઈ જાઓ હવે દવા કરવાનો કોઈ મતલબ નથી.

ડોક્ટરોએ દવા પણ બંધ કરી દીધી હતી. આ જ સ્થિતિમાં મિશ્રાજીનો ૭૬મો જન્મદિવસ પણ ૫ ફેબ્રુઆરીના રોજ ગયો, ના એમને સમયની ખબર પડતી હતી કે ના દર્દની, એમના મગજમાં કોઈ પણ પ્રકારની લહેર જ પેદા થતી ન હતી.

કેન્સરની સારવાર સમયે એમના મગજનો આ હિસ્સો પણ તેઓ ગુમાવી ચૂક્યા હતા. અસાધ્ય બિમારીનો ભોગ બનેલા મિશ્રાજીનો સ્વભાવ જિંદગીના છેલ્લા વર્ષોમાં પણ બદલાયો ન હતો. તેઓ ગીરના સિંહથી લઈને કાઠિયાવાડની સટ્ટાબાજી અને ખાલિસ્તાની ઉગ્રવાદીઓથી લઈને ગુજરાતના નેતાઓ, અધિકારીઓ અને પત્રકારોના અનેક કિસ્સાઓ મિત્રોને સંભળાવતા હતા. તેઓ માત્ર રિપોર્ટર નહીં પણ પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે એક ચાલતી-ફરતી સંસ્થા હતા. એક વરિષ્ઠ પત્રકાર હોવા છતાં મિશ્રાજીમાં ક્યારેય અહંકાર જોવા મળ્યો નથી. નવા આવતા પત્રકારોને તેઓ હંમેશા માર્ગદર્શન આપતા. "તથ્યો સાથે ક્યારેય સમાધાન ન કરવું" - આ તેમનો જીવનમંત્ર હતો. મિશ્રાજીની મૂંછો એમનો ટ્રેડ માર્ક હતી. જે તમને જનરલ નાથુસિંહની યાદ અપાવી શકે છે. મિશ્રાજીની રહેણી કરણી એ એક સૈનિક જેવી હતી. ફૌજને લઈને એમના મનમાં ખાસ્સી શ્રદ્ધા હતી. જેઓની ફૌજમાં નોકરી પણ લાગી હતી પણ દાદીએ ના પાડતાં તેઓ જોઈન કરી શક્યા ન હતા.

# વલસાડની કસ્તુરબા હોસ્પિટલ ખાતે અદ્યતન ઈમરજન્સી અને ટ્રોમા યુનિટનું જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના હસ્તે લોકાર્પણ કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વલસાડની જાણીતી કસ્તુરબા હોસ્પિટલમાં ગુજરાત રાજ્યની પ્રથમ 5G કનેક્ટેડ કાર્ડિયાક અને ટ્રોમા એમ્બ્યુલન્સનું લોકાર્પણ દક્ષિણ ગુજરાતમાં સુપર સ્પેશિયાલિટી લેવલ આરોગ્ય સેવામાં ઐતિહાસિક પગલું ગણાશે.

કસ્તુરબા હોસ્પિટલનું સંચાલન કસ્તુરબા વૈદ્યકીય રાહત મંડળ દ્વારા થાય છે. તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અદ્યતન અને આધુનિક સુવિધાસભર ઈમરજન્સી અને ટ્રોમા યુનિટ, વિસ્તૃત સુપર-સ્પેશિયાલિટી ICU સુવિધાઓ, અદ્યતન યુરો-સર્જરી સાધનો તથા ગુજરાત રાજ્યની પ્રથમ 5G કનેક્ટેડ કાર્ડિયાક અને ટ્રોમા એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્મા તેમજ વિશિષ્ટ અતિથિ તરીકે સંગીતા પ્રધાન, ચીફ ફાઈનાન્સ કન્ટ્રોલ એન્ડ એકાઉન્ટિંગ, રિલાયન્સ ફાઉન્ડેશન ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય અતિથિ જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, ટેક્નોલોજી અને માનવતાનો સંગમ છે. આ પહેલ માત્ર હોસ્પિટલનો વિકાસ નથી. આ સમગ્ર વલસાડ જિલ્લાના આરોગ્ય સુરક્ષા મંડળને મજબૂત બનાવવાનો સંકલ્પ છે. વિશેષ અતિથિ સંગીતા પ્રધાન એ જણાવ્યું કે, સમાવેશી વિકાસ જ સાચો વિકાસ છે. આરોગ્ય સેવા દરેકનો અધિકાર છે. આ અવસરે પ્રમુખ કિરણ ઠાકોરભાઈ દેસાઈએ આગામી આયોજન અંગે જણાવ્યું કે, કિડની ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ, સમર્પિત ઓન્કોલોજી વિંગ (રેડિયેશન અને ન્યુક્લિયર મેડિસિન સાથે), IVF સુવિધા, જનરલ વોર્ડ રિડેવલપમેન્ટ અને બ્લડ સ્ટોરેજ યુનિટ ઉપલબ્ધ કરાશે. આ પરિવર્તન ટેક્નોલોજીનું નથી, આ પરિવર્તન વિશ્વાસ, સમર્પણ અને સમાજના સહયોગનું છે. આ સપનાઓ સાકાર કરવા સમાજ, ઉદ્યોગપતિઓ, NRI મિત્રો અને દાતાશ્રીઓનો સહયોગ આવશ્યક છે.

આ પ્રસંગે કસ્તુરબા વૈદ્યકીય રાહત મંડળના પ્રતિનિધિએ જણાવ્યું કે, આ વિસ્તરણ દક્ષિણ ગુજરાતમાં ઈમરજન્સી પ્રતિસાદ અને સુપર-સ્પેશિયાલિટી સારવારને નવી દિશા આપનાર ઐતિહાસિક પગલું છે.

આ પ્રોજેક્ટને વધુ મજબૂતી સ્વર્ગીય રૂક્ષ્મણિબેન અને સ્વર્ગીય ઠાકોરભાઈ ડાહ્યાભાઈ દેસાઈ પરિવાર (હનુમાન ભાગડા, વલસાડ)ના ઉદાર સહયોગથી મળી છે. તેમની સહાયથી ઈમરજન્સી અને ટ્રોમા યુનિટનું વ્યાપક આધુનિકીકરણ તથા ક્રિટિકલ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તરણ શક્ય બન્યો છે. તેમનો આ સહયોગ સમાજ પ્રત્યેની તેમની અવિરત સેવાભાવની પ્રતિકૃતિ છે.

આ પ્રસંગે ગુજરાત રાજ્યની પ્રથમ 5G કનેક્ટેડ કાર્ડિયાક અને ટ્રોમા એમ્બ્યુલન્સનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું, જે ડૉ. રાજન નાયક અને શ્રીમતી રેખા નાયક (USA) દ્વારા પ્રાયોજિત છે. આ એમ્બ્યુલન્સ રિયલ-ટાઈમ ECG અને અન્ય જીવનમૂલ્ય પરિમાણો હોસ્પિટલ સુધી તરત જ પ્રસારિત કરવાની ક્ષમતા ધરાવે છે, જેના કારણે 'ગોલ્ડન અવર' દરમિયાન યોગ્ય અને સમયસર સારવાર શરૂ કરી શકાય છે, જે દર્દીઓના જીવન બચાવમાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

આ ઉપરાંત, વલસાડ જિલ્લામાં પ્રથમ વખત થુલિયમ લેસર ટેક્નોલોજી આધારિત અદ્યતન યુરો-સર્જરી સાધનોની સ્થાપના હર્ષદરાય નાનાલાલ કાપડિયા (મુંબઈ)ના સહયોગથી, સ્વ. જ્યોતિબેન કાપડિયાની સ્મૃતિમાં કરવામાં આવી છે, જેનાથી સુપર-સ્પેશિયાલિટી સર્જરી સેવાઓ વધુ સશક્ત બનશે. છેલ્લા ચાર વર્ષથી રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા હોસ્પિટલને સતત અને મજબૂત સહયોગ મળતો રહ્યો છે, જેના પરિણામે કેથલેબ, એમ આર આઈ સુવિધા, સુપર-સ્પેશિયાલિટી ઓપરેશન થિયેટર અને હવે ક્રિટિકલ કેર તથા ટેક્નોલોજી આધારિત નવી સુવિધાઓ વિકસિત થઈ છે. નવી ઉમેરાયેલ સુવિધાઓમાં હાઈ-એન્ડ ક્રિટિકલ કેર વેન્ટિલેટર્સ, નિયોનેટલ આસીયુ માટે હાઈ ફ્રેક્વુએન્સી ઓક્સિજન (HFO) વેન્ટિલેટર, મિનિમલી ઈન્વેસિવ (કી-હોલ) કાર્ડિયાક સર્જરી સાધનો, હેમોડાયાફિલ્ટ્રેશન (HDF) સુવિધા- દક્ષિણ ગુજરાતમાં પ્રથમ, વિવિધ વિભાગોમાં ટેકનોલોજીકલ અપગ્રેડેશન.

કસ્તુરબા વૈદ્યકીય રાહત મંડળ પરિવાર તમામ દાતાશ્રીઓ, ઉદ્યોગપતિઓ, સંસ્થાઓ અને સમાજના સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે, જેમના વિશ્વાસ અને સહયોગથી હોસ્પિટલનો વિકાસ સતત આગળ વધી રહ્યો છે. સંસ્થા ભવિષ્યમાં પણ સમાજને સુલભ, સસ્તી અને ટેક્નોલોજી આધારિત આરોગ્યસેવા પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી અને વેલ્ફેર ફાઉન્ડેશનનો ઈન્સ્ટોલેશન સમારોહ યોજાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી (ફેડરેશન-3A), જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન, મુંબઈ સંલગ્ન સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૬ માટેના પ્રમુખ શ્રી રિતેશ રાવલ તથા તેમની ટીમના ઈન્સ્ટોલેશન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિધિ ગરૂવાર, તા.૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યે હોટેલ રોયલ શેલ્ટર, વાપી ખાતે યોજાઈ હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ફેડરેશન-3Aના પ્રમુખ ૨૦૨૬ શ્રી યતીશ મોદી હાજરી, મુખ્ય સન્માનિત મહેમાન તરીકે ડૉ.મિત્તલ ધાખાડા (એમ.ડી., ટ્રસ્ટી શ્રી વિદ્યાનિકેતન સ્કૂલ, વાપી) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જાયન્ટ્સના પ્રતિષ્ઠિત આગેવાનો શ્રી અનિલભાઈ દલાલ (સી.સી. એમ), શ્રી વિજયભાઈ પટેલ (એસ.સી.એમ), શ્રી કમલેશ પારેખ (એસ.સી.એમ.), શ્રી અશોક બારોટ (એસ.સી.એમ.)તથા શ્રી રાજેશ શર્મા સ્પેશિયલ ઓફિસર પણ હાજરી આપી હતી. ઈન્સ્ટોલેશન અધિકારીઓ તરીકે યુનિટ-૧ ડિરેક્ટર શ્રી ફિરોઝ વરિયાવા તથા યુનિટ-૧ ઓફિસર શ્રી સુરેન્દ્ર મિસ્ત્રી અને શ્રી દોલત પટેલ વિધિ પૂર્ણ કરાવી હતી.

આ પ્રોગ્રામમાં જાયન્ટ્સ ગ્રુપ બીલીમોરા, સુરત, મરોલી સચિન, ભરૂચ, વાપી વગેરેના સિનિયર મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા. જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી ૨૦૨૬ નવી ટીમ,(વી.પી.) લોરીટા પુરોહિત,ખ્યાતિ રાવલ (ડી.એ.) રજની શેટ્ટી (ડી .એફ.), (I.E.P.) શ્રીમતિ દક્ષાબેન ગોર, બોર્ડ ઓફ ડાયરેક્ટર શ્રી ખલીલ નૂરાની, શ્રી અયાજ સેફી, શ્રી હિરેન ગોર, શ્રી હિતેશ પુરોહિત, શ્રીમતી ક્રિષ્ના જોશી શ્રી ટી.એસ.ઓબેરોય તેમજ એડવાઈઝરી કમિટી જાયન્ટસ ગ્રુપ સિનિયર શ્રી બાલાકૃષ્ણ શેટ્ટી, શ્રી હીતેન ભટ્ટ, શ્રી ચારુસિલા ભટ્ટ, શ્રીમતિ અનિષા નૂરાની, શ્રી યોગેશ જોષી, શ્રી પૂજા અરોરા, શ્રીમતિ અનિતા મહેતા, શ્રી કીર્તિ દેસાઈ તેમજ આ વર્ષમાં નવા જોડાયેલા હર્ષેશભાઈ ત્રિવેદી અને શ્રીમતી પ્રીતિ ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જેતપુરમાં ૫ વર્ષની માસૂમ બાળકી સાથે પડોશીએ આચર્યું દુષ્કર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજકોટ,તા.૨૩**

રાજકોટ જિલ્લાના જેતપુરમાં પાંચ વર્ષની માસૂમ બાળકી સાથે પડોશમાં રહેતા શખ્સે દુષ્કર્મ આચરતા ચકચાર મચી ગઈ છે. માસૂમની એકલતાનો લાભ લઈને આચરવામાં આવેલા આ જઘન્ય અપરાધને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભોગ બનનાર પાંચ વર્ષીય માસૂમ બાળકી પડોશમાં રહેતા જીતેન્દ્ર ભોજાણી નામના શખ્સના ઘરે રમવા ગઈ હતી.

આ દરમિયાન નરાધમે બાળકીની એકલતાનો લાભ લીધો હતો. આરોપીએ માસૂમ બાળકીને 'કપડાં ઉતારવાની રમત' રમવાનું કહી તેની સાથે હેવાનીયત આચરી હતી. જ્યારે બાળકીએ ઘરે જઈને તેની માતાને આખી ઘટનાની જાણ કરી, ત્યારે આ ભયાનક સત્ય સામે આવ્યું હતું. બાળકીની માતાએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો.

ઉદ્યોગનગર પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી જીતેન્દ્ર ભોજાણીની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટની કલમો સહિત દુષ્કર્મની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર સમાજમાં માસૂમ બાળકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. પોલીસે આરોપીને કડકમાં કડક સજા થાય તે દિશામાં પુરાવા એકત્રિત કરવાની તજવીજ શરૂ કરી છે.

# ઉમરગામના ગોવાળાની ૨૩ વર્ષીય પરિણીતા ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ગોવાળા, કંકરાળી ખાતે રહેતા ૨૩ વર્ષીય વૈશાલી ચેતનભાઈ હબાલીયા તા.૦૯/૦૨/૨૦૨૬ના રોજ સવારે ૮-૧૦ થી સાંજે ૬-૧૫ વાગ્યાના અરસામાં ગોલકેન્ટીન મની પેકર્સ ઈન્ડીયા પ્રા.લી.ની બાજુમાં આવેલી નાસ્તાની દુકાન પાસેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા છે. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ વૈશાલી મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને ૪ ફૂટ ૫ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે કાળા કલરનો સલવાર શુટ અને ચપ્પલ પહેરેલા હતા. જો કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો ઉમરગામ પોલીસ સ્ટેશનનો ૭૨૮૫૦૨૫૯૦૭, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.



ગુમ વૈશાલી

## રાજ્ય સરકારનું પોષણ સંગમ અભિયાન રંગ લાવ્યું, વલસાડ બન્યું હવે પોષણ મોડેલ

# જિલ્લામાં પોષણ સંગમ કાર્યક્રમના સફળ અમલીકરણથી ૩૦૨૯૪ બાળકો બન્યા કુપોષણમુક્ત









## ૩ વર્ષથી લઈને ૬ વર્ષ સુધીના બાળકોને આંગણવાડીમાં જ્ઞાન સાથે ગમ્મત દ્વારા કરાવાઈ છે વિવિધ પ્રવૃત્તિઃ ભૂલકાંઓના પોષણનું વિશેષ ધ્યાન રાખી, રોજ પૌષ્ટિક નાસ્તો, દૂધ અને ભોજન કરાવાય છે



**વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

''સ્વસ્થ બાળક, સ્વસ્થ રાષ્ટ્ર'' એ માત્ર સૂત્ર નથી, પરંતુ દેશની પ્રગતિનો આધાર છે. જ્યારે દરેક બાળક તંદુરસ્ત અને કુપોષણમુક્ત હશે, ત્યારે જ દેશ શક્તિશાળી અને સમૃદ્ધ બનશે. વલસાડ આઈ.સી.ડી.એસ. શાખાના સઘન પ્રયાસથી એક વર્ષમાં જિલ્લાના ૩૦,૨૯૪ બાળકો કુપોષણ મુક્ત થયા છે. છેવાડાના માણસ સુધી રાજ્ય સરકારની સેવાઓ પહોંચે તેવી નિર્ધાર સાથે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર અને સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.) વિભાગ દ્વારા બાળકોમાં કુપોષણ નાબૂદ કરવા માટે હાથ ધરાયેલા ''પોષણ સંગમ કાર્યક્રમ''ના જિલ્લામાં સકારાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે. જિલ્લાના સંપૂર્ણ આદિવાસી એવા ધરમપુર, કપરાડા અને ઉમરગામ તાલુકામાં અનેક બાળકોને કુપોષણની જાળમાંથી બહાર લાવી તંદુરસ્ત બનાવવામાં આવ્યા છે. જેનું જીવંત દ્રષ્ટાંત વલસાડથી ૧૦૨ કિમી દૂર કપરાડા તાલુકાના અંતરિયાળ અને પહાડી વિસ્તારમાં આવેલા છેવાડાના રોહિયાળ જંગલ ગામની ડીઘી આંગણવાડી કેન્દ્રમાં જોવા મળ્યું છે. જે દ્રશ્ય જોઈ એવું સંપૂર્ણપણે કહી શકાય છે કે, રાજ્ય સરકાર દ્વારા વિકાસ છેવાડાના ગામ સુધી પહોંચાડવામાં સફળતા મળી છે.

કપરાડા તાલુકાના દુર્ગમ વિસ્તારમાં આવેલી ડીઘી આંગણવાડીમાં ૫૩ બાળકો નોંધાયેલા છે. જેઓને પાયાનું શિક્ષણ રમતા રમતા મળી રહે તે માટે આંગણવાડી કાર્યકરો અને તેડાઘરની બહેનોની મહેનત રંગ લાવી છે. આંગણવાડી કાર્યકર ચંદ્રભાગાબેન ચૌધરી જણાવે છે કે, ૩ વર્ષથી લઈને ૬ વર્ષ સુધીના બાળકોને અહીં આંગણવાડીમાં જ્ઞાન સાથે ગમ્મત દ્વારા વિવિધ

**ખાસ લેખ**
**- જિજ્ઞેશ સોલંકી**

પ્રવૃત્તિ કરાવવામાં આવે છે તેની સાથે બાળકોના પોષણ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. જે માટે સવારે મેનુ મુજબ રોજ, ૫૦ એમ.એલ. ફ્લેવર્ડ મિલ્ક, નાસ્તો અને દાળ-ભાત-શાક સહિતનું ભોજન પણ કરાવવામાં આવે છે. આ સિવાય બાળક ગર્ભમાં હોય ત્યારથી સગર્ભા માતા અને બાળકના જન્મ બાદ ધાત્રીમાતા અને તેનું બાળક કુપોષણમુક્ત બને અને પોષણ સ્તરમાં સુધારો આવે તે માટે મહિનાના ચારેય મંગળવાર ઉજવવામાં આવે છે. પ્રથમ મંગળવારે સુપોષણ સવાર, બીજાએ બાળતુલા દિવસ, ત્રીજાએ અન્નપ્રાશન દિવસ અને ચોથા મંગળવારે અન્ન વિતરણ (ટીએચઆર- ટેક હોમ રાશન) કરવામાં આવે છે. માતાઓને પોષણલક્ષી શિક્ષણ પણ આપવામાં આવે છે. બાળકોને સ્વચ્છતા અંગે હેન્ડવોશની તાલીમ પણ રોજ આપવામાં આવે છે. અમારા માટે સૌથી વધુ આનંદ ત્યારે થાય છે કે, જ્યારે અમારા વિસ્તારના દરેક બાળકો કુપોષણની જાળમાંથી મુક્ત થાય. હજુ પણ અમે અટકવાના નથી. ફેઝ-૩ માં દરેક બાળકો સુધી પહોંચી વલસાડ જિલ્લાને સંપૂર્ણ કુપોષણથી મુક્ત કરી તંદુરસ્ત બનાવીશું એવો સંકલ્પ લીધો છે.

વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત જણાવે છે કે, વલસાડ જિલ્લાના દરેક બાળકને પૂરતું પોષણ અને તંદુરસ્ત જીવનની પ્રાથમિકતા આપી પોષણ સંગમ જેવા કાર્યક્રમો થકી છેવાડાના બાળકો સુધી પહોંચી રહ્યા છે. આંગણવાડી કાર્યકરો અને સુપરવાઈઝરો ઘરે-ઘરે જઈને બાળકોના વજન અને ઊંચાઈની માપણી કરી, જરૂરિયાત મુજબ તેમને પોષણયુક્ત આહાર અને દવાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત આંગણવાડી કાર્યકરો અને સુપરવાઈઝરો દ્વારા સતત એક એક બાળકનું સઘન નિરીક્ષણને કારણે છેલ્લા એક વર્ષમાં ૩૦૨૯૪ બાળકોને કુપોષણમુક્ત બનાવવામાં સિદ્ધિ હાંસલ કરી શક્યા છે. આગામી સમયમાં પણ આ કામગીરી વધુ વેગવંતી બનાવવામાં આવશે.

વધુમાં ચપલોતે જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં હાથ ધરાયેલ પોષણ સંગમ ફેઝ-૧ અને ૨ અંતર્ગત સઘન તપાસ અને સારવારના પરિણામે વલસાડ જિલ્લામાં Wasted (અતિ ગંભીર કુપોષિત) ૩,૯૧૪ બાળકોને કુપોષણમુક્ત કરવામાં સફળતા મળી છે. Underweight (ઓછું વજન ધરાવતા) ૧૦,૨૮૯ બાળકો તંદુરસ્ત શ્રેણીમાં આવ્યા છે. Stunted (ઓછી ઊંચાઈ ધરાવતા) ૧૬,૦૯૧ બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો નોંધાયો છે. આગામી સમયમાં વધુ બાળકો કુપોષણમુક્ત બને તે માટે પોષણ સંગમ ફેઝ-૩ માં ૧૦,૨૫૪ બાળકોને સમાવીને માઈક્રો પ્લાનિંગ સાથે કામગીરી તેજ કરવામાં આવી છે.

આજનું બાળક દેશની આવતીકાલનું ઉજ્જવળ ભવિષ્ય ગણાય છે. ''જેમ બીજ વાવો, તેમ ફળ મળે'' એ કહેવત યાદ અપાવે છે કે, આજની સંભાળ આવતીકાલનું પરિણામ નક્કી કરે છે. જો આપણે બાળકોને તંદુરસ્ત આરોગ્ય, પોષણ અને શિક્ષણ આપીશુ, તો દેશનું ભવિષ્ય ઉજ્જવળ અને મજબૂત બનશે.

### પોષણ સંગમ કાર્યક્રમ ગુણવત્તાયુક્ત પૂરક આહાર સુનિશ્ચિત કરે છેઃ નિલમ પટેલ



વલસાડ જિલ્લા આઈ.સી.ડી.એસ વિભાગના ઈ.ચા. પ્રોગ્રામ ઓફિસર નિલમબેન પટેલ જણાવે છે કે, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચાપલોતના માર્ગદર્શન હેઠળ આંગણવાડી કક્ષાએ સઘન ટ્રીટમેન્ટમાં જિલ્લાના અતિ ગંભીર કુપોષિત (SAM) અને મધ્યમ ગંભીર કુપોષિત (MAM) બાળકોને ઓળખી કાઢી, તેમને ''પોષણ સંગમ'' કાર્યક્રમ હેઠળ વિશેષ સારવાર આપવામાં આવી રહી છે. પોષણ સંગમ કાર્યક્રમ એ રાજ્ય સરકાર દ્વારા અમલી ૧૦ તબક્કાનો કાર્યક્રમ છે જેના દ્વારા આંગણવાડી સ્તરે જ બાળકોની ચકાસણી અને ગુણવત્તાયુક્ત પૂરક આહાર સુનિશ્ચિત કરવામાં આવે છે.

### સગર્ભા માતાથી લઈને ધાત્રી માતા સુધી રાજ્ય સરકાર દ્વારા કાળજી રાખવામાં આવે છેઃ લાભાર્થી



ડીઘી આંગણવાડી કેન્દ્રના લાભાર્થી માતા કવિતા ટોકરે એ જણાવ્યું કે, પોષણ સંગમ અભિયાન હેઠળ સોમવારથી શનિવાર સુધી રોજ મેનુ પ્રમાણે, દાળ, ભાત, ખીચડી, શાક, પૂરી, કઠોળ અને આયર્નની ગોળી પણ આપવામાં આવે છે, જેથી હું અને મારું બાળક બન્ને સ્વસ્થ છીએ. સગર્ભા માતાથી લઈને ધાત્રી માતા સુધી રાજ્ય સરકાર દ્વારા કાળજી રાખવામાં આવે છે, જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માનું છું.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ડોનાલ્ડ ટ્રમ્પને વોટ આપનારા ભારતીયો હવે તેમના કામથી શા માટે ખુશ નથી?

**ડો**નાલ્ડ ટ્રમ્પને હોંશેહોંશે વોટ આપનારા ભારતીયોનો હવે તેમનાથી મોહભંગ થયો હોય તેવી સ્થિતિ અમેરિકામાં જોવા મળી રહી છે જેની માહિતી આ અંગે થયેલા એક સરવેમાં બહાર આવી છે. આ સરવે ફેબ્રુઆરી ૧૯ના રોજ રિલીઝ થયો હતો જેમાં જણાવાયું છે કે ડોનાલ્ડ ટ્રમ્પનું પોતાની સેકન્ડ ટર્મના પહેલા વર્ષમાં જોબ્સના મોરચે જે પ્રદર્શન રહ્યું છે તેનાથી બહુમતી ભારતીય અમેરિકનો ખુશ નથી. જોકે, તેનો અર્થ એવો પણ નથી થતો કે લાખો ભારતીય અમેરિકનોની રિપબ્લિકન પાર્ટી પ્રત્યેની નારાજગીનો ફાયદો ડેમોક્રેટ્સને મળી શકે છે, કારણ કે ડેમોક્રેટિક પાર્ટીને સપોર્ટ કરતા ભારતીયોની સંખ્યામાં પણ કોઈ ખાસ વધારો જોવા નથી મળ્યો તેવું આ સરવે જણાવે છે.

કાર્નેજ એન્ડોમેન્ટ ફોર ઈન્ટરનેશનલ પીસ દ્વારા બહાર પાડવામાં આવેલા ઈન્ડિયન અમેરિકન્સ ઈન



અ ટાઈમ ઓફ ટર્બ્યુલન્સ નામના એક રિપોર્ટમાં જણાવાયું છે કે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પર્ફોમન્સથી ખુશ હોય તેવા ભારતીયોનું પ્રમાણ માત્ર ૨૯ ટકા જેટલું જ થાય છે, ૨૦૨૦માં પણ આ જ સ્થિતિ હતી અને ત્યારે થયેલા પ્રેસિડેન્શિયલ ઈલેક્શનમાં ટ્રમ્પની હાર થઈ હતી.

હવે જ્યારે ૨૦૨૬ના અંતમાં મિડ ટર્મ ચૂંટણીઓ થવાની છે ત્યારે ટ્રમ્પનું ઘટતું જતું અપ્રુવલ રેટિંગ તેમના માટે માથાનો દુ:ખાવો બની રહ્યું છે અને અધૂરામાં પૂરું ભારતીયો પણ તેમનાથી ખાસ પ્રભાવિત નથી લાગી રહ્યા. ભારતીય અમેરિકનો એટિટ્યૂડ સરવે એટલે કે IAASમાં નવેમ્બર ૨૫થી જાન્યુઆરી ૨૦૨૬ના ગાળામાં એક હજાર ભારતીય અમેરિકન એડલ્ટ્સને આવરી લેવામાં આવ્યા હતા જેમાંથી માત્ર ૨૯ ટકા લોકોએ જ ટ્રમ્પના કામકાજથી પોતે સંતુષ્ટ હોવાનું જણાવ્યું હતું.

હવે જો ભારતીય અમેરિકન્સ દ્વારા ડેમોક્રેટિક પાર્ટીને મળી રહેલા સપોર્ટની વાત કરીએ તો તે વર્ષે દર વર્ષે ઘટતો જતો દેખાઈ રહ્યો છે, અગાઉ ૨૦૨૦માં જે સરવે થયો હતો તેમાં ૫૨ ટકા અમેરિકન દેસી ડેમોક્રેટ્સને સપોર્ટ કરતા હતા જ્યારે ૨૦૨૪માં તેમનું પ્રમાણ ઘટીને ૪૮ ટકા થઈ ગયું હતું અને ૨૦૨૬માં માત્ર ૪૬ ટકા ભારતીય અમેરિકન્સ ડેમોક્રેટિક પાર્ટીને સપોર્ટ કરી રહ્યા છે. તો બીજી તરફ રિપબ્લિકન પાર્ટીને ટેકો આપતા હોય તેવા ભારતીયોની સંખ્યા વધી રહી છે પરંતુ તેનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. જેમ કે, ૨૦૨૦માં માત્ર ૧૫ ટકા ઈન્ડિયન્સ રિપબ્લિકન્સને સપોર્ટ કરતા હતા જ્યારે ૨૦૨૪માં આ પ્રમાણ વધીને ૧૯ ટકા થયું હતું અને ૨૦૨૬માં તેમાં કોઈ વધારો-ઘટાડો નહોતો થયો. છેલ્લા છ વર્ષમાં થયેલા સરવેમાં ભાગ લેનારા ૨૫થી ૨૯ ટકા ભારતીયોએ પોતાને ઈન્ડિપેન્ડન્ટ ગણાવ્યા હતા એટલે કે આ લોકો ના તો ડેમોક્રેટ્સની તરફેણમાં હતા કે ના તો રિપબ્લિકન્સની. ૨૦૨૦માં ઈન્ડિપેન્ડન્ટ ઈન્ડિયન અમેરિકન્સનું પ્રમાણ ૨૩ ટકા હતું જે ૨૦૨૪માં વધીને ૨૫ ટકા થઈ ગયું હતું અને ૨૦૨૬માં તે ૨૯ ટકા પર પહોંચી ગયું હતું.

મહત્ત્વની વાત એ છે કે અમેરિકનોમાં પણ ડોનાલ્ડ ટ્રમ્પનું અપ્રુવલ રેટિંગ ઘટી રહ્યું છે, પરંતુ ભારતીય અમેરિકનોની વાત કરવામાં આવે તો અમેરિકનોની સરખામણીએ ભારતીયોમાં ટ્રમ્પનું અપ્રુવલ ઘણું નીચું છે. જેમકે, હાલમાં જ થયેલા સરવેમાં ઈમિગ્રેશન પોલિસી બાબતે ટ્રમ્પનો અપ્રુવલ રેટ ૩૬ ટકા, ડોમેસ્ટિક ઈકોનોમિક પોલિસી બાબતે ૩૨ ટકા અને ઈન્ટરનેશનલ ઈકોનોમિક પોલિસી અંગેનું અપ્રુવલ રેટિંગ માત્ર ૩૦ ટકા હતું પણ ઈન્ડિયન્સમાં તો તે ઘટીને સાવ ૨૯ ટકાના લેવલ પર આવી ગયું છે. જ્યારે બીજી તરફ રિપબ્લિકન્સને સપોર્ટ કરતા ભારતીયોમાં ટ્રમ્પનું અપ્રુવલ રેટિંગ ખાસ્સું મજબૂત છે, જેમકે ૭૬ ટકા ભારતીયો રિપબ્લિકન્સે પ્રેસિડેન્ટના કામકાજથી ખુશી વ્યક્ત કરી છે જ્યારે ઈમિગ્રેશન પોલિસીને ટેકો આપનારા રિપબ્લિકન ભારતીય અમેરિકનોનું પ્રમાણ ૬૨ ટકા થાય છે. તેવી જ રીતે ૮૪ ટકા ડેમોક્રેટિક ભારતીય અમેરિકનો ટ્રમ્પના કામકાજથી ખુશ નથી.

# તમામ ક્રિયાઓ સ્વરૂપ દ્વારા નહીં પરંતુ પ્રકૃતિના ગુણો દ્વારા જ કરવામાં આવે છે

**જ્ઞા**ની અને અજ્ઞાનીમાં શું અંતર છે તેને ભગવાન આગળના શ્લોક(૩/૨૭)માં બતાવે છે.

પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ
અહંકારવિમૂઢાત્મા કર્તા=હમિતિ મન્યતે

(કર્માણિ-સઘળા કર્મો, સર્વશઃ - સર્વ પ્રકારે, પ્રકૃતેઃ -પ્રકૃતિના,ગુણૈઃ -ગુણો વડે, ક્રિયમાણાનિ-કરવામાં આવે છે છતાં પણ, અહંકારવિમૂઢાત્મા-અહંકાર દ્વારા મોહિત થયેલા અંતઃકરણનો અજ્ઞાની મનુષ્ય, અહમ્ કર્તા-હું કર્તા છું, ઈતિ-એમ, મન્યતે-માને છે)

વાસ્તવમાં બધા કર્મો સર્વ પ્રકારે પ્રકૃતિના ગુણો વડે કરવામાં આવે છે છતાં પણ અહંકાર દ્વારા મોહિત થયેલા અંતઃકરણનો અજ્ઞાની જીવાત્મા 'હું કર્તા છું' એમ માને છે. જે સમષ્ટિ શક્તિથી શરીર, વૃક્ષ વગેરે પેદા થાય છે અને વધે ઘટે છે, ગંગા વગેરે નદીઓ પ્રવાહિત થાય છે મકાન વગેરે પદાર્થોમાં પરિવર્તન થાય છે, તે જ સમષ્ટિ શક્તિથી મનુષ્યની જોવા, સાંભળવા, ખાવાપીવા વગેરે બધી ક્રિયાઓ થાય છે પરંતુ મનુષ્ય અહંકારથી મોહિત થઈને અજ્ઞાનવશ એક જ સમષ્ટિ શક્તિ વડે થવાવાળી ક્રિયાઓના બે વિભાગ કરી લે છે. એક તો આપમેળે થવાવાળી ક્રિયાઓ જેવી કે શરીરનું બનવું, ભોજન પચવું વગેરે અને બીજીજ્ઞાનપૂર્વક થવાવાળી ક્રિયાઓ જેવી કે જોવું, બોલવું, ભોજન કરવું વગેરે જ્ઞાનપૂર્વક થવાવાળી ક્રિયાઓને મનુષ્ય અજ્ઞાનવશ પોતાના દ્વારા કરવામાં આવનારી માની લે છે. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણો સત્વરજ અને તમનું કાર્ય હોવાથી બુદ્ધિ, અહંકાર, મન, પાંચ મહાભૂતો, દશ ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વગેરે પાંચ વિષયો એ પણ પ્રકૃતિના ગુણો કહેવાય છે. તમામ ક્રિયાઓ સ્વરૂપ દ્વારા નહિ પરંતુ પ્રકૃતિના ગુણો દ્વારા જ કરવામાં આવે છે.

દાર્શનિક ક્ષેત્રમાં સતત ચાલનારો એક વિવાદ છે. જે કાર્યો થાય છે તેનો કર્તા કોણ? ઘણાં દર્શનો જીવાત્માને જ કર્તા તથા ભોક્તા માને છે પણ ગીતા ઉપર સાંખ્યદર્શનનો મોટો પ્રભાવ છે એટલે ગીતા ઘણીવાર પ્રકૃતિના ગુણોથો ક્રિયા થાય છે તેવું માને છે. ગુણ પ્રમાણે ક્રિયા થાય પછી જીવાત્માપુરૂષ કર્તા ન કહેવાય પણ જીવાત્મા અહંકારવશ પોતાને કર્તા માને છે.

ક્રિયાઓ ત્રણ પ્રકારની હોય છે. કુદરતી પ્રક્રિયાથી થતી ક્રિયા, ઈચ્છા વિના થનારી શારીરિક ક્રિયા અને ઈચ્છાપૂર્વક થનારી ક્રિયા.

કુદરતી ક્રિયાકુદરત સતત સક્રિય છે, નિષ્ક્રિયતા ક્યાંય નથી. મડદામાં પણ સડવાની ક્રિયા ચાલ્યા કરે છે, કશું જ નિષ્ક્રિય નથી. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારા, બ્રહ્માંડો, પવન, પાણી, ભૂમિબધાં સક્રિય છે. કણેકણે કુદરતની ફેકટરી ધમધમાવી રહ્યો છે. બીજની સક્રિયતામાંથી અંકુર ફુટે છે અને અંકુરની સક્રિયતાથી છોડ થાય છે. આખું બ્રહ્માંડ ક્રિયાથી ધમધમી રહ્યું છે પણ આ કુદરત સહજ ક્રિયા છે તેથી તેને કુદરતી ક્રિયા કહેવાય.

ઈચ્છા વિનાની ક્રિયા આપણા શરીરમાં પણ સતત ક્રિયા ચાલતી રહે છે. તેમાં કેટલીક આપણી ઈચ્છા ન હોવા છતાં પણ ક્રિયા ચાલતી રહે છે, જેવી કે શ્વાસ, હૃદય, કીડની વગેરે ચાલવાં અને પાચનપ્રક્રિયા. વ્યક્તિ જાગતી હોય કે ઉંઘતી હોય, ભાનમાં હોય કે બેભાનમાંઆ બધી ક્રિયાઓ ચાલ્યા જ કરતી હોય છે, તે ઈચ્છા વિના ચાલતી ક્રિયા છે. આપણે ઈચ્છા કરીને પણ શ્વાસ બંધ ના કરી શકો, હૃદય બંધ ન કરી શકો, કીડની કે પાચનક્રિયા બંધ ન કરી શકો, તે બધું આપણે આધિન નથી.

ઈચ્છાપૂર્વક થનારી ક્રિયાકેટલીક ક્રિયાઓ આપણે ઈચ્છાપૂર્વક કરીએ છે, તેના બે ભેદ છે. આવેગમાં ઉભરામાં થનારી ક્રિયા અને શાંતિથી સમજી વિચારીને




થનારી ક્રિયા.

આવેગમાં ઉભરામાં થનારી ક્રિયા આપણા વશમાં નથી. કામક્રોધ વગેરે આવેગો આપણને ભાન ભુલાવે છે, પછી પોતાનું ધાર્યું કરાવી દે છે આ આવેગ ક્રિયા છે. કેટલીક ક્રિયાઓ શાંતિથી સમજી વિચારી ડાહ્યા લોકોની સલાહ લઈને કરતા હોઈએ છીએ, આ સ્વક્રિયા છે, તેની જવાબદારી આપણી રહે છે.



## ગીતામૃતમ્

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

જ્યારે જે સમયે જે ગુણની વૃદ્ધિ થાય છે ત્યારે તે સમયે તે ગુણ આપણા ઉપર છવાય જાય છે, પછી તે આપણી પાસે ફરજીયાત ક્રિયા કરાવે છે, ન ઈચ્છા હોય તો પણ ક્રિયા કરાવે છે. આવી ક્રિયાને પ્રકૃતિના ગુણો દ્વારા થનારી ક્રિયા કહેવાય, આવું હોવા છતાં અહંકારથી વિમૂઢ થયેલો જીવાત્મા પોતાને જ કર્તા માની બેસે છે તે યોગ્ય નથી.

'અહંકારવિમૂઢાત્મા' અહંકાર અંતઃકરણની એક વૃત્તિ છે. પોતે એ વૃત્તિનો જ્ઞાતા છે પરંતુ ભૂલથી પોતાને તે વૃત્તિ સાથે ભેળવવાથી એટલે કે તે વૃત્તિને જ પોતાનું સ્વરૂપ માની લેવાથી આ મનુષ્ય વિમૂઢાત્મા કહેવાય છે.

'અહમ્' બે પ્રકારનો હોય છે. વાસ્તવિક 'અહમ્' જેમકે 'હું છું', અવાસ્તવિક માનેલો 'અહમ્' જેમકે 'હું શરીર છું'. 'વાસ્તવિક અહંકાર' સ્વાભાવિક તેમજ નિત્ય અને 'અવાસ્તવિક અહંકાર' અસ્વાભાવિક તેમજ અનિત્ય હોય છે આથી 'વાસ્તવિક અહંકાર' વિસ્મૃત તો થઈ શકે છે પરંતુ દૂર થઈ શકતો નથી. મનુષ્યની ભૂલ એ થાય છે કે 'વાસ્તવિક અહમ્' પોતાના સ્વરૂપને વિસ્તૃત કરીને 'અવાસ્તવિક અહમ્' હું શરીર છું ને જ સત્ય માની લે છે.

'કર્તા=હમિતિ મન્યતે' જો કે તમામ કર્મો બધી રીતે પ્રકૃતિજન્ય ગુણોદ્વારા જ કરવામાં આવે છે તો પણ અહંકારથી મોહિત અંતઃકરણવાળો અજ્ઞાની મનુષ્ય કેટલાક કર્મોનો કર્તા પોતાને માની લે છે, કારણ કે તે અહંકારને જ પોતાનું સ્વરૂપ માની બેસે છે. અહંકારના કારણે જ મનુષ્ય શરીર, ઈન્દ્રિયો, મન વગેરેમાં 'હું' પણું કરી લે છે અને શરીર વગેરેની ક્રિયાઓનો કર્તા પોતાને માની લે છે. આ વિપરીત માન્યતા મનુષ્યે પોતે જ કરી છે એટલા માટે તેને દૂર પણ તે જ કરી શકે છે. તેને દૂર કરવાનો ઉપાય છે તેને વિચાર વિવેકપૂર્વક ન માનવી કેમ કે, માન્યતા વડે જ માન્યતા કપાય છે. એક કરવું હોય છે અને એક ન કરવું હોય છે. સુવું, જાગવું, બેસવું, ચાલવું, સમાધિસ્થ થવું એ બધી ક્રિયાઓ જ છે. ક્રિયા માત્ર પ્રકૃતિમાં થાય છે.

જેવી રીતે સમુદ્રનો જ અંશ હોવાના કારણે લહેર અને સમુદ્રમાં જાતીય એકતા છે એટલે કે જે જાતીની લહેર છે તે જ જાતિનો સમુદ્ર છે તેવી જ રીતે સંસારનો જ અંશ હોવાના કારણે શરીરની સંસાર સાથે જાતીય એકતા છે. મનુષ્ય સંસારને તો 'હું' નથી માનતો પણ ભૂલથી 'શરીરને હું' માની લે છે. જેવી રીતે સમુદ્ર વિના લહેરનું પોતાનું કોઈ અસ્તિત્વ નથી પરંતુ અહંકારથી મોહિત અંતઃકરણવાળો મનુષ્ય જ્યારે શરીરને 'હું' માની છે ત્યારે તેનામાં અનેક પ્રકારની કામનાઓ ઉત્પન્ન થવા લાગેછે, જેમકે મને સ્ત્રી, પુત્ર, ધન વગેરે પદાર્થો મળી જાય, લોકો મને સારો સમજે, મારૂં આદરસન્માન કરે, મને અનુકૂળ થઈને ચાલે વગેરે.. તેનું એ તરફ ધ્યાન જ જતું કે શરીરને પોતાનું સ્વરૂપ માનીને હું પહેલાંથી જ બંધાઈ બેઠો છું. હવે કામનાઓ કરીને વધુ બંધન વધારી રહ્યો છું, પોતાને વધુ વિપત્તિમાં નાખી રહ્યો છું. આ શરીર હું છું, હું કર્તા છું વગેરે અસત્ય માન્યતાઓ પણ એટલી દ્રઢ થઈ જાય છે કે તેને છોડવી કઠિન થઈ પડે છે, પછી હું શરીર નથી, હું અકર્તા છું. વગેરે સત્ય માન્યતાઓ દ્રઢ કેમ ન થાય? અને એકવાર દ્રઢ જાય પછી છૂટે પણ કેવી રીતે? બધી જ ક્રિયાઓ જડવિભાગમાં જ થાય છે. ચેતન વિભાગમાં ક્યારેય લેશમાત્ર પણ કોઈ ક્રિયા નથી. અહંકારથી અંતઃકરણ મોહિત થવાના કારણે અજ્ઞાની મનુષ્ય 'હું કર્તા છું' એવું માની લે છે. અહંકારથી અંતઃકરણ મોહિત થવાનો અર્થ એ છે કે અપરા પ્રકૃતિનો અંશ અહંની સાથે પોતાનો સંબંધ માની લેવો એટલે કે અહમ્‌ને પોતાનું સ્વરૂપ માની લેવું કે 'આ જ હું છું' આને જ તાદાત્મય કહે છે.

સ્વરૂપમાં કોઈ ક્રિયા નથી. ક્રિયા ત્યાં જ થાય છે જ્યાં કોઈ ખાલી જગ્યા હોય. સંપૂર્ણ ઠોસ સ્વરૂપમાં ક્રિયા કંઈ રીતે થઈ શકે? પરંતુ પોતાને કર્તા માની લેવાથી તે પ્રકૃતિની જે ક્રિયાની સાથે સંબંધ જોડે છે તે ક્રિયા તેના માટે ફળ આપનારી 'કર્મ' બની જાય છે, જેનું ફળ તેણે ભોગવવું જ પડે છે, કારણ કે જે કર્તા હોય છે તે જ ભોક્તા હોય છે.

# એસ્ટ્રોનોટ્સને ચંદ્રની ફરતે મોકલવાના મિશનને નાસાએ એપ્રિલ સુધી લંબાવ્યું

## રૉકેટના પ્રોપલ્શન સિસ્ટમમાં હીલિયમ પ્રવાહમાં ખામીઃ સ્પેસ લોન્ચ સિસ્ટમના રૉકેટની સમસ્યા તેની ઈન્ટરિમ ક્રાયોજેનિક પ્રોપલ્શન સ્ટેજમાં હીલિયમ પ્રવાહમાં ખામી આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૨૩ઃ** નાસા દ્વારા તેના એસ્ટ્રોનોટ્સને ચંદ્રની ફરતે ભ્રમણ કરવા માટેનું મિશન આર્ટેમિસ ૨ને એપ્રિલ સુધી લંબાવી દીધું છે. આ મિશન પહેલાં ૬ માર્ચે લોન્ચ થવાનું હતું. આ માટેની તમામ તૈયારીઓ ચાલી રહી હતી. જોકે ૨૦ ફેબ્રુઆરીએ રૂટિન ચેકઅપ દરમિયાન સ્પેસ લોન્ચ સિસ્ટમ રૉકેટમાં ખામી જોવા મળી હતી. આ ખામીને કારણે મિશનને લંબાવી દેવામાં આવ્યું છે અને હવે તે માર્ચની જગ્યાએ એપ્રિલમાં લોન્ચ કરવામાં આવશે.



સ્પેસ લોન્ચ સિસ્ટમના રૉકેટની સમસ્યા તેની ઈન્ટરિમ ક્રાયોજેનિક પ્રોપલ્શન સ્ટેજમાં હીલિયમ પ્રવાહમાં ખામી આવી છે. આ સિસ્ટમ એન્જિનને શુદ્ધ કરવા અને ફ્યુઅલ ટેક્રમાં પ્રેશર બનાવવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ મહિને બે વાર રિહર્સલ દરમિયાન તે સારી રીતે કામ કરી રહ્યું હતું. જોકે રૂટિન ચેકઅપ દરમિયાન એમાં એ નિષ્ફળ રહ્યું હતું અને એથી જ તારીખને પાછળ કરવામાં આવી છે.

આ ખામી જે છે એને કારણે નાસાના એન્જિનિયરો આ પ્રોબ્લેમને વ્હીકલ એસેમ્બલી બિલ્ડિંગ (VAB)માં દૂર કરશે. એનો અર્થ એ છે કે માર્ચની જે તારીખ પહેલેથી નક્કી હતી એ તારીખે મિશન લોન્ચ કરવું શક્ય નથી. આથી જ રૉકેટને પાછું હેંગરમાં લઈ જવામાં આવ્યું છે. નાસાના એક અધિકારીએ સ્વીકાર્યું કે આ ડેવલપમેન્ટને કારણે લોકો નિરાશ થઈ શકે છે, પરંતુ આ પ્રકારની સમસ્યા સ્પેસ મિશનમાં આવવી એ ખૂબ જ સામાન્ય વાત છે.

આર્ટેમિસ ૨ મિશન અત્યાર સુધીમાં અનેક અવરોધોનો સામનો કરી ચૂક્યું છે. આ મિશનને સૌથી પહેલાં ૬ થી ૧૧ ફેબ્રુઆરીની વચ્ચે લોન્ચ કરવાનું હતું. જોકે રિફ્યુઅલિંગ દરમિયાન નાના હાઈડ્રોજન લીક અને ટેકનિકલ ખામીઓ વેટ ડ્રેસ રિહર્સલમાં મળી આવી હતી. નાસા દ્વારા દરેક ખામીને ખૂબ જ મહત્ત્વની ગણવામાં આવી રહી છે અને એને પ્રાયોરિટીમાં રાખીને દૂર કરવામાં આવી રહી છે. આ મિશનમાં અંતરિક્ષયાત્રીઓ જઈ રહ્યાં હોવાથી તેમની સુરક્ષાને ખૂબ જ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ૧૯ ફેબ્રુઆરીએ થયેલી બીજી ડ્રેસ રિહર્સલ સફળ રહી. એમાં પ્રવાહી ઇંધણ ભરતી વખતે કોઈ લીક જોવા મળ્યું નહોતું. જોકે બીજા જ દિવસે એમાં ખામી જોવા મળી હતી.

આ મિશન જ્યારે લોન્ચ કરવામાં આવશે ત્યારે ઓરિયન કેપ્સ્યુલ તેના ૧૦-દિવસના મિશનમાં અત્યાર સુધીના કોઈપણ માનવ મિશન કરતાં અંતરિક્ષમાં સૌથી દૂર જશે. તે છઠ્ઠા દિવસે એપોલો ૧૩નો ૪૦૦,૧૭૧ કિમીનો રેકોર્ડ તોડશે. આ મિશન પૂરું થશે ત્યારે ઓરિયન કેપ્સ્યુલ કેલિફોર્નિયાના સાન ડિએગો નજીક પ્રશાંત મહાસાગરમાં લેન્ડ કરશે. આ મિશન આ વખતે ચંદ્ર પર લેન્ડ નહીં થાય. ચંદ્ર પર અંતરિક્ષયાત્રી લેન્ડ થશે એ મિશન આર્ટેમિસ ૩માં કરવામાં આવશે. જોકે આ બીજું મિશન અત્યંત મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે નાસાની ચંદ્ર પર જવાની ટેક્નિકની ક્ષમતા દેખાડશે.

# સાવધાન..: ભારત વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યું છે ચીન અને પાકિસ્તાનઃ નેપાળમાં ગુપ્ત બેઠક મળી

## ચીન અને પાકિસ્તાન નેપાળની જમીનનો ઉપયોગ કરી રહ્યું છે : બેઠકમાં પાકિસ્તાન અને ચીનના ૭ પ્રમુખ અધિકારીઓ સામેલ હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કાઠમાંડુ, તા.૨૩**

નેપાળની રાજધાની કાઠમાંડુના સૌથી સુરક્ષિત વિસ્તાર બાલુવાટારમાં ૧૬ ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાન અને ચીનના અધિકારીઓની એક સીક્રેટ બેઠક થઈ હતી. આ બેઠકમાં ચીન અને પાકિસ્તાનના ટોચના અધિકારીઓ હાજર રહ્યા હતા. ખાસ વાત એ હતી કે, આ બેઠકમાં નેપાળ સ્થિત પાકિસ્તાન દૂતાવાસમાં તૈનાત પાકિસ્તાની ડિફેન્સ અટૈચી કર્નલ હફીઝ ઉર રહમાન પણ સામેલ હતા.

આ બેઠકમાં ભારતને અસ્થિર કરવા માટે અરુણાચલ પ્રદેશના નામ પર સાજિશનો એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ માટે ચીન અને પાકિસ્તાનમાં દક્ષિણ નેપાળના મધેસિયા સમુદાયના સ્થાનિક નેપાળી પત્રકારો, સામાજિક કાર્યકરો અને વ્યક્તિઓને ઓળખવા અને તેમને કાર્યો સોંપવા માટે એક સંપૂર્ણ યોજના વિકસાવવામાં આવી હતી. સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા પ્રાપ્ત સતત ઈનપુટ્સના આધારે, એવા મજબૂત પુરાવા છે કે ચીન અને પાકિસ્તાન ભારત વિરુદ્ધ કાવતરું ઘડવા માટે નેપાળી જમીનનો ઉપયોગ કરી રહ્યા છે.

સુત્રો પાસેથી મળતી જાણકારી અનુસાર આ બેઠકમાં પાકિસ્તાન અને ચીનના સાત પ્રમુખ અધિકારીઓ સામેલ હતા. અંદાજે ૨ કલાક ચાલેલી આ બેઠકમાં ચીન દ્વારા અરુણાચલ પ્રદેશનો ઉલ્લેખ ભારતને અસ્થિર કરવાના સાધન તરીકે કર્યો હતો. આ બેઠક ૨૦ ફેબ્રુઆરીએ આવતા અરુણાચલ પ્રદેશના સ્થાપના દિવસના વાતાવરણને ખલેલ પહોંચાડવા માટે યોજાઈ હતી. ચીને આ હેતુ માટે ખાસ ૨૩ સ્થાનિક લોકોની પસંદગી કરી હતી.

આ યોજના હેઠળ નેપાળના એ લોકોની પસંદગી કરવામાં આવી હતી. જે ચીનના અલગ અલગ વિસ્તારમાં છેલ્લા ૨ વર્ષ દરમિયાન મુસાફરી કરવા માટે આવ્યા હતા. પરંતુ આ વાત અલગ છે કે, ચીન અને પાકિસ્તાનનું મોટું શ્રડયંત્રાતવાંગને નેપાળના પ્રદેશનો ભાગ ગણાવવાની આંતરરાષ્ટ્રીય કહાની સ્થાપિત કરવાનો પ્રયાસ સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. આ ૨૩ નેપાળીઓમાંથી કેટલાકને ભારત મોકલવાની યોજના હતી. હાલમાં, વ્યાપક માહિતી એકત્રિત કરવા માટે તેમાંથી ૧૪ નેપાળીઓને ઉત્તરપૂર્વ મોકલવાની યોજના ચાલી રહી છે. કેન્દ્રિય ખુફિયા એજન્સીને મળેલા ઈનપુટના આધાર પર આ વાતની પુષ્ટિ થઈ છે કે, આ સમગ્ર યોજનાની પાછળ ચીનના ચેંગદુ સ્થિત પીપુલ્સ લિબરેશન આર્મીના પશ્ચિમી થિએટર કમાનના કેટલાક અધિકારીઓનું શ્રડયંત્ર હતુ. ડિસેમ્બર ૨૦૨૪માં ચીને નેપાળના લલિતપુર અને કીર્તિપુરમાં પોતાના સાંસ્કૃતિક કાર્યક્રમો અને ધરોહરોની સાથે પોતાની ભાષાના પ્રચાર માટેર કેન્દ્ર સ્થાપિત કર્યા છે.મળતી માહિતી મજુબ છેલ્લા કેટલાક સમયમાં ચીન અને પાકિસ્તાનના અધિકારીઓ વચ્ચે કાઠમાંડુમાં સતત અનેક બેઠકો થઈ ચૂકી છે.

# મધ્યપ્રદેશમાં ભાજપના ભ્રષ્ટાચારની પોલ ખુલીઃ ૪૦૦ કરોડના ખર્ચે બનેલો બ્રિજ ચાર વર્ષમાં ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભોપાલ, તા.૨૩**

મધ્ય પ્રદેશમાં ભાજપના રાજમાં સરકારી ભ્રષ્ટાચાર અને નબળા બાંધકામનો એક ચોંકાવનારો નમૂનો સામે આવ્યો છે. જબલપુરથી ભોપાલને જોડતા નેશનલ હાઈવે-૪૫ પર માત્ર ૪ વર્ષ પહેલાં બનેલો ૪૦૦ કરોડનો બ્રિજ ધરાશાયી થતાં તંત્રની પોલ ખુલી ગઈ છે. જબલપુર-ભોપાલ નેશનલ હાઈવે-૪૫ પર સ્થિત વના રેલવે ઓવરબ્રિજનો એક મોટો હિસ્સો તૂટી પડ્યો છે. આ બ્રિજનો એક ભાગ છેલ્લા ઘણા સમયથી ક્ષતિગ્રસ્ત હતો, જેના કારણે વાહનવ્યવહાર માત્ર એક તરફથી ચલાવવામાં આવતો હતો. પરંતુ હવે બીજો હિસ્સો પણ ધરાશાયી થતાં હાઈવે પરનો ટ્રાફિક સંપૂર્ણપણે અટકી ગયો છે. ૪ વર્ષ પહેલાં રૂ.૪૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલો ૫૬ કિલોમીટર લાંબો માર્ગ અને આ બ્રિજ આટલી જલ્દી જવાબ આપી દેતા બાંધકામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. આ ઓવરબ્રિજનું નિર્માણ મેસર્સ બાગડ ઈન્ફ્રા નામની કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, આ કંપનીને નબળા કામ અને ગેરરીતિ બદલ પહેલાથી જ બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. આ ઉપરાંત, બાંધકામ દરમિયાન ગેરકાયદેસર ખનન કરવા બદલ વહીવટીતંત્ર દ્વારા કંપની પર રૂ.૮૨ કરોડનો જંગી દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. હાલમાં આ બ્રિજ ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ (ગેરંટી પિરિયડ) હેઠળ હતો, જેથી તેની મરામતનો ખર્ચ કોન્ટ્રાક્ટરે જ ભોગવવો પડશે.

દુર્ઘટના બાદ હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી ટ્રાફિક ડાયવર્ટ કર્યો છે. ભારે વાહનોને બાયપાસ માર્ગે અને હળવા વાહનોને શહેપુરા શહેરની અંદરના રસ્તાઓ પરથી પસાર કરવામાં આવી રહ્યા છે. ભોપાલ જવા માંગતા મુસાફરોને ગોટેગાંવ અથવા પાટણ બાયપાસ થઈને જવાની સલાહ આપવામાં આવી છે. બીજી તરફ, ટોલ ટેક્સની વસૂલાત ચાલુ હોવા છતાં મુસાફરોની સુરક્ષા ભગવાન ભરોસે હોવાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

નેટ રન રેટ બન્યું ટેન્શન!

## સુપર-૮ ની પ્રથમ મેચમાં હારથી બગડ્યું ભારતીય ટીમનું ગણિત

**ક્વોલિફાય થવા માટે ભારતને હવે વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે સામેની બાકીની બંને મેચ જીતવાની જરૂર છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩:** T20 વર્લ્ડ કપ ૨૦૨૬ ના સુપર ૮ તબક્કાની પહેલી જ મેચમાં ભારતનો પરાજય નિરાશાજનક રહ્યો. દક્ષિણ આફ્રિકાએ અમદાવાદમાં ૭૬ રનથી ભારતને હાર આપી. આ હારથી ભારત પોઈન્ટ ટેબલમાં પાછળ ધકેલાઈ ગયું એટલું જ નહીં પરંતુ તેમના નેટ રન રેટ (NRR) ને પણ ભારે નુકસાન થયું. સુપર ૮ ગ્રુપમાં બે ગ્રુપ છે, જેમાં દરેક ગ્રુપમાં ચાર ટીમો છે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે.

દક્ષિણ આફ્રિકા સુપર ૮ ગ્રુપ ૧ માં બે પોઈન્ટ અને +૩.૮૦૦ ના પ્રભાવશાળી નેટ રન રેટ સાથે આગળ છે, જ્યારે ભારત, એક મેચ હાર્યા પછી, શૂન્ય પોઈન્ટ અને -૩.૮૦૦ NRR સાથે તળિયે સરકી ગયું છે. -૩.૮૦૦ નેટ રન રેટનો અર્થ એ છે કે ભારતે તેમની આગામી બંને મેચ નોંધપાત્ર માર્જિનથી જીતવી પડશે. જો કે, બંને મેચ જીતવાથી પણ ભારતને સેમિફાઈનલમાં સ્થાનની ખાતરી મળતી નથી. સુપર ૮ ગ્રુપ ૧ માં બાકીની બે ટીમો, વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે આજે એકબીજા સામે સુપર ૮ ઝુંબેશ શરૂ કરશે. એ સ્પષ્ટ છે કે આગળની દરેક મેચ ભારત માટે પોતાના માટે અને ગ્રુપની અન્ય ટીમો માટે નિર્ણાયક બની ગઈ છે.

ભારતને હવે વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે સામેની બાકીની બંને મેચ જીતવાની જરૂર છે. ભારત ૨૬ ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં ઝિમ્બાબ્વે અને ૧ માર્ચે કોલકાતામાં વેસ્ટ ઈન્ડિઝનો સામનો કરશે. જો ભારત બંને મેચ જીતે છે તો તેના ચાર પોઈન્ટ થશે. જો દક્ષિણ આફ્રિકા તેની બંને મેચ જીતે છે તો તેના છ પોઈન્ટ થશે અને તે સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે. ભારત માટે સેમિફાઈનલમાં પહોંચવા માટે ચાર પોઈન્ટ પૂરતા હશે કારણ કે અન્ય બે ટીમો પાસે ફક્ત બે પોઈન્ટ હશે. સેમિફાઈનલમાં પહોંચવા માટે આ સૌથી સરળ સમીકરણ છે.

જોકે, સૌથી મોટી સમસ્યા ઊભી થાય છે જો દક્ષિણ આફ્રિકા તેની બાકીની બે મેચોમાંથી ફક્ત એક જ જીતે અને વેસ્ટ ઈન્ડીઝ અથવા ઝિમ્બાબ્વે દક્ષિણ આફ્રિકાને હરાવે. આવી સ્થિતિમાં ત્રણ ટીમો ચાર પોઈન્ટ સુધી પહોંચી શકે છે. ત્યારબાદ નેટ રન રેટ નિર્ણાયક પરિબળ બનશે. ભારતનો વર્તમાન નેટ રન રેટ (-૩.૮૦૦) ઘણો નબળો છે, તેથી આ સ્થિતિમાં, ભારતને તેની બાકીની બંને મેચોમાં મોટી જીતની જરૂર પડશે.

જો દક્ષિણ આફ્રિકા તેની બાકીની બંને મેચ હારી જાય છે તો ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ બંનેને બે-બે પોઈન્ટ મળશે, જ્યારે દક્ષિણ આફ્રિકા ફક્ત બે પોઈન્ટ સુધી મર્યાદિત રહેશે.

આ સ્થિતિમાં, જો ભારત ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ બંનેને હરાવે છે તો ટીમ ઈન્ડિયા ચાર પોઈન્ટ મેળવશે. ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની આજની મેચ પછી નોકઆઉટ તરીકે સેવા આપશે. વિજેતા ટીમ ચાર પોઈન્ટ મેળવશે અને ભારત સાથે સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે.

આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશેટે કહ્યું

## સાઉથ આફ્રિકા સામેની હાર બાદ બદલાઈ જશે ટીમ ઈન્ડિયા

**સંજુ સેમસન આગામી દિવસોમાં ચર્ચાનો વિષય બનશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩:** અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા સામે મળેલી કારમી હારથી ટીમ ઈન્ડિયાની રણનીતિ પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની સુપર ૮ મેચમાં સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમને દક્ષિણ આફ્રિકા સામે ૭૬ રનથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો. T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં આ ભારતની સૌથી મોટી હાર છે. આ હાર બાદ ટીમ કોમ્બિનેશનમાં ફેરફાર અંગે ચર્ચાઓ તેજ થઈ ગઈ છે અને જે નામની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે તે સંજુ સેમસન છે.

મેચ પછી આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશેટે મીડિયા સાથેની વાતચીતમાં સ્વીકાર્યું કે સંજુ સેમસનનું નામ આગામી દિવસોમાં ચોક્કસપણે ચર્ચામાં રહેશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ટીમે છેલ્લા ૧૮ મહિનામાં સારું પ્રદર્શન કરનારા ખેલાડીઓ પર આધાર રાખવો જોઈએ કે પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર કરીને સેમસનને તક આપવી જોઈએ, ત્યારે તેમણે સ્પષ્ટપણે કહ્યું કે સંજુ સેમસન આગામી દિવસોમાં ચર્ચાનો વિષય બનશે.

ટીમ ઈન્ડિયાના આસિસ્ટન્ટ કોચનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઘણી ટીમો ટોચના ક્રમ સામે પાર્ટ-ટાઈમ ઓફ-સ્પિનર્સનો ઉપયોગ કરી રહી છે અને ભારતની બેટિંગ લાઈન-અપ દબાણમાં હોય તેવું લાગે છે.

કોચે એ પણ ખુલાસો કર્યો કે યુવા ઓપનર અભિષેક શર્મા ફૂડ પોઈઝનિંગ સામે ઝઝૂમી રહ્યો હતો અને સતત ત્રણ વખત શૂન્ય પર આઉટ થયા પછી માનસિક દબાણમાં હતો. તેમણે કહ્યું કે, તે અભિષેક કે તિલક માટે બહાનું બનાવી રહ્યો નથી, પરંતુ જ્યારે કોઈ ખેલાડી સતત ત્રણ વખત શૂન્ય આઉટ થાય છે ત્યારે દબાણ વધવું સ્વાભાવિક છે.

ભારતની હારથી સેમિફાઈનલમાં ભારતની એન્ટ્રી મુશ્કેલ બની ગઈ છે. આવી સ્થિતિમાં ટીમ મેનેજમેન્ટ મહત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે તૈયાર દેખાય છે. હવે બધાની નજર સંજુ સેમસનને આગામી મેચમાં તક આપવામાં આવશે કે કેમ તેના પર છે.

ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી પર ભડક્યા ગાવસ્કર

## રન રેટ ૯.૫ હતો ૧૫ નહીં, તો આટલી ઉતાવળ કેમ?

**ખાસ કરીને નંબર-૩ પર રમવા આવેલા તિલક વર્માના વલણથી દિગ્ગજ ક્રિકેટર સુનીલ ગાવસ્કર ભારે નારાજ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩:** સાઉથ આફ્રિકા સામેની શરમજનક હાર બાદ ભારતીય ટીમની બેટિંગ રણનીતિ પર સવાલો ઉઠી રહ્યા છે. ખાસ કરીને નંબર-૩ પર રમવા આવેલા તિલક વર્માના વલણથી દિગ્ગજ ક્રિકેટર સુનીલ ગાવસ્કર ભારે નારાજ દેખાયા છે. તેમણે તિલકને તેની જવાબદારીનું ભાન કરાવતા આકરા શબ્દોમાં ટીકા કરી છે.




અમદાવાદમાં રમાયેલા સુપર-૮ મુકાબલામાં ૧૮૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ઈશાન કિશનની વિકેટ વહેલી ગુમાવી દીધી હતી. ત્યારબાદ ક્રિઝ પર આવેલા તિલક વર્મા પાસેથી પારી સંભાળવાની આશા હતી, પરંતુ તે માત્ર ૧ રન બનાવી માર્કો જાનસેનનો શિકાર બન્યો હતો. સુનીલ ગાવસ્કરે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, "તિલક સમજદાર બેટ્સમેન છે, પણ તેના અભિગમથી હું નિરાશ છું. રન રેટ ૯.૫ હતો, ૧૫ નહીં. તમારે થોડો સમય આપવાની જરૂર હતી. અભિષેક રન નહોતો બનાવી રહ્યો, તેથી પાવરપ્લે સુધી પાર્ટનરશિપ કરવાની જવાબદારી તમારી હતી." ચિંતાની વાત એ છે કે દક્ષિણ આફ્રિકા સામે ભૂતકાળમાં શાનદાર રેકોર્ડ ધરાવનાર તિલક આ વર્લ્ડ કપમાં ફ્લોપ સાબિત થઈ રહ્યો છે. આ પહેલા તેણે આફ્રિકા સામે ૭૦.૮૫ની એવરેજથી ૪૯૬ રન બનાવ્યા હતા, જેમાં બે સદી પણ સામેલ હતી. જોકે, વર્તમાન ટૂર્નામેન્ટની ૫ મેચમાં તે માત્ર ૧૦૭ રન જ બનાવી શક્યો છે, જે તેની ક્ષમતા કરતા ઘણું ઓછું પ્રદર્શન છે.

ટોપ ઓર્ડરની સતત નિષ્ફળતા બાદ હવે ટીમમાં ફેરફારના સંકેત મળી રહ્યા છે. સહાયક કોચ રયાન ટેન ડોશેટે સંકેત આપ્યા છે કે આગામી મેચોમાં તિલક વર્માના સ્થાને સંજુ સેમસનને તક આપવામાં આવી શકે છે. સેમસને નામિબિયા સામે આક્રમક બેટિંગ કરીને પોતાની લય બતાવી હતી. હવે જીમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ સામેની નિર્ણાયક મેચોમાં ટીમ મેનેજમેન્ટ કેવા ફેરફાર કરે છે તે જોવું રસપ્રદ રહેશે.

ખાલિસ્તાની જૂથના નામે આવ્યો ઈમેઈલ

# લાલ કિલ્લા-દિલ્હી વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**બોમ્બ સ્ક્વોડ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારની સંપૂર્ણ તપાસ કરી, પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા તંત્રએ હાશકારો અનુભવ્યો**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩**

દિલ્હી પોલીસને આજે (૨૩ ફેબ્રુઆરી) દિલ્હી વિધાનસભા અને લાલ કિલ્લાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળ્યો હતો. આ ધમકી કથિત રીતે ખાલિસ્તાની જૂથના નામે મોકલવામાં આવી હતી, જેના કારણે સુરક્ષા એજન્સીઓને સતર્ક કરવામાં આવી હતી. ધમકી મળતાં જ દિલ્હી વિધાનસભા સંકુલમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. બોમ્બ સ્ક્વોડ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારની સંપૂર્ણ તપાસ કરી, પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. દિલ્હી પોલીસે કહ્યું કે, સર્ચ ઓપરેશનમાં કોઈ ખતરનાક કે હાનિકારક વસ્તુ નથી મળી, તેમ છતાં તકેદારીના ભાગરૂપે તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે. ધમકીભર્યા મેલની તપાસ કરાઈ રહી છે અને એ જાણવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે કે તેને કોણે અને ક્યાંથી મોકલ્યો. કેસને ગંભીરતાથી લેતા સાયબર સેલ પણ તપાસમાં લાગી છે. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે, પરિસ્થિતિ પર સંપૂર્ણ નજર રખાઈ રહી છે. આ સિવાય દિલ્હીની અનેક સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. જેને લઈને આસપાસના વિસ્તારોમાં હડકંપ મચી ગયો છે. બોમ્બની ધમકી મળતા જ ફાયર વિભાગ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી. તેની સાથે સ્કૂલ તંત્ર દ્વારા તાત્કાલિક બાળકોને સુરક્ષિત બહાર લવાયા. જોકે, બોમ્બ સ્ક્વોડ તપાસમાં લાગી છે અને હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

સોમવારે બપોરે લાલ કિલ્લા અને દિલ્હી સચિવાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. દિલ્હી પોલીસે તપાસ શરૂ કરી હતી. લાલ કિલ્લા અને દિલ્હી સચિવાલય સંકુલોની અંદર અને બહાર સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. ધમકીભર્યો ઈમેલ ખાલિસ્તાની જૂથના નામે મોકલવામાં આવ્યો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને ફાયર વિભાગની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી.

લાલ કિલ્લા અને દિલ્હી સચિવાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસ ટીમો તાત્કાલિક કાર્યવાહીમાં લાગી ગઈ હતી. લાલ કિલ્લા સંકુલ ખાલી કરાવવામાં આવ્યું હતું અને ચેકિંગ કામગીરી વધુ ઝડપી બનાવવામાં આવી હતી. ITO નજીક દિલ્હી સચિવાલયમાં કામ કરતા તમામ કર્મચારીઓને ત્યાંથી જવા માટે કહેવામાં આવ્યું છે. પોલીસ ટીમોએ ત્યાં પણ તપાસ શરૂ કરી હતી. ઈમેઈલના સ્ત્રોતને શોધવા માટે દિલ્હી પોલીસની ટીમે સાયબર સેલ તૈનાત કર્યો છે. સાયબર સેલ આ જૂથ તરફથી ભૂતકાળની ધમકીઓ અને ખાલિસ્તાની જૂથ સાથેના તેમના જોડાણોની તપાસ કરી રહ્યું છે.

દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, સર્ચ ઓપરેશનમાં કંઈ ખતરનાક કે હાનિકારક મળ્યું નથી, પરંતુ તમામ જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. ધમકીભર્યા ઈમેલની તપાસ કરવામાં આવી રહી છે અને તે ક્યાં અને કોણે મોકલ્યો તે નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ બાબતને ગંભીરતાથી લેતા, સાયબર સેલ પણ તપાસ કરી રહ્યું છે. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે તેઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

આજે સવારે દિલ્હીની બે શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી છે. ધૌલા કુઆમાં આર્મી પબ્લિક સ્કૂલ અને લોધી રોડ પર એરફોર્સ બાલ ભારતી સ્કૂલને બોમ્બની ધમકીવાળા ઈમેઈલ મળ્યા હતા. પોલીસ અધિકારીઓ અને દિલ્હી ફાયર સર્વિસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બંને સ્કૂલના પરિસરને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યા હતા.

દેશમાં છેલ્લા ઘણા સમયથી અનેક રાજ્યોમાં સ્કૂલ, કૉલેજ, મંદિર, કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાના ધમકી ભર્યા ઈમેઈલ મળી રહ્યા છે. બોમ્બની ધમકીભર્યા ઈમેઈલ મળ્યા બાદ પોલીસ અધિકારીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ અને ફાયર વિભાગની ટીમો સ્થળ પર પહોંચી તપાસ કરી હતી.

જેહાદી સંગઠનોની હવે ખેર નહીં

## આતંકવાદ સામે ભારત સરકારે જાહેર કરી એન્ટિ-ટેરર પોલિસી

**રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહયોગ વધારીને ટ્રાન્સનેશનલ ટેરરિઝમનો ખાત્મો કરવાનું લક્ષ્ય નક્કી કર્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩**

ભારત સરકારે દેશની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અને સરહદ પારથી ફેલાવવામાં આવતા આતંકવાદને જડબાતોડ જવાબ આપવા માટે સોમવારે પ્રહાર નામની પ્રથમ વ્યાપક આતંકવાદ વિરોધી નીતિ જાહેર કરી છે. આ નવી નીતિ અંતર્ગત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહયોગ વધારીને ટ્રાન્સનેશનલ ટેરરિઝમ (વિદેશની ધરતી પરથી ફેલાવાતા)નો ખાત્મો કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાહેર કરેલા દસ્તાવેજો મુજબ, આધુનિક સમયમાં આતંકવાદી સંગઠનો સ્થાનિક નેટવર્ક, લોજિસ્ટિક્સ અને ભૌગોલિક જાણકારીનો ઉપયોગ કરીને હુમલા કરી રહ્યા છે.

પાડોશી દેશોમાં અવારનવાર સર્જાતી અસ્થિરતાનો લાભ ઉઠાવીને આતંકવાદીઓ સુરક્ષિત આશ્રય સ્થાનો બનાવી રહ્યા છે. આ સ્થિતિમાં કેન્દ્ર સરકારની ઝીરો ટોલરન્સ નીતિને આ નીતિથી નવું બળ મળશે.

**શું છે આતંકને લગતા ભારતના મુખ્ય પડકારો?**

૧. સ્પોન્સર્ડ ટેરરિઝમ: સરહદ પારથી પ્રાયોજિત આતંકવાદ અને જેહાદી સંગઠનો ભારત માટે મોટો પડકાર છે.

૨. ગ્લોબલ નેટવર્ક: અલ-કાયદા અને ISIS જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનો સ્લીપર સેલ દ્વારા ભારતમાં હિંસા ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

૩. ટેકનોલોજીનો દુરુપયોગ: ડ્રોન, એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ, ડાર્ક વેબ અને ક્રિપ્ટો વોલેટનો ઉપયોગ કરીને આતંકીઓ ઓળખ છુપાવી શકે છે.

૪. પંજાબ અને જમ્મુ-કાશ્મીર: આ રાજ્યોમાં ડ્રોન દ્વારા હથિયારો અને નશીલા પદાર્થો મોકલવાનું દુષણ ફેલાયું છે.

૫. CBRNED ખતરો: કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ, ન્યુક્લિયર, એક્સપ્લોસિવ અને ડિજિટલ સામગ્રી સુધી આતંકીઓની પહોંચ રોકવી એ એજન્સીઓ માટે મોટો પડકાર છે.

હવે ભારત સરકારે સૈન્ય કાર્યવાહીની સાથે સામાજિક સ્તરે પણ ફેરફારો કરવા પ્રહાર નીતિમાં વિશેષ જોગવાઈ કરી છે. આતંક પ્રભાવિત સમુદાયોને ફરીથી મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ડોક્ટરો, મનોવિજ્ઞાનીઓ, વકીલો અને ધાર્મિક નેતાઓનો સહયોગ લેવામાં આવશે.

આ નીતિ હેઠળ નાગરિક વહીવટ પુનઃનિર્માણ અને પુનઃસ્થાપનના કાર્યોનું નેતૃત્વ કરશે.

ભારતે આતંકવાદને કોઈ ચોક્કસ ધર્મ કે જાતિ સાથે જોડવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. આ નીતિ હેઠળ ભારત અન્ય દેશો સાથે ઈન્ટેલિજન્સ શેરિંગ, પ્રત્યાર્પણ સંધિ (Extradition Treaty) અને મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ ટ્રિટી જેવા કરારો દ્વારા આતંકીઓને કાયદાના શરણે લાવવા પર પણ ભાર મૂકાશે.

મમતાએ ગુમાવ્યા જૂના સાથી

## બંગાળના રાજકારણના 'ચાણક્ય' અને પૂર્વ રેલવેમંત્રી મુકુલ રોયનું નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા. ૨૩**

પશ્ચિમ બંગાળના રાજકારણમાં જેમની ગણતરી 'ચાણક્ય' તરીકે થતી હતી, તેવા કદાવર નેતા અને પૂર્વ રેલ મંત્રી મુકુલ રોયનું નિધન થયું છે. પક્ષ પલટા અને સંગઠન શક્તિના જોરે બંગાળની સત્તાના સમીકરણો બદલવામાં તેઓ નિષ્ણાત માનવામાં આવતા હતા.

તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સ્થાપક સભ્યોમાંના એક અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મુકુલ રોયનું કોલકાતાની હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે. 71 વર્ષીય રોય લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી પીડાઈ રહ્યા હતા. તેમના પુત્ર શુભ્રાંશુ રોયે પુષ્ટિ કરી છે કે રાત્રે અંદાજે 1:30 વાગ્યે અચાનક કાર્ડિયાક અરેસ્ટ આવતા તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મુકુલ રોયે પોતાના રાજકીય કરિયરની શરૂઆત યુથ કોંગ્રેસથી કરી હતી, પરંતુ મમતા બેનર્જી સાથે મળીને TMC ની સ્થાપના કર્યા બાદ તેઓ રાષ્ટ્રીય ફલક પર ચમક્યા હતા. મુકુલ રોય લાંબા સમય સુધી મમતા બેનર્જીના 'જમણા હાથ' સમાન રહ્યા હતા. વર્ષ 2006 માં તેઓ રાજ્યસભામાં પહોંચ્યા અને ત્યારબાદ કેન્દ્રમાં રેલ મંત્રી જેવી મહત્વની જવાબદારી સંભાળી. બંગાળમાં જ્યારે વર્ષ 2011 માં તાલિબાન (CPM) ના શાસનનો અંત આવ્યો અને TMC સત્તામાં આવી, ત્યારે અન્ય પક્ષોના નેતાઓને તોડીને TMC મજબૂત બનાવવામાં રોયની ભૂમિકા સૌથી મહત્વની હતી. તેમને સંગઠનના માસ્ટરમાઈન્ડ માનવામાં આવતા હતા.

વર્ષ 2017 માં મમતા બેનર્જી સાથેના મતભેદો બાદ મુકુલ રોય ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. વર્ષ 2019 ની લોકસભા ચૂંટણીમાં ભાજપે બંગાળમાં જે 18 બેઠકો જીતી હતી, તેમાં રોયની વ્યૂહરચનાનો મોટો ફાળો હતો. જોકે, વર્ષ 2021 માં ભાજપની ટિકિટ પર વિધાનસભા ચૂંટણી જીત્યાના થોડા જ સમય બાદ તેઓ ફરી TMC માં પરત ફર્યા હતા. નવેમ્બર 2025 માં કલકત્તા હાઈકોર્ટે પક્ષ પલટા વિરોધી કાયદા હેઠળ તેમને અયોગ્ય ધારાસભ્ય જાહેર કર્યા હતા. તેમના નિધનથી બંગાળના રાજકારણમાં એક યુગનો અંત આવ્યો છે.

## પૂર્વ ભારતમાં વીજ ક્ષેત્રમાં કરેલા મોટા રોકાણોની ગૌતમ અદાણીએ સમીક્ષા કરી આમ જનતા પ્રથમના સંકલ્પને ફરી દોહરાવ્યો

**(૧) અદાણી સમૂહના ચેરમેને ઝારખંડ અને બિહારમાં વીજ ક્ષેત્રે માતબર રોકાણોની સમીક્ષા કરી**
**(૨) ઔદ્યોગિક રીતે અવિકસિત કોરિડોરમાં આ પ્રકલ્પો આ પ્રદેશમાં ખાનગી ક્ષેત્રના સૌથી મોટા છે**
**(૩) શ્રી અદાણીએ ગોડ્ડામાં પ્લાન્ટ કામદારો અને આદિવાસી મહિલાઓ સાથે કરેલા સંવાદમાં આમ પ્રજાને પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતા ફરી દોહરાવી**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા. ૨૩**

શ્રી ગૌતમ અદાણીએ રવિવારે ઝારખંડ અને બિહારમાં નિર્માણાધીન વિવિધ વીજ પ્રકલ્પોના સ્થળોની મુલાકાત લઈ વીજ ક્ષેત્રમાં કરેલા મુખ્ય રોકાણોની સમીક્ષા કરી હતી. લાંબા સમયથી નોંધપાત્ર ખનિજ સંસાધનો છતાં ઔદ્યોગિક વિકાસથી વંચિત મનાતા પૂર્વ ભારતમાં અદાણી સમૂહની વિસ્તરતી હાજરીને રેખાંકિત કરે છે.

ઝારખંડના આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગોડ્ડા ખાતે શ્રી ગૌતમ અદાણીએ રૂ.૧૬,૦૦૦ કરોડથી વધુના રોકાણ સાથે નિર્માણધિન ૧૬૦૦ મેગાવોટ (MW) અલ્ટ્રા-સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટની કામગીરીની સમીક્ષા કરી હતી. આ સુવિધાના પરિણામે હજારો પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન થવા સાથે પ્રદેશમાં રેલ કનેક્ટિવિટી મજબૂત થઈ છે. આ પ્રકલ્પ મારફત સરહદ પારના બાંગ્લાદેશને લાંબા ગાળાના કરાર હેઠળ વીજળી પૂરી પાડવામાં આવી રહી હોવાથી પ્રકલ્પ આર્થિક દ્રષ્ટિએ મહત્વનો છે.

ઝારખંડના પડોશમાં આવેલા બિહારની શ્રી અદાણીની એક દિવસની મુલાકાત દરમિયાન ભાગલપુર નજીક પીરપૈંટી ખાતે રૂા.૨૭,૦૦૦ કરોડના રોકાણથી નિર્માણ થઈ રહેલા ૨૪૦૦ મેગાવોટની ક્ષમતાના અદાણી સમૂહના અલ્ટ્રા-સુપરક્રિટિકલ પાવર પ્રકલ્પ આગામી ચારથી પાંચ વર્ષમાં કાર્યરત થવાની અપેક્ષા છે. આ પ્રકલ્પનો હેતુ રાજ્યમાં વધતી જતી ઔદ્યોગિક અને શહેરી માંગને ટેકો આપવાનો છે.

ઝારખંડ અને બિહારમાં સંયુક્ત રીતે હાથ ધરવામાં આ વિકાસ અદાણી ગ્રુપને સૌથી મોટા ખાનગી ક્ષેત્રના માળખાગત રોકાણકારોમાં સ્થાન આપે છે, જે રાજ્યોએ ઐતિહાસિક રીતે વિપુલ કુદરતી સંસાધનો હોવા છતાં મર્યાદિત મોટા પાયે ઔદ્યોગિક મૂડી આકર્ષી છે.

મુલાકાત દરમિયાન શ્રી અદાણીએ ગોડ્ડાના પ્રકલ્પ સાથે સંકળાયેલા ઈજનેરો, ટેક્નિશિયનો અને પાયાના કાર્યકરો સાથે વાતચીત કરવા ઉપરાંત નજીકના આદિવાસી સમુદાયોની મહિલાઓને પણ મળ્યા હતા. તેમણે આ સંવાદમાં સમૂહના વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા વિસ્તરણની માહિતી આપતા લોકો પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

મુલાકાતના પ્રારંભે શ્રી ગૌતમ અદાણીએ દેવઘરના બાબા વૈદ્યનાથ મંદિરમાં પ્રાર્થના કરીને લાંબા સમયની પોતાની ઈચ્છાને પૂર્ણ કરી હતી. આ મુલાકાત 'સેવા હી સાધના હૈ'માં તેમની શ્રદ્ધા દર્શાવતી હતી, આ વિચારના કેન્દ્રમાં સેવા પોતે જ ભક્તિનું એક સ્વરૂપ છે તેવો ભાવ રહેલો છે. તાજેતરના વર્ષોમાં શ્રી અદાણી અને અદાણી સમૂહે ગયા વર્ષે અનુક્રમે મહા કુંભ મેળા અને પ્રયાગરાજ તથા પુરીમાં ભગવાન જગન્નાથ રથયાત્રા સાથે જોડાવાની પહેલ સહિતના મોટા આધ્યાત્મિક અને જાહેર મેળાવડા સાથે પણ પોતાને જોડ્યા છે, જે શ્રદ્ધા, સેવા અને વિકાસ સાથે રહી શકે છે તેવી ફિલસૂફીને મજબૂત બનાવે છે.

# ટ્રમ્પની ટેરિફ વસૂલી પર લાગશે બ્રેક, US સુપ્રીમે ગણાવ્યો હતો ગેરકાયદે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૩**

યુએસ સુપ્રીમ કોર્ટના એક મોટા નિર્ણય બાદ, યુએસ હવે ગેરકાયદે ટેરિફ વસૂલાતને સ્થગિત કરી રહ્યું છે. યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન એજન્સીએ આ જાહેરાત કરી છે. કસ્ટમ્સ એજન્સીએ કહ્યું કે, તે મંગળવારે રાત્રે ૧૨:૦૧ વાગ્યે EST (0501 GMT)થી લાગુ થનારા ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ લગાવવામાં આવેલા ટેરિફ વસૂલાતને બંધ કરશે. સુપ્રીમ કોર્ટના આ ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવાના નિર્ણયના ત્રણ દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે.

એજન્સીએ તેની કાર્ગો સિસ્ટમ મેસેજિંગ સર્વિસ (CSMS) દ્વારા મોકલવામાં આવેલા સંદેશમાં શિપર્સને જાણ કરી હતી કે ટ્રમ્પના IEEPA પહેલાના આદેશો સાથે સંકળાયેલા તમામ ટેરિફ કોડ મંગળવારથી અસરકારક રીતે નિષ્ક્રિય કરવામાં આવશે, જેનો અર્થ એ છે કે આ આદેશો સાથે સંકળાયેલા કોઈપણ ટેરિફ હવે એકત્રિત કરવામાં આવશે નહીં.

IEEPA ટેરિફ વસૂલાત અટકાવવાનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે ટ્રમ્પે શુક્રવારે સુપ્રીમ કોર્ટ દ્વારા લગાવવામાં આવેલા ટેરિફને બદલે એક અલગ કાનૂની જોગવાઈ હેઠળ ૧૫ ટકાનો નવો ટેરિફ દુનિયા પર લગાવ્યો છે. જો કે, કસ્ટમ્સ એજન્સીના મેસેજમાં આયાતકારોને સંભવિત રિફંડ વિશે કોઈ માહિતી આપવામાં આવી ન હતી.

સંદેશમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, આ સસ્પેન્શન ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા અન્ય ટેરિફ પર લાગુ પડતું નથી, જેમાં કલમ ૨૩૨ હેઠળ રાષ્ટ્રીય સુરક્ષાના આધારે લગાવવામાં આવેલા ટેરિફ અને કલમ ૩૦૧ હેઠળ અન્યાયી વેપાર પ્રથાઓ સંબંધિત ટેરિફનો સમાવેશ થાય છે.

એજન્સીએ જણાવ્યું હતું કે, "CBP જરૂર પડ્યે CSMS સંદેશાઓ દ્વારા વેપાર સમુદાયને વધારાનું માર્ગદર્શન પૂરું પાડશે. એક ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, સુપ્રીમ કોર્ટના નિર્ણયથી IEEPA ટેરિફમાંથી યુએસને મળેલા ૧૭૫ બિલિયન ડોલરથી વધુની આવકને સંભવિત રિફંડનો પ્રશ્ન ઊભો થયો છે.

અગાઉ, યુએસ સુપ્રીમ કોર્ટે શુક્રવારે ચુકાદો આપ્યો હતો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટનો ઉપયોગ કરીને ટેરિફ લગાવીનો પોતાની સત્તા ઓળંગી છે. કોર્ટ અનુસાર, ટેરિફ લગાવવાની સત્તા મુખ્યત્વે કોંગ્રેસ (યુએસ સંસદ) પાસે છે. આ નિર્ણય નવ સભ્યોની સુપ્રીમ કોર્ટમાં ૬-૩ બહુમતીથી આપવામાં આવ્યો હતો. આ નિર્ણય પછી તરત જ, ટ્રમ્પે વિશ્વભરના દેશો પર ૧૦ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી.

સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ, ટ્રમ્પે એક નવા કાયદાનો આશરો લીધો. આ કાયદાની કલમ ૧૨૨ જણાવે છે કે રાષ્ટ્રપતિ "ચુકવણી સંતુલનની ગંભીર ખાધ" સુધારવા માટે ૧૫ ટકા સુધીની આયાત ડ્યુટી લગાવી શકે છે, પરંતુ આ ટેરિફ ફક્ત ૧૫૦ દિવસ માટે જ અમલમાં રહી શકે છે. આને વધુ લંબાવવા માટે કોંગ્રેસ(યુએસ સંસદ)ની મંજૂરી જરૂરી છે.

### UAE એ ૩૦ ટન અનાજની મદદ મોકલી

## ક્લાઈમેટ ચેન્જને કારણે કેન્યામાં ભયંકર દુષ્કાળની સ્થિતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નૈરોબી, તા.૨૩**




યુનાઈટેડ આરબ અમીરાતે તેની યુએઈ મેઈડ એજન્સી દ્વારા ૩૦ ટન જેટલું ખાદ્ય કેન્યા મોકલ્યું છે. ઉલ્લેખનીય છે કે, કેન્યામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉપરા ઉપરી દુષ્કાળ પડતો આવ્યો છે. તેના પરિણામે જનસામાન્યને, અનાજનાં ફાંફાં પડી રહ્યાં છે. બીજી તરફ વન્ય જીવન પૈકી ઘણાં પ્રાણીઓ પણ મૃત્યુ પામ્યાં છે. હકીકત તે છે કે લા-નીના ઘટનાને લીધે કેન્યા, પ્રચંડ ઋતુ પરિવર્તનનો સામનો કરી રહ્યું છે. લા-નીના પ્રવાહો સમુદ્રની સપાટી ઉપરના પવનના પ્રવાહો તેમજ સમુદ્રની સપાટી ઉપરના જળ પ્રવાહોને લીધે સર્જાય છે. કારણ કે તે પ્રવાહો સરેરાશ કરતાં ઘણું નીચું ઉષ્ણતામાન ધરાવે છે. પરીણામે જે ભૂમિ ભાગ સાથે તે પ્રવાહો અથડાય છે તે વિસ્તાર દુષ્કાળગ્રસ્ત બની જાય છે. કારણ કે તે પ્રવાહો ભેજ ધરાવતા નથી હોતા.

'લા-નીના' ઘટનાને લીધે કેન્યા પ્રચંડ ઋતુ પરિવર્તનનો સામનો કરી રહ્યું છે. 'લા-નીનાને' લીધે સમુદ્ર સપાટી સરેરાશ કરતાં વધુ ઠંડી રહેતાં ઋતુચક્ર ખોરવાયું છે. આ પરિસ્થિતિ કેટલાએ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોની અછત ઊભી કરે છે. તેટલું જ નહીં પરંતુ ઘાસ પણ પ્રમાણમાં ઓછું ઉગે છે. વ્યાપક વિસ્તારો ઘાર વીનાના સૂકાભઠ્ઠ રહેતાં ઘાસ પર નભતાંપશુઓ નાશ પામે છે અને તે પશુઓ ઉપર નભતાં માંસાહારી પ્રાણીઓ પણ ખતમ થઈ જાય છે. આમ પલટતું ઋતુચક્ર અનેક રીતે માઠી અસર કરે છે. આવા સમયે યુએઈએ કેન્યાને અન્ન સહાય મોકલી છે. યુએઈ એઈડ એજન્સીના ચેરમેન તારિક અહમદ અલ અમીરીએ કહ્યું હતું કે, મુશ્કેલીમાં રહેલાઓને સહાય કરવી તે શ્રેષ્ઠ ધર્મ છે. તેમાંયે અત્યારે રમઝાનનો પવિત્ર માસ ચાલે છે, ત્યારે આવું સુકૃત્ય તો કરવું જ જોઈએ. તેથી દેશો વચ્ચે સહકાર વધે માનવીય ઐક્ય વધે. કોઈને પણ કુદરતી આપત્તિઓ કટોકટી કે અન્ન અછત સમયે અન્ન આપવું માનવી તરીકે આપણી ફરજ બની રહે છે.

તારીક અહમદે વધુમાં કહ્યું હતું કે, યુએઈની એઈડ એજન્સીઓ નેશનલ ડોનર્સ અને ડોનર સંસ્થાઓ તથા સખાવતી સંસ્થાઓની સાથે સહકારમાં આપત્તિગ્રસ્તોને સહાય કરવા હંમેશાં કટિબધ્ધ જ રહે છે.

## ભારતે પોતાના નાગરિકોને તાત્કાલિક ઈરાન છોડવાનું કહ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૩**

ઈરાન અને પશ્ચિમ એશિયા વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે ભારતે ત્યાંના તેના નાગરિકો માટે એક મોટું એલર્ટ જાહેર કર્યું છે. ભારતીય દૂતાવાસે સોમવારે એક નવી એડવાઈઝરી જારી કરીને તમામ ભારતીય નાગરિકોને તાત્કાલિક ઈરાન છોડવા વિનંતી કરી છે. આગામી દિવસોમાં અમેરિકા દ્વારા સંભવિત લશ્કરી કાર્યવાહીની ચિંતા વચ્ચે આ સલાહ આપવામાં આવી છે. એડવાઈઝરીમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, ભારતીય નાગરિકો, પછી ભલે તે વિદ્યાર્થીઓ, યાત્રાળુઓ, વ્યવસાયિક પ્રવાસીઓ અથવા પ્રવાસીઓ હોય તેમણે કોઈપણ ઉપલબ્ધ માધ્યમથી શક્ય તેટલી વહેલી તકે ઈરાન છોડવું જોઈએ. દૂતાવાસે ભલામણ કરી છે કે લોકો કોમર્શિયલ ફ્લાઈટ્સ અથવા અન્ય સલામત પરિવહનનો ઉપયોગ કરીને દેશ છોડી દે.

ભારતે તેની ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ ની એડવાઈઝરીને પણ પુનરાવર્તિત કરી છે, જેમાં નાગરિકોને કોઈપણ વિરોધ, ભીડભાડવાળી જગ્યાઓ અથવા અસુરક્ષિત વિસ્તારો ટાળવા, સ્થાનિક મીડિયા દ્વારા પરિસ્થિતિ પર અપડેટ રહેવા અને ભારતીય દૂતાવાસ સાથે નિયમિત સંપર્ક જાળવવા વિનંતી કરવામાં આવી છે. દૂતાવાસે તમામ ભારતીયોને તાત્કાલિક સ્થળાંતર અથવા મુસાફરી પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે તેમના પાસપોર્ટ, વિઝા અને ઓળખ કાર્ડ હંમેશા તેમની સાથે રાખવાની સલાહ પણ આપી છે. કોઈપણ સમસ્યાના કિસ્સામાં, દૂતાવાસે સંપર્ક કરવાની સલાહ આપવામાં આવે છે.

ભારતીય દૂતાવાસે ઈમરજન્સી સહાય માટે ચાર હેલ્પલાઈન નંબર અને એક ઈમેઈલ સરનામું જારી કર્યું છે. +989128109115, +989128109109, +989128109102, +989932179359 Email: cons.tehran@mea.gov.in

દૂતાવાસે ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને તેમની વિગતો એમ્બેસી સાથે નોંધાવવા વિનંતી પણ કરી છે જેથી કોઈપણ કટોકટીની સ્થિતિમાં તેમનો તાત્કાલિક સંપર્ક કરી શકાય.

### મેક્સિકોમાં ભડકી હિંસા

## અમેરિકાની મદદથી ૧૨૫ કરોડનો ઈનામી ખુંખાર ડ્રગ્સ માફિયા 'એલ મેન્ચો' ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મેક્સિકો, તા.૨૩**



મેક્સિકોમાં ડ્રગ માફિયાઓ સામે ચાલી રહેલા જંગમાં સેનાને એક ઐતિહાસિક સફળતા મળી છે. દુનિયાના સૌથી ખતરનાક અને ક્રૂર ડ્રગ લોર્ડ તરીકે જાણીતા નેમેસિયો 'એલ મેન્ચો' ઓસેગુએરાને સેનાએ એક મિલિટરી ઓપરેશનમાં ઠાર માર્યો છે. મેક્સિકોની સેનાએ રવિવારે જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ ના સ્થાપક અને મોસ્ટ વોન્ટેડ ડ્રગ લોર્ડ નેમેસિયો 'એલ મેન્ચો' ઓસેગુએરાને એક ભયાનક એન્કાઉન્ટરમાં માર્યો હોવાની જાહેરાત કરી છે.

અમેરિકન ગુપ્તચર એજન્સીઓની ચોક્કસ બાતમીના આધારે મેક્સિકન સ્પેશિયલ ફોર્સ દ્વારા જલિસ્કોના તપાલપામાં આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ અથડામણમાં એલ મેન્ચો ઉપરાંત ૬ શંકાસ્પદ કાર્ટેલ ગનમેન પણ માર્યા ગયા છે, જ્યારે ત્રણ સૈનિકો ઘાયલ થયા છે. ઘાયલ હાલતમાં એલ મેન્ચોને મેક્સિકો સિટી લઈ જતી વખતે રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું. ટ્રમ્પના દબાણ વચ્ચે મોટી કાર્યવાહીઆ ઓપરેશન એવા સમયે થયું છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મેક્સિકો પર ફેટાનાઈલ ડ્રગ્સની તસ્કરી રોકવા માટે ભારે દબાણ કરી રહ્યા છે. ટ્રમ્પે વારંવાર ટેરિફ લાદવાની ધમકી આપીને મેક્સિકોને માદક દ્રવ્યોના વેપાર સામે કડક પગલાં લેવા તાકીદ કરી હતી.

અમેરિકાએ એલ મેન્ચોની ધરપકડ માટે ૧૫ મિલિયન અમેરિકન ડોલર (આશરે ૧૨૫ કરોડ) ના ઈનામની જાહેરાત કરી હતી. અમેરિકી વિદેશ વિભાગે આ ઓપરેશનને વૈશ્વિક સુરક્ષા માટે મોટી ઉપલબ્ધિ ગણાવી છે. એલ મેન્ચોના મોત બાદ મેક્સિકોના અનેક રાજ્યોમાં, ખાસ કરીને જલિસ્કોમાં ભયાનક હિંસા ફાટી નીકળી છે. કાર્ટેલના સમર્થકોએ રસ્તાઓ પર નાકાબંધી કરી, વાહનોને આગ ચાંપી દીધી અને સેના સાથે અથડામણ કરી છે. સ્થિતિને જોતા પ્રશાસને શાળાઓ, બજારો અને જાહેર કાર્યક્રમો રદ કરી દીધા છે. અમેરિકા અને કેનેડાએ પણ પોતાના નાગરિકોને મેક્સિકોના પ્રવાસ માટે ચેતવણી જારી કરી છે અને ઘણી એરલાઈન્સે ફ્લાઈટ્સ રદ કરી છે. રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શાઈનબામ દ્વારા નાગરિકોને શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે.




## 'ધ ફેમિલી મેન સીઝન-૩'માં વિલનનું પાત્ર નિમરત માટે મુશ્કેલ હતું




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

ધ ફેમિલી મેન સીઝન ૩ મનોજ બાજપેયીના શ્રીકાંત તિવારી સામે ઊભા રહેવા માટે પ્રતિભાશાળી કલાકારોને પસંદ કરવાની પોતાની પરંપરા યથાવત રાખે છે. સીઝન ૩માં, જયદીપ અહલાવત અને નિમ્રત કૌરે અસાધારણ અભિનય આપ્યો છે, જે દાવને વધુ ઊંચા બનાવે તેવી જટિલતા અને જોખમને ઉજાગર કરે છે. ખાસ કરીને નિમ્રત કૌરે એક શક્તિશાળી અને આત્મવિશ્વાસથી ભરપૂર પાત્ર તરીકે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા છે, જે પુરુષપ્રધાન દુનિયામાં નિર્દયતાથી કામ કરે છે.



નિમ્રતનું પાત્ર ઝડપથી ચાહકોનું મનપસંદ બની ગયું છે. તેની સત્તા, બુદ્ધિમત્તા અને અડગ ઉપસ્થિતિ માટે તેની પ્રશંસા થઈ રહી છે. પાત્રનો આત્મવિશ્વાસ અને શક્તિને કમાન્ડ કરવાની ક્ષમતા દર્શકો સાથે ઊંડો જોડાણ સ્થાપિત કરે છે — જોકે નિમ્રતને વ્યક્તિગત રીતે તે પોતાની વાસ્તવિકતા કરતાં અલગ અને સશક્ત અનુભવાયું.

આવી ભૂમિકા ભજવવાની જટિલતા વિશે વાત કરતાં તેમણે પાત્રની રચનામાં રહેલા રસપ્રદ વિરોધાભાસનો ઉલ્લેખ કર્યો: "મને લાગે છે કે આ રસપ્રદ છે કે લેખકમંડળમાં બધા પુરુષો છે. અમે એક પુરુષોની દુનિયામાં એવી મહિલાને મળી રહ્યા છીએ, જે શોને પુરુષની જેમ ચલાવે છે અને જે પુરુષો દ્વારા લખાયેલી છે. મને આ આકર્ષક લાગે છે અને આ સ્થિતિને સ્વીકારીને પછી પોતાના વિશે વિચારવું સશક્ત બનાવે છે. ઘણી વખત હું મારા વિશે વિચારી હતી કે કેટલું સારું હોત જો હું એટલી આત્મવિશ્વાસભરી હોત, જે હું સામાન્ય રીતે નથી." નિમ્રતે પોતાના પાત્રના આત્મવિશ્વાસ અને પોતાના વ્યક્તિગત જીવન વચ્ચેના તફાવતને સ્વીકાર્યો, જે તેમના વ્યવસાયની સ્વતંત્રતાને દર્શાવે છે: "ખૂબ રસપ્રદ છે કે હું પરદે જે વિચારો અથવા પાત્ર રજૂ કરી રહી છું, તે હું વાસ્તવિક જીવનમાં કરી શકું કે નહીં, મને ખબર નથી. મને ખબર નથી કે મારા પાસે એટલો આત્મવિશ્વાસ છે કે નહીં — મારા સંસ્કાર, મારી પરવરિશ બધું ધ્યાનમાં લેતાં. આ જ તો અભિનેત્રી હોવાની સ્વતંત્રતા છે."

રાજ અને ડીકેએ ઉચ્ચ ઊર્જાવાળા એક્શન અને મધ્યવર્ગીય જીવનની હાસ્યાસ્પદ અને સંબંધિત અસ્તવ્યસ્તતાને એકસાથે ગૂંથવાની પોતાની કળા સાથે, ધ ફેમિલી મેન ૩ માત્ર આ જાસૂસી થ્રિલરનો વધુ એક અધ્યાય નથી, પરંતુ એક સાંસ્કૃતિક ઘટના છે. ઉત્તર-પૂર્વમાં ઊંચા દાવવાળું મિશન, શરીબ હાશમી (જેકે) અને પ્રિયમણિ (સુચિત્રા) જેવા ચાહકપ્રિય કલાકારોની વાપસી સાથે, આ સીઝન વધુ રોમાંચ અને ઉત્સુકતા લઈને આવી રહી છે.

## તમારામાં બોલવાની લાયકાત હોય તો જ મોઢું ખોલજો : શાહિદનો ટ્રોલ્સને જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટર બનવું જેટલું ગૌરવની વાત છે, એટલું જ પડકારરૂપ પણ છે. લાખો ચાહકોનો પ્રેમ મળે છે, તો બીજી તરફ કેટલાક લોકો કીબોર્ડ પાછળ છુપાઈને સેલિબ્રિટીઝને ટ્રોલ પણ કરે છે — ભલે તે વ્યક્તિગત અભિપ્રાય હોય, ફિલ્મ હોય, અભિનય હોય કે કપડાં. આજના સમયમાં સેલિબ્રિટીઝની દરેક બાબત પર સોશિયલ મીડિયા યુઝર્સ નજર રાખે છે. તાજેતરમાં એક કાર્યક્રમમાં, પોતાની ફિલ્મ 'ઓ રોમિયો'ના રિલીઝ સમયે, શાહિદ કપૂરે ટ્રોલિંગ વિશે ખુલીને વાત કરી હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તે ટ્રોલિંગને કેવી રીતે હેન્ડલ કરે છે, ત્યારે શાહિદે કહ્યું, "જે કોઈ કહે છે કે મને કોઈ અસર થતી નથી, તો મને નથી લાગતું કે તે સાચું બોલે છે. જે લોકો કહે છે કે તેમના પર બહુ જ અસર થાય છે, તે પણ પોતાને ગંભીર સ્થિતિમાં મૂકે છે."

વખાણ અને ટ્રોલિંગ બંને વિશે વાત કરતાં શાહિદે કહ્યું કે, તમારા કામની નોંધ માત્ર બહારથી મેળવવી યોગ્ય નથી. પોતાના કામ વિશે પોતાને શું લાગે છે તે જાણવું ખૂબ જરૂરી છે. પરંતુ સાથે સાથે, દર્શકો સાથે જોડાયેલા રહેવા માટે તેઓ શું અનુભવે છે તે પણ સમજવું જોઈએ. તેમણે આગળ ઉમેર્યું, "હું હંમેશા કહું છું અને આગળ પણ કહેતો રહીશ — લોકો મને કહે કે જુના જમાનાની વાતો કરે છે કે કંઈ પણ — પણ 'આપકે બોલને કી ઔકાત હોની ચાહિયે, તભી મુંહ ખોલના ચાહિયે.' આ મેં બાળપણમાં શીખ્યું છે. મેં મારા માતા-પિતાને અને ઘણા મહાન કલાકારોને જોયા છે. લોકો તેમની સામે સહેલાઈથી બોલતાં પણ નહોતાં. આજે લોકોને બહુ બોલવાની આદત થઈ ગઈ છે. પહેલાં પોતે જુઓ કે તમે કેટલા પાણીમાં છો, પછી વાત કરો. જ્યાં અસુરક્ષા, ડર કે અસંતોષ હોય ત્યાંથી નેગેટિવિટી આવે છે." શાહિદના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તે ટ્રોલિંગને સંપૂર્ણ અવગણતો નથી, પરંતુ સંતુલિત દૃષ્ટિકોણ અપનાવી આગળ વધવાનું પસંદ કરે છે.

### પ્રિયંકા ચોપરા ઘણીવાર કોઈને કોઈ કારણોસર હેડલાઈન્સમાં રહે છે

## પ્રિયંકાએ મંગળસૂત્ર ઉતાર્યું, હવે નિક જોનાસ હાથમાં પહેરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

પ્રિયંકા ચોપરા ઘણીવાર કોઈને કોઈ કારણોસર હેડલાઈન્સમાં રહે છે. લાંબા સમય પછી, પ્રિયંકા એક ભારતીય ફિલ્મમાં જોવા મળશે, જે સતત ચર્ચાનો વિષય રહી છે. અભિનેત્રી તેના હોલીવુડ પ્રોજેક્ટ્સ માટે પણ સમાચારમાં રહે છે. પ્રિયંકા હોલીવુડ ગાયક નિક જોનાસ અને તેના પરિવાર સાથેના તેના સંબંધોને કારણે પણ સમાચારમાં રહે છે. બંનેએ ઘણીવાર કપલ ગોલ નક્કી કર્યા છે, અને ફરી એકવાર, આપણે એક જોયું છે.


નિક જોનાસે તાજેતરમાં એક વીડિયો શેર કર્યો છે જેમાં તે પ્રિયંકાની નવી ફિલ્મ "ધ બ્લફ" વિશે વાત કરતો જોવા મળ્યો હતો અને બધાનું ધ્યાન તેના હાથ તરફ ખેંચાયું હતું. નિક જોનાસે શેર કરેલા વીડિયોમાં, તે તેના હાથમાં મંગળસૂત્ર પહેરેલો જોઈ શકાય છે, જે તે બ્રેસલેટની જેમ પહેરે છે. આ વીડિયો જોયા પછી કપલના ભારતીય ચાહકો ખૂબ ખુશ થયા હતા. ઘણા લોકોએ નિક જોનાસના હાવભાવની પ્રશંસા કરતા ટિપ્પણી કરી. નિક જોનાસ કહે છે કે તેને આ ફિલ્મ એટલી ગમી કે તે બે વાર જોઈ ચૂક્યો છે. વિડીયોમાં, નિક પ્રિયંકા માટે એક ખાસ પીણું બનાવતો પણ જોવા મળે છે. નિક પ્રિયંકા માટે આ ખાસ પીણું આપે છે, અને તે પીધા પછી, પીસી તેની પ્રશંસા કરે છે અને તેને શ્રેષ્ઠ પતિ કહે છે. નિક તેના ચાહકોને ધ બ્લફ જોવા માટે વિનંતી કરતો પણ જોવા મળે છે. તાજેતરમાં, નિક જોનાસે પ્રિયંકા સાથેના તેના સંબંધો વિશે વાત કરતા કહ્યું કે તે હંમેશા એક મોટો પરિવાર અને એક એવો જીવનસાથી ઈચ્છતો હતો જે તેના દ્રષ્ટિકોણને શેર કરે. નિકના મતે, પ્રિયંકાએ તેને જીવનમાં તે બધું આપ્યું છે જે તે ઈચ્છતો હતો. નિકે કહ્યું કે, તે પોતાને ભાગ્યશાળી માને છે કે તેનો પરિવાર વિવિધ સંસ્કૃતિઓ અને ધર્મોનું મિશ્રણ ધરાવે છે.

નિક જોનાસ અને પ્રિયંકા ચોપરાએ ૨૦૧૮ માં જોધપુરના ઉમેદ ભવન પેલેસમાં લગ્ન કર્યા હતા. આ દંપતીએ ખ્રિસ્તી અને ભારતીય રીતરિવાજો અનુસાર લગ્ન કર્યા હતા અને ૨૦૨૨ માં સરોગસી દ્વારા તેમની પુત્રી માલતીનું સ્વાગત કર્યું હતું. કામની વાત કરીએ તો, પ્રિયંકા ચોપરા ટૂંક સમયમાં ફિલ્મ એસ.એસ.માં જોવા મળશે. તે આગામી ફિલ્મ રાજામૌલીની "વારાણસી" માં જોવા મળશે, જેમાં મહેશ બાબુ મુખ્ય ભૂમિકામાં છે. પ્રિયંકા તાજેતરમાં હૈદરાબાદમાં ફિલ્મના પ્રમોશનલ કાર્યક્રમમાં હાજરી આપી હતી, જ્યાં મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન પણ હાજર હતા. પ્રિયંકા ફિલ્મમાં મંદાકિનીની ભૂમિકા ભજવશે.

### રણબીરે અંધેરીમાં બિલ્ડીંગમાં ૫ માળ લીઝ પર લીધાં

## રણબીર કપૂરનો આર.કે. સ્ટુડિયોને પુનર્જિવીત કરવાનો ૨૦ વર્ષનો પ્લાન'

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**




બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર અને તેનો પરિવાર તેમના સિનેમેટિક વારસાને ફરી જીવંત કરવા માટે તૈયારી કરી રહ્યાં છે. મુંબઈમાં અંધેરી ઈસ્ટમાં આવેલા એક કમર્શીયલ કોમ્પ્લેક્સમાં પાંચ માળ 20 વર્ષ માટે લીઝ પર લઈને તે આરકે સ્ટુડિયોઝને પુનર્જિવીત કરવા જઈ રહ્યા છે. કેટલાંક અહેવાલો મુજબ, આ પગલું હિન્દી સિનેમાનો પર્યાય બની ગયેલી બ્રાન્ડ માટે નોંધપાત્ર કમબૅક સમાન છે.

મૂળ આરકે સ્ટુડિયોઝની સ્થાપના રણબીરના દાદા, સ્વર્ગસ્થ "શો-મેન" રાજ કપૂરે કરી હતી. તે ચેમ્બુરમાં હતો, પરંતુ 2018માં વિનાશક આગ અને વધતાં મેઈન્ટેનન્સના પડકારોને કારણે તેને વેંચી દેવામાં આવ્યો હતો. આ નવી લીઝને સ્ટુડિયોની પ્રતિષ્ઠા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક પરિસ્થિતિમાં ફરી જીવંત કરવાનો સાહસિક પ્રયાસ માનવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીનાં અહેવાલો મુજબ, કનાકિયા વોલ સ્ટ્રીટ ખાતેનો પાંચ માળનો વિસ્તાર અદ્યતન પ્રોડક્શન અને ક્રિએટિવ હબમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ યોજનામાં વર્ચ્યુઅલ પ્રોડક્શન માટે સજ્જ સાઉન્ડસ્ટેજ, એડિટિંગ અને પોસ્ટ-પ્રોડક્શનની સુવિધાઓ, સ્ક્રીનિંગ રૂમ્સ, VFX સુવિધાઓ અને કપૂર પરિવારની ક્રિએટિવ તથા વહીવટી ટીમ માટે સમર્પિત ઓફિસનો સમાવેશ થાય છે. પ્રોજેક્ટમાં હૉસ્પિટાલિટી વિસ્તારો અને આરકે સંબંધિત વિશાળ સ્મારક સમાન જગ્યાઓ તથા ફિલ્મ ઈતિહાસને સાચવી રાખવા માટે આર્કાઈવ સ્ટોરેજની પણ યોજના છે.

લીઝની નાણાકીય શરતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, અંતિમ મંજૂરીઓ અને ક્લિયરન્સ મળ્યા બાદ 2026ના મધ્ય ભાગ સુધીમાં કામગીરી શરૂ થઈ શકે છે. આ સુવિધા એકસાથે અનેક ફિલ્મ અને જાહેરાતનાં શૂટિંગ માટે ઉપયોગી બની શકે તેવી અપેક્ષા છે, જેના કારણે મુંબઈના પ્રોડક્શન સ્પેસિસમાં તે સ્પર્ધાત્મક પાસું પણ બનશે. રણબીર કપૂરની સર્જનાત્મક મહત્ત્વાકાંક્ષાઓ અંગે ચાલી રહેલી અટકળો વચ્ચે આ પગલાં અંગે ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે કે, નવો સ્ટુડિયો તેના ભવિષ્યનાં દિગ્દર્શના પ્રયાસો માટે મહત્વનું સ્થળ બની શકે છે. ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતો આ પગલાંને આરકે સ્ટુડિયોઝના ગૌરવશાળી ભૂતકાળને શ્રદ્ધાંજલિ સાથે સાથે ભારતીય સિનેમાના ભવિષ્યમાં વ્યૂહાત્મક રોકાણ તરીકે પણ જોઈ રહ્યા છે.

### સરકારી પડતર, ગૌચરણ, તળાવ સહિતની

# ચીખલી તાલુકાની સરકારી જમીનો પર દબાણ દૂર કરાવવા વંકાલ ગામના આગેવાન દ્વારા રજૂઆત કરાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૩**

વંકાલ ગામના સામાજિક આગેવાન શ્રી દિપકભાઈ સોલંકી દ્વારા કરાયેલ લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, તાલુકાના ગામે ગામ ઘણી સરકારી પડતર,ગૌચરણ અને તળાવની જમીનોમાં દબાણ થયેલ છે.જેને પગલે તળાવ,ગૌચરણનો હેતુ પણ જળવાતો નથી.

ગૌચરણ અને તળાવોમાં દબાણના કારણે ઘણા ગામોમાં પશુઓના ઘાસચારા, પાણીની સમસ્યા ઉભી થવા સાથે પશુઓને બેસવા માટે જગ્યા પણ રહી નથી. જેની બીજી અસર એવી થવા પામી છે કે પશુઓની ગામના વિવિધ રહેણાંક વિસ્તારમાં અવર જવર વધતા અકસ્માત થવાની પણ શકયતા વધી જવા પામી છે. તાલુકાના કેટલાક ગામોમાં મુખ્ય માર્ગને અડીને આવેલ ગૌચરણ અને તળાવોની જગ્યામાં દબાણ કરી પાકા બાંધકામ કે તાર ખૂંટાથી બંધ કરી ખાનગી માલિકીની જગ્યા હોય તે રીતે ઉપયોગ થતો હોવાનું પણ ધ્યાને આવેલ છે.

ઉપરોક્ત બાબતે ઝીણવટભરી તપાસ અને સર્વે કરાવી ગૌચરણ, તળાવ અને સરકારી પડતર જગ્યાઓમાં કાચા-પાકા દબાણો દૂર કરાવી જમીન ખુલ્લી કરાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

એક તરફ સરકારી તંત્ર સરકારશ્રીના જ કોઈ વિભાગનું બાંધકામ ગૌચરણ કે સરકારી જગ્યામાં કરવાનું હોય તો અધિકારીઓ નિયમ બતાવતા હોય છે અને બીજી તરફ ગૌચરણ, તળાવ જેવી સરકારી જમીનોમાં દબાણ હોય તેવામાં આજે અધિકારીઓ ગાંધારીની ભૂમિકામાં આવી જતા હોય છે. સરકારના અધિકારીઓને જ સરકારની જગ્યા ખુલ્લી કરાવવામાં રસ નથી એ માટે લોકોએ લડવું પડે છે. સોલધરા ગામે ખેરગામ રોડ પર માર્ગ મકાનની સંપાદિત જમીનમાં માર્જિનની જમીનમાં દબાણ દૂર કરાવવા માટે એકાદ વર્ષથી સ્થાનિક આગેવાનો લડત ચલાવી રહ્યા છે. પરંતુ લોકોને ન્યાય મળ્યો નથી.

### ધરમપુર તાલુકાના પીપરોળ ગામ ખાતે ધર્મ, સમાજસેવા અને લોકકલ્યાણનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો

# શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ દ્વારા ૧૭મા સમૂહલગ્ન અને ૯૧મા હનુમાનજી મંદિર મૂર્તિપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ યોજાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**





ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ પીપરોળ ગામે ધર્મ, સમાજસેવા અને લોકકલ્યાણનો અનોખો સમન્વય સર્જતો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ, સલવાવ-વાપી દ્વારા આયોજિત ૧૭મા સમૂહલગ્ન તથા ૯૧મા નવનિર્મિત હનુમાનજી મંદિર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ રવિવાર તા.૨૨-૦૨-૨૦૨૬ના રોજ સંતો-મહાનુભાવો અને વિશાળ જનસમૂહની પવિત્ર ઉપસ્થિતિમાં ભવ્યતા અને આધ્યાત્મિક ભાવના સાથે સંપન્ન થયો હતો.

સમૂહલગ્ન સમારોહમાં ૫૧ દિકરીઓએ સંતો અને મહાનુભાવોનો આશીર્વાદ મેળવી દાંપત્ય જીવનની નવી સફર શરૂ કરી. આ પ્રસંગે સામાજિક એકતા, સાદગી અને સહકારનું પ્રેરણાદાયી દ્રશ્ય સર્જાયું હતું, જે સમાજ માટે એક આદર્શ રૂપ બન્યું હતું.

આ અવસરે નવનિર્મિત હનુમાનજી મંદિર ખાતે વૈદિક મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોક્ત વિધિ મુજબ મૂર્તિપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. સાથે જ જરૂરિયાતમંદ બાળકોને કપડાંનું વિતરણ કરીને સમાજસેવાનો ઉત્તમ સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમ પ્રસંગે જ્ઞાનપીઠના મેનેજિંગ ટ્રસ્ટી કપિલ સ્વામીજીએ નવદંપતિઓને આશીર્વચન આપતાં સંસાર જીવનમાં પરસ્પર આદર-માન, વિશ્વાસ અને સંસ્કાર જાળવવાની પ્રેરણા આપી. તેમણે વ્યસનમુક્ત જીવન જીવવા, સનાતન ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા રાખવા તથા હનુમાનજીના શરણાગતિનો સંદેશ આપ્યો હતો. જીવનની દરેક મુશ્કેલીમાં હનુમાનજી શક્તિ અને સંરક્ષણ પ્રદાન કરે છે તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

સંત મંડળે પોતાના સંબોધનમાં સનાતન સંસ્કૃતિના સંરક્ષણ, ભક્તિભાવથી આરાધના અને સદાચારપૂર્ણ જીવન જીવવાની પ્રેરણા આપી. સ્વામી કેશવચરણદાસજીના આશીર્વાદ અને પ્રેરણાથી તેમજ કપિલજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયું હતું.

આ પ્રસંગે વિવિધ વિસ્તારોમાંથી પધારેલા સંતો-મહાનુભાવો અને અગ્રણીઓએ હાજરી આપી નવદંપતિઓને આશીર્વાદ પાઠવ્યા. ઉદ્યોગપતિ મગનભાઈ પટેલે પોતાના સંબોધનમાં આદિવાસી વિસ્તારોમાં ગૃહઉદ્યોગ, ગ્રામિણ વિકાસ અને પશુપાલન ઉદ્યોગને પ્રોત્સાહન આપી સ્થાનિક યુવાનોને રોજગાર પૂરું પાડવા માટે સરકાર સમક્ષ રજૂઆત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમણે સરકારની વિવિધ યોજનાઓનો લાભ અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવા પર પણ ભાર મૂક્યો હતો.

કાર્યક્રમમાં દેશ-વિદેશથી આગંતુકોએ ઉપસ્થિતિ નોંધાવી સમાજ અને ધર્મના આ મહોત્સવને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં પૂરાણી સ્વામી કેશવચરણદાસ (સલવાવ), પૂરાણી સ્વામી જ્ઞાનજીવનદાસ (નાસિક), સ્વામી લક્ષ્મીનારાયણદાસ (પારડી), સ્વામી દેવસ્વરૂપદાસ (અબ્રામા), સ્વામી બ્રહ્મ સ્વરૂપદાસ (વલોટી), સ્વામી સંત સ્વરૂપદાસ (કોશીમપાડા), સ્વામી હરિસેવકદાસ (ભિલાડ), સ્વામી હરિવલ્લભદાસ (ભિલાડ), સ્વામી વિશ્વ સ્વરૂપદાસ (ધરમપુર), દિવ્ય સ્વરૂપ સ્વામી (ચાસમાંડવા) તથા સ્વામી માધવપૂજ્ય કાશદાસ (નાસિક) સહિત સંતમંડળ ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા.

અમેરિકાથી પધારેલા લોરીબેન અને ડેબો ક્રેને પણ ઉપસ્થિતિ નોંધાવી શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠની સેવાકીય પ્રવૃત્તિઓ નિહાળી પ્રશંસા વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રામ સ્વામીજી અને હરિ સ્વામીના નેતૃત્વમાં થયું. સમાજસેવા, ધર્મપરાયણતા અને લોકકલ્યાણની ત્રિવેણી સમાન આ મહોત્સવ દ્વારા પીપરોળ ગામ તથા આસપાસના વિસ્તારોમાં આધ્યાત્મિક ઊર્જા અને સામાજિક એકતાનો સકારાત્મક સંદેશ પ્રસરી ગયો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે બાબુભાઈ સોડવડીયા, હરીશભાઈ બોધાણી, મનસુખભાઈ ગોંડાલીયા, જયશ્રીબેન બાબુભાઈ સોડવડીયા, દયાબેન હરીશભાઈ બોધાણી અને યોગીનીબેન મનસુખભાઈ ગોંડાલીયાએ જહેમત ઉઠાવી હતી.

### સંદીપ સાગલેની નિમણૂક કરાઈ

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બદલાયા

**સરકારના તમામ વર્તમાન હોદ્દાઓ છોડવા માટે આદેશ કરાયોઃ સંદીપ સાગલે ૨૦૦૭ની કેડરના IAS અધિકારી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૩**



ગુજરાતમાં સ્થાનિક ચૂંટણી પહેલા મુખ્ય ચૂંટણી અધિકારી બદલાયા છે. હરિત શુકલાને બદલે હવે IAS અધિકારી સંદીપ સાગલે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની જવાબદારી નિભાવશે.

ભારત ચૂંટણી પંચે ગુજરાત સરકાર સાથે પરામર્શ બાદ આ નિર્ણય લીધો છે. રાજ્યના નવા મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) IAS સંદીપ જનાર્દનપંત સાગલે હરીત શુક્લાની જગ્યાએ જવાબદારી સંભાળશે. તેઓ જે તારીખથી કાર્યભાર સંભાળશે તે દિવસથી આ આદેશ અમલી ગણાશે. સંદીપ સાગલેએ ગુજરાત સરકાર હેઠળના તેમના અન્ય તમામ વર્તમાન હોદ્દાઓ અથવા કાર્યભાર તાત્કાલિક છોડવાના રહેશે. આ નિમણૂક ચૂંટણી પંચે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૧૩-કની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરી છે.

ગુજરાતમાં જૂન ૨૦૨૪માં પી. ભારતીની જગ્યાએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે હરિત શુક્લાની નિમણૂક કરવામા આવી હતી. ત્યારે હવે આજે (૨૩ ફેબ્રુઆરી) હરિત શુક્લાની જગ્યાએ સંદિપ સાગલેને જવાબદારી સોંપવામાં આવી છે.

મૂળ મહારાષ્ટ્રના સંદીપ સાગલે ૨૦૦૭ની કેડરના IAS અધિકારી છે. તેમનો જન્મ ૧૬ નવેમ્બર ૧૯૭૨નો થયો હતો. તેમણે ગાંધીનગર, નર્મદા, ભરૂચ, બનાસકાંઠા, ખેડા, અમરેલી, જૂનાગઢ જિલ્લાઓમાં વિવિધ જવાબદારીઓ નિભાવી છે.

### આગામી ૨૪ કલાક વાવાઝોડા જેવી સ્થિતિની આગાહી

# કમોસમી વરસાદની આગાહી વચ્ચે અમદાવાદમાં માવઠું

**આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં પણ કમોસમી વરસાદની પૂરેપૂરી શક્યતા છે, જેને પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૨૩**

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે (૨૩મી ફેબ્રુઆરી) અમદાવાદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. અમદાવાદમાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ બાદ સિંધુ ભવન રોડ, ગોતા, ચાંદલોડિયા અને એસ.જી. હાઈવે જેવા વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટાં પડ્યા હતા. શિયાળના અંતે અને ઉનાળાની શરૂઆતમાં માવઠું થતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. મહત્વનું છે કે, આજે અમદાવાદના દરેક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે રાજ્યમાં વાવાઝોડા જેવી સ્થિતિ સાથે માવઠાની શક્યતા છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં માવઠા થઈ શકે છે, જ્યારે દક્ષિણ ગુજરાતના ભરૂચ, તાપી, સુરત, નર્મદા અને છોટાઉદેપુરમાં પવન સાથે હળવા ઝાપટાંની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં પણ કમોસમી વરસાદની પૂરેપૂરી શક્યતા છે, જેને પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

આગામી ૨૪ ફેબ્રુઆરીથી રાજ્યમાં હવામાન પલટાશે અને વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેવાની શક્યતા છે. જોકે, તાપમાનમાં વધ-ઘટ ચાલુ રહેશે, જેમાં બપોરના સમયે મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૧૮થી ૨૦ ડિગ્રીની વચ્ચે રહેશે. હવામાન વિભાગના મતે આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થતા ઠંડીનું જોર ફરી થોડું વધી શકે છે, આમ લોકોને બેવડી ઋતુનો સામનો કરવો પડશે.

ઉલ્લેખનીય છેકે, આજે વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં કમોસમી વરસાદનો ભારે માર જોવા મળ્યો હતો. શિનોર, માલસર અને દામાપુરા ગામોમાં જોરદાર વરસાદ પડ્યો હતો, જેના કારણે રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. જ્યારે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર અને જંબુસર સહિતના તાલુકાઓમાં તેજ ઠંડા પવનો સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો.

માવઠાની આગાહીને પગલે ખેડૂતોના પાકને નુકસાની પહોંચવાની ભીતિ છે. જેમાં કમોસમી વરસાદને કારણે ઊભા પાક અને લણણી કરેલા પાકને નુકસાનની શક્યતા છે, ત્યારે પાકની કાપણી કરી લીધી હોય અને પાક ખેતરમાં ઢાંક્યા વિના પડ્યો હોય તેવા ખેડૂતોએ ત્વરિત ધોરણે પોતાના ખેત ઉત્પાદિત પાકને સલામત સ્થળે ખસેડવા. જો પાક ખસેડવો શક્ય ન હોય, તો તેને પ્લાસ્ટિક અથવા તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવો. વધુમાં વાદળછાયા અને વરસાદી વાતાવરણ દરમિયાન જંતુનાશક દવાઓનો છંટકાવ તેમજ ખાતરનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.

### પૂર્વ પ્રેમિકાને માનસિક ત્રાસ આપવાના ગંભીર આક્ષેપો

# પૂર્વ પ્રેમિકાનાં બીભત્સ ફોટા-રીલ્સ વાયરલ કરનાર સુરતી વેપારી સામે પાંચમી ફરિયાદ

**આ સમગ્ર મામલે અલથાણ પોલીસ સ્ટેશનમાં પાંચમી FIR નોંધાઈ છે પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૨૩**



સુરત શહેરમાં સોશિયલ મીડિયા મારફતે પૂર્વ પ્રેમિકાને માનસિક ત્રાસ આપવાના ગંભીર આક્ષેપો સાથે એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ સહિતના ડિજિટલ પ્લેટફોર્મનો દુરુપયોગ કરી રીલ્સ, અંગત ફોટાઓ અને ધમકીભર્યા કેપ્શન દ્વારા પીડિતાને ટાર્ગેટ કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાતા પોલીસ હરકતમાં આવી છે. આ સમગ્ર મામલે અલથાણ પોલીસ સ્ટેશનમાં પાંચમી FIR નોંધાઈ છે. પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પીડિતાના આક્ષેપ મુજબ આરોપી વેપારીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી વિવાદિત રીલ્સ અપલોડ કરી હતી, જેમાં પીડિતાને આડકતરી રીતે નિશાન બનાવવામાં આવી હતી. એટલું જ નહીં, બિકીનીવાળા અંગત ફોટાઓ વાયરલ કરી અપમાનજનક અને ધમકીભર્યા કેપ્શન મુકાયા હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. આ ઘટનાએ સોશિયલ મીડિયા પર ભય અને ચકચાર ફેલાવી છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, આરોપી દ્વારા એસિડ એટેકનો ઉલ્લેખ કરી ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, સતત જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હોવાનું પીડિતાએ જણાવ્યું છે. ડિજિટલ પ્લેટફોર્મ પર થતી બદનામી અને હેરાનગતિથી કંટાળી પીડિતાએ કાયદાકીય લડત લડવાનો નિર્ણય લીધો છે. પીડિતાએ ખુલાસો કર્યો કે, વર્ષ ૨૦૧૮થી આ પ્રકારની હેરાનગતિ ચાલતી હતી. આરોપીએ ફેક આઈડી બનાવી પીડિતાના પરિવારજનોને પણ પરેશાન કર્યા હોવાના આક્ષેપ છે. ભૂતકાળમાં દુષ્કર્મની ફરિયાદ બાદ સમાધાન થયું હોવાની વિગતો પણ હાલ ચર્ચામાં છે, જેને કારણે મામલો વધુ સંવેદનશીલ બન્યો છે.

આરોપીનું નામ અગાઉ ડુમસ સાયલન્ટ ઝોનના ફાયરિંગ વિવાદમાં જોડાયું હતું, જેના કારણે તેની સામે ફરી ચર્ચા તેજ બની છે. જુલાઈ ૨૦૨૫માં મોંઘીદાટ કાર સળગાવ્યાનો પણ ગંભીર આરોપ સામે આવ્યો હતો. ઉપરાંત, પીડિતાની કારમાં છૂપી રીતે GPS ટ્રેકર લગાવી તેની હિલચાલ પર નજર રાખ્યાની ફરિયાદ પણ નોંધાઈ છે.

આ સમગ્ર મામલે અલથાણ પોલીસ સ્ટેશનમાં પાંચમી FIR નોંધાઈ છે. પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ડિજિટલ પુરાવાઓ એકત્રિત કરી સાયબર ક્રાઈમ સેલની મદદથી તપાસ આગળ વધારવામાં આવી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પીડિતાની સુરક્ષા અને માનસિક શાંતિ જાળવવા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર વધી રહેલા સાયબર હેરાનગતિના બનાવો વચ્ચે આ ઘટના ચેતવણીરૂપ સાબિત થઈ રહી છે. હાલ પોલીસે આરોપીની પૂછપરછ અને ડિજિટલ ડેટાની ફોરેન્સિક તપાસ શરૂ કરી છે.


# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બદલાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૩**

ગુજરાતમાં સ્થાનિક ચૂંટણી પહેલા મુખ્ય ચૂંટણી અધિકારી બદલાયા છે. હરિત શુકલાને બદલે હવે IAS અધિકારી સંદીપ સાગલે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની જવાબદારી નિભાવશે.

ભારત ચૂંટણી પંચે ગુજરાત સરકાર સાથે પરામર્શ બાદ આ નિર્ણય લીધો છે. રાજ્યના નવા મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) IAS સંદીપ જનાર્દનપંત સાગલે હરીત શુક્લાની જગ્યાએ જવાબદારી સંભાળશે. તેઓ જે તારીખથી કાર્યભાર સંભાળશે તે દિવસથી આ આદેશ અમલી ગણાશે. સંદીપ સાગલેએ ગુજરાત સરકાર હેઠળના તેમના અન્ય તમામ વર્તમાન હોદ્દાઓ અથવા કાર્યભાર તાત્કાલિક છોડવાના રહેશે. આ નિમણૂક ચૂંટણી પંચે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૧૩-કની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરી છે.

ગુજરાતમાં જૂન ૨૦૨૪માં પી. ભારતીની જગ્યાએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે હરિત શુક્લાની નિમણૂક કરવામા આવી હતી. ત્યારે હવે આજે (૨૩ ફેબ્રુઆરી) હરિત શુક્લાની જગ્યાએ સંદિપ સાગલેને જવાબદારી સોંપવામાં આવી છે.

મૂળ મહારાષ્ટ્રના સંદીપ સાગલે ૨૦૦૭ની કેડરના IAS અધિકારી છે. તેમનો જન્મ ૧૬ નવેમ્બર ૧૯૭૨નો થયો હતો. તેમણે ગાંધીનગર, નર્મદા, ભરૂચ, બનાસકાંઠા, ખેડા, અમરેલી, જૂનાગઢ જિલ્લાઓમાં વિવિધ જવાબદારીઓ નિભાવી છે.



**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ

**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

દીવ એરપોર્ટ - દીવની રનવે સાઈટ પાસે વૃક્ષો કાપવા સહિત રેતીના ટેકરાના લેવલિંગ માટે JCB/હિટાચી અને લેવલરના ભાડાના ચાર્જીસ પૂરા પાડવા.

For details please scan

https://ddtenders.gov.in

eepwd-diu-dd@nic.in

02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 35/2025-2026 (2026_DIUDT_4631_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | : | -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 27/02/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 27/02/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 27/02/2026 |

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**

No. IP/DMN/2/5/2025-26/1187, Dated: 23/02/2026



**સૂચના**

**મેસર્સ બ્લુ સ્ટાર લિમિટેડ**
સર્વે નંબર ૨૬૫/૨ (નવો સર્વે નંબર ૧૧૦૬), ડેમની રોડ, દાદરા અને નગર હવેલીના દાદરા ૩૯૬ ૧૯૧ યુ.ટી. અને દમણ અને દીવ

આથી જણાવવાનું કે મેસર્સ બ્લુ સ્ટાર લિમિટેડને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ સરકારના રાજ્ય સ્તરીય પર્યાવરણ અસર મૂલ્યાંકન સત્તામંડળ (SEIAA) દ્વારા ૨૦.૦૨.૨૦૨૬ ના રોજ EC ઓળખ નંબર: EC25C3806DN5449347N દ્વારા સર્વે નંબર ૨૬૫/૨ (નવો સર્વે નંબર ૧૧૦૬), ડેમની રોડ, દાદરા ૩૯૬ ૧૯૧ યુટી ખાતે તેમના હાલના ઉત્પાદન પ્લાન્ટના વિસ્તરણ માટે EIA સૂચના ૨૦૦૬ના શેડ્યૂલ I ના બિલ્ડીંગ બાંધકામ પ્રોજેક્ટ કેટેગરી 8 (a) હેઠળ પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરી પત્રની નકલ પ્રદૂષણ નિયંત્રણ સમિતિ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના મુખ્ય કાર્યાલયમાં ઉપલબ્ધ છે અને તેની વિગતો પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના PARIVESH પોર્ટલ https://parivesh.nic.in. પર પણ જોઈ શકાય છે.



**'ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ' વિષે જાણકારી**

torrent POWER DNHDD

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લીમીટેડ, ટોરેન્ટ પાવરની એક પેટા કંપની, ગ્રાહકોને ઉચ્ચતમ સેવાઓ આપવા હરહંમેશ પ્રયત્નશીલ અને કટીબદ્ધ છે. ગ્રાહકો પોતાના પ્રશ્નો અને ફરિયાદો સહેલાઈથી જણાવી શકે અને તેનો ઉકેલ મેળવી શકે તે માટે કંપનીએ વિવિધ વિકલ્પો પ્રસ્થાપિત કર્યા છે, જે નીચે જણાવ્યા મુજબ છે.:

- કસ્ટમર પોર્ટલ : connect.torrentpower.com
- મોબાઈલ એપ્લિકેશન : torrent power connect
- ૨૪x૭ હેલ્પલાઈન સુવિધા : ૯૦૯૯૯૯૧૯૧૨, ૧૮૦૦૨૩૩૯૫૦૦, ૧૯૧૨૬, ૧૮૦૦૨૭૦૫૫૫૧
- ઈ-મેઈલ સુવિધા : connect.dnhdd@torrentpower.com
- ગ્રાહક સેવા કેન્દ્રો : દમણ : પહેલો માળ, પાવર હાઉસ બિલ્ડિંગ, નાની દમણ; દીવ : દમણ અને દીવ સ્ટેટ કો.ઓ. બેન્ક પાસે, ફુદામ; સિલવાસા : ૧૦૯, વિદ્યુતભવન, સિલવાસા; ખાંડવેલ : ખુટતી કોલોની, ખાનવેલ
- 'ટોરેન્ટ પાવર આપના દ્વારે' કાર્યક્રમ અને 'Doorstep' સુવિધાઓ : નિયમિત ધોરણે પંચાયતો ઉપર તથા જરૂરિયાત મુજબ

આ સુવિધા ઉપલબ્ધ કર્યા પછી ગ્રાહક અસંતુષ્ટ હોય તો તેઓ 'ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ'નો નીચે જણાવેલ માહિતીમાંથી પસંદ કરી સંપર્ક કરી શકે છે.

| દમણ | દીવ | સિલવાસા |
|---|---|---|
| બીજો માળ, પાવર-હાઉસ બિલ્ડીંગ, સત્ય નારાયણ મંદિર પાસે, નાની-દમણ, દમણ-૩૯૬૨૧૦ | દમણ અને દીવ સ્ટેટ કો.ઓપ.બેન્ક લિ. પાસે, ગંગેશ્વર મહાદેવ રોડ, ફુદામ, દીવ-૩૬૨૫૨૦ | રૂમ નં.૧૦૨, વિદ્યુત ભવન, સિલવાસા-૩૯૬૨૩૦ |

ફોન નં.: ૬૩૫૭૫૫૭૭૭૭ I ઇ-મેઇલ: consumerforumdnhdd@torrentpower.com



વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક



**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વલસાડ સાંસદ ધવલભાઈ પટેલ અને ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને જીતુભાઈ ચૌધરીની રજૂઆત બાદ લાંબા સમયથી બંધ રહેલ કરંજવેરી પુલ ફરી કાર્યરત થયો






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**

છેલ્લા લાંબા સમયથી બંધ રહેલા કરંજવેરી પુલને લઈને વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ અને ધારાસભ્યો અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવેલી સક્રિય રજૂઆતોના અંતે આ પુલને વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ નિર્ણયથી ધરમપુર, વાંસદા અને ખેરગામ વિસ્તારના હજારો નાગરિકો તેમજ વિદ્યાર્થીઓને પડતી હાલાકીનો અંત આવ્યો છે.

ગયા વર્ષે ચોમાસા દરમિયાન રસ્તાઓની બિસ્માર હાલત અને સલામતીના કારણોસર કરંજવેરી સહિતના કેટલાક પુલો પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. આના પરિણામે ધરમપુર, વાંસદા અને ખેરગામ વચ્ચે અવરજવર કરતા લોકોએ લાંબો ફેરો કરવો પડતા હતો. સ્થાનિક વિદ્યાર્થીઓને શાળા-કોલેજ જવા માટે ભારે હાલાકી ભોગવવી પડતી હતી, સમય અને ઈંધણનો વ્યય થતો હતો.

આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને સાંસદ ધવલભાઈ પટેલે છેલ્લા એક વર્ષથી સતત ફોલોઅપ લીધું હતું તેમણે આ અંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, સ્થાનિક ધારાસભ્યા અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ સાથે મળીને રજૂઆતો કરી હતી. કલેક્ટર અને નેશનલ હાઈવે ઓથોરિટી સાથે પરામર્શ કરીને પુલને ઝડપથી રિપેર કરી કાર્યરત કરવા દબાણ કર્યું હતું.

NH-48, NH-56 અને NH-૮૪૮ જેવા મહત્વના રસ્તાઓના કામો પણ ગતિમાં લાવવા માટે સક્રિય ભૂમિકા ભજવી હતી.

સાંસદ ધવલભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, NH-56 ના રિપેરિંગનું કામ પણ હાલ પૂરા જોશમાં ચાલી રહ્યું છે અને આગામી ટૂંક સમયમાં તે પણ પૂર્ણ કરવામાં આવશે, જેનાથી સમગ્ર વિસ્તારની કનેક્ટિવિટીમાં મોટો સુધારો થશે.

કરંજવેરીનો પુલ ખુલ્લો થવાથી હવે રાહદારીઓ અને વાહનચાલકોને લાંબો ચકરાવો લેવો નહીં પડે. લોકો હવે સીધા જ આ પુલનો ઉપયોગ કરી પોતાના નિર્ધારિત સ્થળે પહોંચી શકશે.

# વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં શરૂ થશે નવી સીટી બસ સેવાઃ નવી ૨૦ સીટી બસો કાર્યરત થશે



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**

વાપી મહાનગરપાલિકા દ્વારા અગામી દિવસો મનપા સંચાલિત સીટી બસ સેવા સુદ્દઢ થવાની તૈયારી શરૂ થઈ રહી છે. મનપાના તમામ વિસ્તારોને સાંકળી લેતી નવી ૨૦ બસો દોડતી થઈ થશે તે માટે નવા બસ ઓપરેટરની પણ નિમણૂક કરી કોન્ટ્રાક્ટ આપી દેવાયો છે.


હાલમાં વાપી શહેરમાં સીટી બસ સેવા ચાલી રહી છે. પરંતુ આ સેવા સિમિત છે. મર્યાદિત રૂટ ઉપર બસો દોડી રહી છે, પરંતુ અગામી સમયે મનપા વિસ્તારના તમામ સમાવેશ ૧૨ ગામોમાં સીટી બસ સેવા ઉપલબ્ધ થશે. તેવું આયોજન કરવામાં આવ્યું છે પી.પી.પી મોડલ આધારિત છે. હાલમાં પટેલ ટ્રાવેલ્સ સાથે કોન્ટ્રાક્ટ કાર્યરત છે. પરંતુ નવા નાણાકિય વર્ષમાં સીટી બસ સેવા માટે આઝાદ રોડવેઝ પંજાબને ટેન્ડર અપાયું છે. તે અનુસાર નવી ૨૦ બસો રોડ ઉપર દોડતી થશે.

ઉલ્લેખનીય છે કે, સીટી બસમાં વધુમાં વધુ ૧૦ રૂપિયા ભાડુ હશે. વાપીમાં ચોતરફ થઈ રહેલા વિકાસ આધિન સીટી બસ સેવાની તાતી જરૂરીયાત છે. બીજી તરફ રીક્ષાવાળા મો માંગ્યા બેફામ ભાડા માંગતા રહે છે. તેમાંથી શહેરીજનોને મુક્તિ મળશે. શહેરની આંતરિક અવરજવર સીટી બસ સેવાથી વધુ સુલભ અને સરળ બનશે.

# ધરમપુરમાં કાર્યરત સ્નેક રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા સાપના ઝેરની હરાજી કરાઈ

## ગુજરાત સરકાર સર્પદંશની દવા-ઈન્જેક્શન બનાવશે





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**

ગુજરાત સરકાર દ્વારા ધરમપુર ખાતે સ્થાપિત સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તાજેતરમાં થઈ સાપોનાં ઝેરની હરાજી, જેમાં ઝેરની ઉચ્ચ ગુણવત્તાને કારણે અપેક્ષા કરતાં વધુ કિંમત મળી હતી. સર્પ સંશોધન કેન્દ્ર ગુજરાતમાં જોવા મળતી ઝેરી સાપની પ્રજાતિઓમાંથી ઝેર એકત્રિત કરીને એન્ટિવેનમ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારત સર્પદંશથી માનવ મૃત્યુ અટકાવવા માટે રાષ્ટ્રીય કાર્યયોજના જાહેર કરનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૨૪માં 'નેશનલ એકશન પ્લાન ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ સ્નેકબાઈટ એન્વેનોમિંગ (NAP-SE)નો કાર્યક્રમ લોન્ચ કર્યો હતો.

ગુજરાત રાજ્યમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુને ઘટાડવા માટે ગુજરાત સરકાર પાસે ટૂંક સમયમાં રાજ્યમાં જોવા મળતા ઝેરી સાપોમાંથી જ બનાવેલું એન્ટિવેનમ ઉપલબ્ધ થશે. સર્પદંશથી થતા માનવ મૃત્યુઓને ઘટાડવા માટે આ પગલું અસરકારક સાબિત થશે.

# વાપી છરવાડામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ શતાબ્દી વર્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**

વાપી ખાતે લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા આયોજિત 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શતાબ્દી વર્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ'નું ઉદ્ઘાટન કરી તમામ ઉત્સાહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રસંગે નવસારી વિભાગ સંઘચાલક શ્રી પ્રકાશભાઈ ગાલા, વલસાડ જિલ્લા સંઘચાલક શ્રી આનંદભાઈ, વાપી શહેર ભાજપ પ્રમુખ શ્રી મનિષભાઈ દેસાઈ, વીઆઈએ પ્રમુખ અને વલસાડ જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ શ્રી સતિષભાઈ પટેલ તેમજ લઘુ ઉદ્યોગ ભારતીના જિલ્લા પ્રમુખ શ્રી મેહુલભાઈ પટેલ, પૂર્વ નોટીફાઈડ ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલ, નોટિફાઈડ વાપીના ચેરમેન શ્રી યોગેશભાઈ કાબરીયા, લઘુ ઉદ્યોગ ભારતીના જિલ્લાના સંગઠનના મિત્રો તેમજ જિલ્લા અંતર્ગત આવતી સાતે સાત એકાઈના પ્રમુખ અને એમની ટીમો હાજર રહી હતી.

# વલસાડ કોમ્પલેક્ષમાં આગ લાગીઃ ઉપર હોલમાં લગ્ન ચાલતા હતા પરંતુ સતર્કતાથી આગની મોટી ઘટના ટળી

## દશેરા ટેકરી નર્મદા સાંસ્કૃતિક હોલના પાર્કિંગમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**

વલસાડમાં આજે સોમવારે ૧૧ વાગ્યાના સુમારે દશેરા ટેકરી પાસે આવેલ નર્મદા સાંસ્કૃતિક હોલના પાર્કિંગમાં શોર્ટ સર્કિટથી અચાનક આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી.

વલસાડ દશેરા ટેકરી પાસે આવેલ નર્મદા સાંસ્કૃતિક હોલમાં આજે લગ્ન પ્રસંગ ચાલી રહ્યા હતા. તે દરમિયાન નીચે પાર્કિંગમાં અચાનક શોર્ટ સર્કિટથી આગ ભભૂકી ઉઠી હતી. પરંતુ ગ્રાઉન્ડ ફલોરના દુકાનદારોએ સતર્કતા વાપરી ફાયર ઈન્સ્ટ્રુમેન્ટથી આગ બુઝાવાનું ચાલી કરી દીધુ હતું. આગની જાણ પાલિકા ફાયરને કરવામાં આવી હતી. તેથી ફાયરની ગાડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગ બુઝાવવાની જહેમત શરૂ કરી હતી. જાહેર સલામતિને લઈ તુરંત હોલ ખાલી કરાવાયો હતો. લગ્ન પ્રસંગમાં અચાનક ઘટેલી ઘટનાને લઈ લગ્નનો આનંદ છીનવાઈ ગયો હતો. જોકે લોકો અને દુકાનદારોની સમય સૂચકતાથી મોટી આગની ઘટના ટળી હતી.

# કપરાડાનાં અસ્ટોલ અને ઘોટણ ગામમાં હિંદુ સંમેલન યોજાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ધરમપુર, તા.૨૩**

કપરાડા તાલુકાના અસ્ટોલ અને ઘોટણ ગામમાં શનિવારના રોજ સમસ્ત હિન્દુ સમાજ દ્વારા હિન્દુ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.ગામના આગેવાનો, સરપંચો અને યુવા વર્ગના સક્રિય પ્રયત્નોથી તથા પૂજ્ય સંતોના આશીર્વાદ હેઠળ આ સંમેલન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

કાર્યક્રમની શરૂઆત હરિ પાઠથી કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સંચાલિત પાઠદાન કેન્દ્રના બાળકો દ્વારા સ્વાગત ગીત અને સાંસ્કૃતિક નૃત્યની સુંદર પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. સાથેસાથે ભાઈઓ અને બહેનો દ્વારા પરંપરાગત તારપા નૃત્યની વિશિષ્ટ રજૂઆત પણ સૌનું ધ્યાન ખેંચતી રહી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લા કાર્યવાહ શ્રી મહેશભાઈ પટેલે પોતાના ઉર્જા સભર વક્તવ્યમાં પંચ પરિવર્તનના વિષય પર પ્રકાશ પાડ્યો અને હિન્દુ સમાજને વધુ એક્તાબદ્ધ બની સંઘ અને સમાજ કાર્યોમાં જોડાવા માટે પ્રેરિત કર્યુ હતું.

સંમેલન દ્વારા ગામોમાં ધાર્મિક ગૌરવ, રાષ્ટ્રપ્રેમ અને હિન્દુ સંસ્કૃતિ પ્રત્યેની નવી જાગૃતિનો સંદેશ વ્યાપક રીતે ફેલાયો હતો.

# વાપી આર.કે. દેસાઈ કોલેજમાં માતૃભાષા મહોત્સવ ઉજવાયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને કે.આર.દેસાઈ પી.ટી.સી.કોલેજ તથા આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે તાલીમાર્થીઓ દ્વારા તા.૨૦મી ફેબ્રુઆરીના દિવસે માતૃભાષા 'માતૃભાષા સપ્તાહ' અંતર્ગત વાપીમાં 'માતૃભાષા મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે આર.કે.દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટના કેમ્પસ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહ તેમજ આચાર્ય શ્રીમતી સરોજબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તાઓ તરીકે આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના અધ્યાપિકા ડો.સારિકા પટેલ અને ડો. વૈશાલી દેસાઈ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. ડૉ.સારિકા પટેલ 'ગુજરાતી ભાષાની ગરિમા' અને ડૉ.વૈશાલી દેસાઈ 'માતૃભાષાની ઓળખ અને મહત્વ' વિષય પર પોતાની સરળ ભાષા શૈલીમાં પ્રવચનો આપ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રા.પિયુષભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. બી.એડ.કોલેજના તાલીમાર્થીઓ દ્વારા સુંદર કૃતિઓ જેવી કે સ્વાગત નૃત્ય, ગરબો, સમૂહ ગીત વગેરે રજૂ થયા હતા. તાલીમાર્થીઓમાં સર્જનાત્મક શૈલીનો વિકાસ થાય એ હેતુથી પોસ્ટર મેકિંગ અને કાવ્ય લેખન સ્પર્ધાનું પણ આયોજન થયું હતું.જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ તમામ સ્પર્ધાઓના વિજેતા તાલીમાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના સંયોજક તરીકે બી.એડ કોલેજના આચાર્ય ડૉ. પ્રીતિ ચાહણે સુંદર કાર્યક્રમના આયોજન બદલ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, આર.કે દેસાઈ બી.એડ. કોલેજ, કે.આર.દેસાઈ પી.ટી.સી. કોલેજ પરિવાર આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમના અંતે અલ્પાહાર અને 'મારા હસ્તાક્ષર, મારી માતૃભાષામાં' પ્રવૃત્તિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી મિલનભાઈ દેસાઈ તથા સર્વ આર. કે. દેસાઈ પરિવારના અધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# સંત નિરંકારી મિશન 'પ્રોજેક્ટ અમૃત': દેશભરમાં ૧૬૦૦થી વધુ તથા વલસાડ જિલ્લામાં ૧૮ સ્થળોએ જળ સ્ત્રોતોની સફાઈ કરાઈ

## ભક્તિ ફક્ત શબ્દોમાં જ નહીં કર્મોથી પ્રગટ થાયઃ નિરંકારી સતગુરુ માતા સુદીક્ષા મહારાજ















**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૩**

પ્રોજેક્ટ અમૃતના હેઠળ 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાનના ચોથા તબક્કાનું ભવ્ય તથા પ્રેરણાસ્પદ આયોજન સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિતજીના માર્ગદર્શન હેઠળ ભારતભરના ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૯૩૦ શહેરોમાં ૧૬૦૦થી વધુ સ્થળોએ સફળતાપૂર્વક પૂર્ણ થયું, જેમાં લગભગ ૧૨ લાખ સ્વયંસેવકોએ ભાગ લીધો.

વલસાડ જિલ્લામાં ૧૮ સ્થળોએ આ અભિયાન ચલાવવામાં આવ્યું, જેમ કે પરિયા તળાવ કિનારો તેમજ સ્મશાનભૂમિ, ઘગાડમાલ તળાવ કિનારો, પારડી ઐતિહાસિક કિલ્લો, કપરાડામાં વરવટ કોલકનદી કિનારો તેમજ સ્મશાનભૂમિ, બાલચુડીમાં કાકડકોપર સ્મશાનભૂમિ, વાપીમાં રાતા ખાડી કિનારો, પંડોર ખાડી કિનારો તેમજ સ્મશાનભૂમિ, સેલવાસમાં લવાછા દમણગંગા નદી કિનારો તેમજ સ્મશાનભૂમિ, ગલોંડામાં જનાથિયાપાડા ચેકડેમ કિનારો તેમજ સ્મશાનભૂમિ, કરચગામમાં ડુંગર ખાડી ચેકડેમ કિનારો, દમણમાં બ્રાહ્મણપૂજા નદી કિનારો તેમજ સ્મશાનભૂમિ, ભિલાડ તળાવ કિનારો, રેલ્વે સ્ટેશન તેમજ બ્રાહ્મણપાડા સ્મશાનભૂમિ, માંડામાં નગામ તળાવ કિનારો, સ્મશાનભૂમિ તેમજ નગામ આરોગ્ય કેન્દ્ર અને ઉમરગામમાં વારોલી નદી કિનારો તેમજ ભવન પરિસર, દાંતીમાં દરિયા કિનારો, વલસાડ-ડુંગરી સરકારી હોસ્પિટલ પરિસર, અતુલ પારનદી કિનારો તેમજ સ્મશાનભૂમિ, વલસાડમાં તિથલ દરિયા કિનારોનાં જળસ્ત્રોતોની સફાઈ કરવામાં આવી હતી.

સંત નિરંકારી મિશનની સામાજિક શાખા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના નેતૃત્વ હેઠળ, બાબા હરદેવ સિંહજીની અનેક શિક્ષાઓથી પ્રેરણા લઈને 'પ્રોજેક્ટ અમૃત'નું આયોજન કરવામાં આવ્યું. આ પરિયોજના માનવતાને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનાવીને જળ સંરક્ષણ, સ્વચ્છતા અને પર્યાવરણ સંતુલન પ્રત્યે સામૂહિક સંકલ્પનો સંદેશ આપે છે.

આ અવસર પર દિલ્હીમાં આયોજિત વિશેષ સત્સંગ કાર્યક્રમમાં સત્ગુરુ માતા સુદીક્ષાજી મહારાજે તેમના અમૃતમય પ્રવચનોમાં કહ્યું કે બાબાજીની શિક્ષાઓ માત્ર યાદ રાખવા માટે નથી, પરંતુ જીવનમાં ઉતારવા માટે છે. સત્ગુરુ માતાજીએ કહ્યું કે સાચી શ્રદ્ધાંજલિ શબ્દોમાં નહીં, કર્મો થી આપવામાં આવે છે. જો આપણે પોતાને તેમના અનુયાયી કહીએ છીએ, તો આપણે આત્મમંથન કરવું પડશે કે શું આપણે વાસ્તવમાં પ્રેમ, સેવા, કરુણા અને સમદૃષ્ટિ જેવા માનવીય ગુણોને જીવનમાં ધારણ કરી રહ્યા છીએ. બાબા હરદેવ સિંહજી મહારાજનું સમગ્ર જીવન માનવ કલ્યાણને સમર્પિત રહ્યું. તેમણે શીખવ્યું કે સેવા, સુમિરણ અને સત્સંગ જીવનનો આધાર છે. ભક્તિ માત્ર વાણી સુધી મર્યાદિત ન રહે, પરંતુ વ્યવહારમાં ઝળકે - આ જ તેમનો સ્પષ્ટ સંદેશ હતો.

સત્સંગમાં આ આહ્વાન કરવામાં આવ્યું કે દરેક શ્રદ્ધાળુ તન-મન-ધનને નિરાકારની દેન માનીને નિષ્કપટ ભાવથી સેવામાં જોડાય. જ્યારે સેવા સ્વાર્થરહિત હોય, ત્યારે જ તે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવે છે. અંતમાં એ જ કામના કરવામાં આવી કે બાબાજીની શિક્ષાઓ દરેક હૃદયમાં જીવંત રહે અને હેલ્થ સિટી જેવા પ્રકલ્પ માનવતાની ભલાઈ માટે નવા આયામ સ્થાપિત કરે.

સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના સચિવે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું કે આ અભિયાનનો શુભારંભ સેવાદળના પ્રાર્થના ગીતથી થયો, જેથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી ભરપૂર થઈ ઊઠ્યું. આ અવસરે દેશભરમાં પ્રસારિત દિશા-નિર્દેશોનું પૂર્ણ પાલન કરીને સુરક્ષા, અનુશાસન અને સ્વચ્છતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી, જે આયોજનની સુવ્યવસ્થિત અને સંસ્કારિત કાર્યશૈલીને દર્શાવે છે.